
# श्री स्वामिनारायण मंदिर

February '08 Rs. 5/-




ગઢપુર શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજની આરતી ઉતારતા શ્રીહરિના ત્રણે અપર સ્વરુપો


પ્રકાશક: શ્રી સ્વામિનારાયણ મંદિર, અમદાવાદ-૧ Publisher:- Shree Swaminarayan Temple, Ahmedabad-1



ચરાડવા મંદિરમાં પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ દર્શન



ગઢપુર સંત મંડળ સાથે દર્શનાર્થે પધારેલા પ.પૂ.આચાર્ય મહારાજશ્રી



ગોવિંદપુરા (વેડા)શાકોત્સવ પ્રસંગે સભામાં પ્રસન્ન થકા આશીર્વાદ વરસાવતા પૂ. મહારાજશ્રી



મહેસાણા મંદિરમાં "ખીચડી ઉત્સવ" પ્રસંગે પૂ. મહારાજશ્રીના આશીર્વચન



ડાંગરવા (પાટીદાર) મંદિરમાં અન્નકૂટ આરતી ઉતારતા પૂ. લાલજી મહારાજ



ાણા પ.ભ. નંદુભાઈ પટેલ(મોટપવાળા) ને ત્યાં લગ્ન સંગે આશીર્વાદ આપતા પ.પૂ. મોટા મહારાજશ્રી



જમીયતપુરા પ્રભાહનુમાનજી મંદિર પારાયણ પ્રસંગે પ.પૂ.મોટા મહારાજશ્રીની નિશ્રામાં ઉદ્બોધન કરતા ઘનશ્યામ સ્વામી




**સંસ્થાપક**

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ
પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮
શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી
**શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ**
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.
ફોન : ૨૭૪૯૯૫૯૭ - ૯૮૨૫૩૦૯૫૯૭
ફેક્સ : ૨૭૪૧૯૫૯૭

**ફોન**

૨૨૧૩૩૮૩૫ (મંદિર)
૨૭૪૭૮૦૭૦ (સ્વા. બાગ)
ફેક્સ : ૦૭૯ ૨૭૪૫૨૧૪૫

**શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ**
**પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮**
**શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી**
તંત્રી શ્રી
સ્વામી નારાયણસ્વરૂપદાસજી (મહંત સ્વામી)

**પત્રવ્યવહાર**

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ મંદિર,
કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩૨૧૭૦, ૨૨૧૩૬૮૧૮.
ફેક્સ : ૨૨૧૭૬૯૯૨.
www.swaminarayan.info
**એડ્રેસમાં ફેરફાર કરવા**
E-mail : manishnvora@yahoo.co.in

**લવાજમ**

વાર્ષિક : રૂા. ૫૦-૦૦
વંશ પરંપરાગત
દેશમાં રૂા. ૫૦૧-૦૦
વિદેશમાં :રૂા. ૫૦૦૦-૦૦
છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

**શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર**


વર્ષ - 1 | અંક : 10 | ફરવરી -2008


## અ નુ ક્ર મ ણિ કા



| | | |
|---|---|---|
| ૧. | અસ્મદીયમ્ | ૨ |
| ૨. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | 3 |
| 3. | આનંદની હેલી : હરિને રીઝવવાની અલૌકિક રીત | ૫ |
| ૪. | હે યુવાનો !! | ૬ |
| ૫. | ચરણ સુખ | ૮ |
| ૬. | વચનામૃત - કારીયાણી | ૧૦ |
| ૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ | ૧૨ |
| ૮. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો દિવ્ય પ્રવાસ | ૧૪ |
| ૯. | સત્સંગ સુરભિ : "સુખના સૂરજ બની આવ્યા સહજાનંદ" | ૧૮ |
| ૧૦. | સત્સંગ બાલવાટિકા<br>(૧) તમે ક્યારે નિવૃત્તિ લેશો ?<br>(૨) કથામાં સાંભળેલું કામ લાગ્યું | ૨૦ |
| ૧૧. | ભક્તિસુધા<br>(૧) અમે તમને જ જગાડીએ છીએ<br>(૨) મહારાજની મૂર્તિનું ધ્યાન | ૨૨ |
| ૧૨. | પ્રશ્નપેટી | ૨૫ |
| ૧૩. | સત્સંગ ચમાચાર | ૨૬ |



**: સંપાદક, મુદ્રક અને પ્રકાશક :**

મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા
શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે
શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.

# अस्मदीयम्



## તંત્રીશ્રીની કલમે....

શિક્ષાપત્રીમાં શ્રીજી મહારાજે નિત્ય પ્રત્યે મંદિરે જવાની આજ્ઞા કરી છે. ત્યાં ભગવાનનાં જ્યારે દર્શન કરીએ ત્યારે મને સહિત દ્રષ્ટિને એકાગ્ર રાખીને દર્શન કરવાં. દર્શનના સમયે વૃત્તિને તોડીને આડી-અવળી ઉંચી નીચી દ્રષ્ટિ કરવી નહિ. તથા સહદર્શનાર્થી સાથે બોલવા કે પરસ્પર જય સ્વામિનારાયણનો વ્યવહાર પણ દર્શન સમયે ઉચિત નથી. જેમ કોઈ શ્રેષ્ઠ મનપસંદ મનમોહક વસ્તુને પહેલીવાર જોવાનું આકર્ષણ હોય તેમ નવીનને નવીનતમ અલૌકિકપણું રાખીને એક દ્રષ્ટિથી મૂર્તિને જોવી. આ મૂર્તિ તો પ્રત્યક્ષ મહારાજ સાક્ષાત્ વિદ્યમાન અનંત મુક્તો અડખે પડખે સેવામાં ખડેપગે ઉભા છે. મૂર્તિમાંથી સૂર્ય જેવા સફેદ રોમે રોમે તેજની છટાઓ છૂટે છે. ચરણ કમળથી માંડીને એક એક અંગને નિરખતાં નિરખતાં આપણા અને મહારાજના નેત્રો સામા સામી મળી જાય. અને અલંકાર વસ્ત્રો, પુષ્પોના હાર, પાઘ-મુગટને નિરખી નિરખીને દ્રષ્ટિ પલટાવી ને તેવી ને તેવી મૂર્તિને અંતરમાં હૃદયાકાશમાં ઉતારવી. સમયનો અવકાશ હોય ત્યાં સુધી નિરખતાં જ રહેવું. જાણે પહેલીવાર જ મહારાજને મળી રહ્યા છીએ તેવી તીવ્રતા - આતુરતા - ઉત્સુકતા રાખવી. અહો અહોપણું તો દિવસે દિવસે વધારતા જ રહેવું. દર્શન કરીને ભગવાન મુક્તો સહિત ઉભા છે એવો ભાવ રાખીને પાંચ પરિક્રમા કરવી. જમણા હસ્તથી ડાબા હસ્ત તરફ ફરવું. પછી મહારાજ સામે ઉભા છે એવો ભાવ રાખીને સાષ્ટાંગ દંડવત પ્રણામ પુરુષોએ અને બહેનોએ પંચાંગ પ્રણામ કરતાં કરતાં બન્ને હાથ મહારાજના ચરણોનો સ્પર્શ કરવાનો ભાવ કરવો. દર્શન કરવામાં આગળ કે મધ્યમ કે પાછળના ક્રમે રહીને દર્શન કરવાનો મોકો મળે તેમાં કોઈ આગ્રહ દુરાગ્રહ ન રાખવો. પ્રત્યેકને સમાન લ્હાવો જ ભગવાન આપે છે. વ્યવસ્થાપકો આગળના ક્રમે દર્શન કરવાની તક આપે પણ ભગવાન તો આપણે કેવા દર્શન કરીએ છીએ તેના પરથી પ્રસન્ન થાય છે.

દર્શનના આનંદને યાદ કરતાં તથા મહારાજની મૂર્તિને સંભારતા સંભારતાં મંદિરની ધજા-કળશનાં દર્શન કરી નમસ્કાર કરીને યથા શક્તિ ભેટ અર્પણ કરી પોત પોતાને સ્થાને જવું.

મંદિરમાં મૂર્તિનું સ્વરૂપ કોઈપણ હોય પણ તેમાં આપણા ઈષ્ટદેવ સર્વોપરિ શ્રી સ્વામિનારાયણ ભગવાનને જ નિહાળવા. પ્રત્યેક સ્વરૂપમાં ઈષ્ટદેવ રહ્યા છે. એવો ભાવ રાખીને દર્શન કરવા.

મંદિરમાં દર્શન કર્યા બાદ કથા વાર્તા સાંભળ્યા વગર પાછા વળવું જ નહિ. કદાચ કથાનો સમય ન હોય તો કીર્તન તો અવશ્ય ગાવું કે સાંભળવું. કથા કે કીર્તન વગરનાં દર્શન પૂર્ણ દર્શન કહેવાય નહિ. માટે અવશ્ય કથા-કીર્તનનો આગ્રહ રાખવો. શિખરબધ્ધ મહામંદિરમાં કે હરિમંદિરમાં દર્શને જઈએ ત્યારે આ પ્રકારે દર્શન કરીએ તેને જ સાચા અર્થમાં દર્શન કહેવાય છે. તેના જેવા દર્શન થયાં હોય તેવાં દિવસમાં પાંચવાર શણગાર સહિત આરતીના દર્શન ભૂલાઈ જાય તો ફરીથી દર્શન કરવાના રહે છે.

શ્રીહરિએ સારંગપુરના બીજા વચનામૃતમાં આ વાતની ખાસ નોંધ કરી છે. તો આપણા શ્રી સ્વામિનારાયણ માસિકના વાચકોને ઉપર જણાવેલ પ્રમાણે દર્શન કરવા અમારી આગ્રહ ભરી સવિનય વિનંતી સહ પ્રાર્થના.

**તંત્રી શ્રી (મહંત સ્વામી)**
સાધુ નારાયણસ્વરૂપદાસના
જયશ્રી સ્વામિનારાયણ



# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ

**(જાન્યુઆરી - ૨૦૦૮)**

**૧.** કાશીન્દ્રા ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

**૫-૬.** મુંબઈ વિલેપાર્લે આપણા ભુજ (કચ્છ) મંદિર સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભૂવન-ઠાકોરજીના દશાબ્દી પાટોત્સવ પ્રસંગે પધાર્યા.

**૭.** વેડા (ગોવિંદપુરા) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૮.** મૂળીમાં પ્રસાદીની જ્ઞાનવાવે શાકોત્સવ પોતાના વરદ્ હસ્તે કર્યો.

**૯.** બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર ધૂન પ્રસંગે પધરામણી.

બાલવા ગામે પ.ભ. અંબાલાલ છગનલાલ પૂંજાજી ચૌધરી તરફથી આયોજીત શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૧૦.** ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૧૧.** મહેસાણા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૧૨.** રાજપુર (કડી) ગામે પારાયણ પ્રસંગે પધરામણી.

**૧૩.** કોટક ફાર્મ ધુમા ગામે પધરામણી.

**૧૫.** અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર ધનુર્માસ ધૂનની પૂર્ણાહુતિ પોતાના વરદ્ હસ્તે ધામધૂમથી સંપન્ન થઈ.

પ.ભ. રસિકભાઈ દયાળજીભાઈ સોની (માણેક જ્વેલર્સવાળા)ને ત્યાં પધરામણી, નારણપુરા.

પ.ભ. દિપકભાઈ ઘનશ્યામભાઈ પટેલને ત્યાં પધરામણી, નવરંગપુરા.

**૧૬.** મોટેરા ગામમાં હરિભક્તને ત્યાં પધરામણી.

પ.ભ. હર્ષદભાઈ એલ. પાટડીયાને ત્યાં પધરામણી, રતનપોળ.

પ.ભ. કમલેશકુમાર વી. સોનીને ત્યાં પધરામણી, રતનપોળ.

**૧૭.** પ.ભ. કિશોરભાઈ મકવાણાના રોટોફીલ્ટ એન્જી. પ્રા.લી.માં પધરામણી, વટવા.

પ.ભ. ભીખાભાઈ શીવરામભાઈ પ્રજાપતિને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ચાંદખેડા.

પ.ભ. ધીરજકુમાર રતિલાલ ઠક્કરને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, ઓઢવ.

વિરાટનગર શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) પધાર્યા.

**૧૮.** નવાવાડજ શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૧૯.** સંતદીક્ષા વિધિ પોતાના વરદ્ હસ્તે આપી.

**૨૦.** ગુલાબપુરા ગામે પ.ભ. ગાંડાભાઈ કાળીદાસ પટેલ આયોજીત પારાયણ પ્રસંગે પધરામણી.

શ્રી સ્વામિનારાયણ મંદિર જીવરાજપાર્ક પધરામણી.

**૨૧.** વસઈ ડાભલા શ્રી સ્વામિનારાયણ મંદિર, શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૨૨.** શ્રી સ્વામિનારાયણ મંદિર જામફળવાડી પધરામણી.

**૨૩.** મોરબી ગામે પ.ભ. હસમુખભાઈ ગોરધનભાઈ પટેલના સીટીઝન સિરામિકમાં શ્રી હનુમાનજી મહારાજની પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી. ત્યાં પ.ભ. ચંદુભાઈ દયાળજીભાઈ રાણપરાને ત્યાં પધરામણી.

**૨૪.** પ.ભ. મહેશભાઈ બાબુભાઈ પટેલને ત્યાં મહાપૂજા પ્રસંગે પધરામણી, શાહીબાગ.

શ્રી સ્વામિનારાયણ મંદિર અડાલજ શાકોત્સવ અને 'શ્રી સ્વામિનારાયણ વાડી' ના ભૂમિ પૂજન પ્રસંગે પધરામણી.

પ.ભ. ભરતભાઈ અંબાલાલ પટેલને ત્યાં અને અન્ય હરિભક્તોને ત્યાં પધરામણી, ચાંદલોડીયા.

**૨૫.** દેલવાડા શ્રી સ્વામિનારાયણ મંદિર શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૨૬.** પ.ભ. લક્ષ્મીચંદ મગનલાલ ઠક્કરને ત્યાં પધરામણી, જીવરાજપાર્ક.

શ્રી સ્વામિનારાયણ મંદિર વણઝર (સરખેજ) શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**૨૭.** ગઢપુર શ્રી ગોપીનાથજી હરિકૃષ્ણ મહારાજ, સારંગપુર કષ્ટભંજનદેવ અને કારિયાણી મંદિર દર્શનાર્થે પધાર્યા.

**૩૦.** શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ચૂડા (મૂળીદેશ) મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે પધરામણી.

**૩૧.** બદપુરા ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.

**પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીનો કાર્યક્રમ ગોઠવવા અંગે હરિભક્તો જોગ**

સમસ્ત સત્સંગને જાણ થાય જે, આપણા પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રીના પ્રસંગોપાત કાર્યક્રમ ને અનુલક્ષીને ગામડાઓ તથા શહેરના હરિભક્તોને નમ્ર સૂચન છે કે આપે ઓછામાં ઓછા ત્રણ માસ અગાઉ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પાસે તેઓશ્રીની ડાયરીમાં કાર્યક્રમ નોંધાવી જવો. જેની સર્વે સત્સંગને જાણ થાય.

પ.ભ. કોઠારીશ્રી/હરિભક્તો સમસ્ત
શ્રી સ્વામિનારાયણ મંદિર
ગામ/શહેર (સમસ્ત)

## "હરિભક્તો જોગ સંદેશ"

વિ. આપ સૌ સર્વાવતારી શ્રી સ્વામિનારાયણ ભગવાનની કૃપાથી કુશળ હશો અને સૌ હરિભક્તો મંદિરમાં સાથે મળી શ્રીજી મહારાજનું ભજન-સ્મરણ કરતા હશો.

આપ સૌ હરિભક્તો શ્રી નરનારાયણદેવ ગાદીના વફાદાર અને નિષ્ઠાવાન છો. નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે પાળો છો. છતાં દેશ કાળ અને સંજોગોને આધિન ક્યારેય ન થઈ જવાય તેનું વિશેષ ધ્યાન રાખશો. ખાસ તો આપણા મંદિરોમાં શ્રીજી મહારાજની આજ્ઞા મુજબ - સંપ્રદાય બહારના (વિમુખો) શ્રીહરિ પ્રસ્થાપિત બે ગાદી સિવાય કોઈ પણ પ્રકારની કંકોત્રી-પત્રિકા, કેલેન્ડર, ફોટાઓ લગાડવા કે ચોટાડવા નહીં. આજ્ઞા વગરનું પ્રકાશિત સાહિત્ય પણ રાખવું કે વાંચવું-વંચાવવું નહિ. તેમજ ફંડ ફાળો કે ઝોળી ઉઘરાવવા આવે તો આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આજ્ઞા પત્ર સિવાય કોઈને પણ આપવો નહી. તેનું ખાસ ધ્યાન રાખવું.

આજ્ઞાથી

# આનંદની હેલી

## હરિને રીઝવવાની અલૌકિક રીત

- શાસ્ત્રી હરિજીવનદાસ

ભગવાનની લીલા ન્યારી છે. એ ક્યારેક કેવું ચરિત્ર કરે, ક્યારેક હસે, ક્યારેક ખીજાય અને ક્યારેક ઉદાસ પણ થાય. તેમના બધા ચરિત્રો કલ્યાણકારી છે. ગીતાજીમાં કહ્યું છે કે -

"જન્મ કર્મ ચમે દિવ્યં એવં યો વેત્તિ તત્વતઃ,
ત્યકત્વા દેહ પુનર્જન્મ નેતિ મામેતિ સોઽર્જુનઃ.

શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે જે મારા જન્મ, કર્મ વગેરેને દિવ્ય જાણે છે તેને દેહ છોડીને પુનર્જન્મ લેવો પડતો નથી. તે ભગવાનને જ પામે છે.

આપણા માટે પ્રભુની બધી જ લીલાઓ દિવ્ય છે. એકવાર શ્રીજી મહારાજ રીસાયા. કોઈ બાજુમાં જઈ શકે નહિ. બિલકુલ કોઈની સાથે વાત ન કરે. અને જમવા પણ આવે નહિ. આમને આમ બપોરના બે વાગ્યા સુધી દાદા ખાચરના દરબારમાં કોઈ જમ્યા નહોતા. દાદા ખાચરના સાળા નાગમાલા નામે શરીરે બહુ કદાવર કાઠી હતા. તે બીતા બીતા મહારાજ પાસે જમવાનું કહેવા જાય. ત્યાં મહારાજ તેની સામે ડોળા કાઢે, એટલે એ પાછે પગે ભાગે અને અંગ મરડીને કેટલાંક ટીખળ કરીને વળી પાછા જમવાનું કહેવા આવે. ફરીથી મહારાજ ડોળા કાઢે. એટલે પાછો ભાગે અને અંગ મરડીને થોડું ટીખળ કરે. છતાં મહારાજ રાજી ન થયા.

દાદાખાચરે આ વાત બ્રહ્માનંદ સ્વામીને જણાવી. તેથી સ્વામીએ મહારાજને મનાવવા આખા શરીરે રાખ લગાવી. કેડે સીંદરી બાંધી અને સીંદરીમાં ઠીકરાના પાટુડી, દોણકા, લોટકા ને નાના હાંડલાં બાંધ્યા. પગે ઘૂઘરા બાંધ્યા. કેડમાં ઘૂઘરમાળ બાંધી. મોટું જાડું ધોકા જેવું હરણનું શીંગડું લીધું. માથે ભીંડીની જટા અને ભીંડીની દાઢી બાંધી. હાથમાં ચીપીયો અને એક ભગવી ધજા લીધી. આવો વેષ લઈને મહારાજ પાસે આવ્યા. અને નમસ્કાર કરીને બોલવા માંડ્યા- "નમો સહજાનંદને, નમો મુક્તાનંદને, નમો નિત્યાનંદને, નમો નાગમાલાને, નમો નગામાલાના ચૂલાને અને નમો નાગમાલાના ફૂલાને." આમ બોલીને જ્યાં નાગમાલો વાંકો વાંકો ચાલીને અંગ મરડીને ટીખળ કરતો હતો. સ્વામીએ તેના માથે હાંડલું ફોડ્યું..... ભડાંગ! પછી નાગમાલાને પ્રદક્ષિણા કરીને ઉપર પ્રમાણે બોલીને ફરીથી માથે હાંડલું ફોડે. ઘૂઘરા વગાડે. ચીપીયો પછાડે. અને ત્રીજી વખત ઉપરનું પદ બોલ્યા કે "નમો સહજાનંદને, નમો મુક્તાનંદને, નમો નિત્યાનંદને, નમો નાગમાલાના ચૂલાને, નમો નાગમાલાના ફૂલાને" એમ બોલી માથે હાંડલું ફોડી, ઘૂઘરા અખડાવી ચીપીયો પછાડીને ઊંચે સાદે બોલ્યા, આલેક..!

શ્રીહરિ હસીને કહે, એવું શું બોલ્યા સ્વામી ? સ્વામી કહે નાગમાલાના પદનું એવું જ નામાચરણ વળે છે. જુઓને આ નાગમાલો પાછે પગે ચાલીને ઢીંઢું મરડીને કેવો નાચ કરે છે. એમ કહીને સ્વામી નાગમાલાને પકડવા દોડ્યા. તેને ઝાલીને ઉભો રાખ્યો અને તેના માથે બાકી વધેલાં હાંડલા, દોડકાં, કુરડા વગેરે ધોકા મારી મારીને ઠીકરાંનો મોટો ઢગલો કર્યો. પછી પ્રભુને પ્રાર્થના કરી કે મહારાજ ! હવે તો રોંઢા ટાણું થયું છે. તો આ અલેકિયા બાવાને કૃપા કરીને થાળનો પ્રસાદ આપો. એમ ઊંચા અવાજે ત્રણવાર અલેક... અલેક.... અલેકની... ગર્જના કરીને તાંડવ નૃત્ય કર્યું. આ જોઈને મહારાજ ખૂબ હસ્યા, આનંદ-આનંદ છાઈ ગયો. પ્રભુ દરબારમાં જમવા પધાર્યા. બ્રહ્માનંદ સ્વામી ગંગાજળીયે કૂવે નાહી-ધોઈને પ્રભુ પાસે આવ્યા. દંડવત કર્યા. એટલે મહારાજે પ્રસાદીનો થાળ આપીને કહ્યું સ્વામી ! આમાંથી નાગમાલાને પ્રસાદી આપજો. "ના મહારાજ ! દાખડો મારો છે. એને તો મેં ઘણાય હાંડલા, દોણકાં, પાટુડાં, કુરડા વગેરે આપ્યા છે. પછી મહારાજે નાગમાલાને બોલાવીને બીજી પ્રસાદી આપી. આમ, દરબારગઢમાં સર્વત્ર આનંદ આનંદ થઈ રહ્યો.

**સમસ્ત સત્સંગને સર્વોપરિ શ્રી નરનારાયણદેવના પાટોત્સવના દર્શને પધારવા નિમંત્રણ**

સંપ્રદાયનું સૌ પ્રથમ મંદિર અમદાવાદ, કાલુપુરમાં ઈષ્ટદેવ શ્રીહરિએ બાથમાં લઈ સ્વસ્વરૂપ સર્વાવતારીશ્રી નરનારાયણદેવ સ્વઆશ્રિતોના મોક્ષ અને કલ્યાણ માટે પધરાવ્યા તે શ્રી નરનારાયણદેવનો પાટોત્સવ ફાગણ સુદ-૩ તા. ૧૦-૩-૨૦૦૮ને સોમવારના શુભ દિને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ષોડશોપચાર મહાભિષેક વેદ વિધિસર ધામધૂમથી સંપન્ન થશે. આ પ્રસંગના અલૌકિક દર્શનનો મહા લાભ લેવા પધારવા દેશ-વિદેશના સંત-હરિભક્તોને ભાવભીનું નિમંત્રણ છે. *(મહંત સ્વામી)*



# હે યુવાનો !!

- કોઠારી સ્વામી રામાનુજ દાસજી

સત્સંગમાં ચાલતાં યુવક મંડળો, બાળમંડળોની સભા, શિબિરો સત્સંગ પરીક્ષા કેન્દ્રો. એ આગળ વધવા માટેના સાધનો છે. જો સાચો પુરુષાર્થ કરીએ તો દરેક કાર્યોમાં સફળતા મળે છે. આપણે પણ લાંબાગાળાનું પરિણામ વિચારીને પ્રયત્નો કરવાનાં છે. માત્ર તત્કાલીન પરિણામ નજરમાં ન રાખતાં સતત સત્સંગ સેવાના પ્રયત્નો કરતાં રહેવાનાં છે.

આપણે દરેકનું કાર્ય-પસંદગી, શક્તિ, તેનો વિચાર કરીને તેને અનુરૂપ થઈને સત્સંગમાં ઝંપલાવવાનું છે. દરેક વ્યક્તિ પોતાનો ફૂરસદનો જે સમય કોઈને કોઈ રીતે પુરો કરતાં હોય છે. કોઈ સામાજીક પ્રવૃત્તિ વડે, તો કોઈ શૈક્ષણિક, કોઈ ટોળ-ટપ્પાં-ગપ્પાં વડે પુરો કરે છે. તેમાં કેટલાંક શોખ સ્વાસ્થયને, જીવનને હાનિકારક હોય છે. કેટલાંક શોખ જીવનમાં આગળ વધવાનો નવો રાહ બતાવે છે. કેટલાંક તમારા જીવનનાં ધ્યેય સુધી પહોંચવા માટેની સર્જન શક્તિમાં મદદરૂપ બને છે. આ રીતે સત્સંગમાં આગળ વધવું હોય તો એવી સભાઓ અને શિબિરો દ્વારા તે મળે છે. આ શિબિરોનાં સમયની પ્રવૃત્તિ આપણાં જીવનમાં તો મદદ કરે છે. પરંતુ સમાજ, પરિવારને પણ પોષણરૂપ બને છે. સત્સંગમાં વિકાસ કરવો હોય તો દિવસમાં એકાદ વખત, અઠવાડિયામાં એકાદ વખત યુવા શક્તિને સંગઠિત કરી સત્સંગ સભાનું આયોજન કરો. સમૂહમાં બેસીને આત્મીયતા કેળવાય. સત્સંગના પ્રશ્નોનું નિરાકરણ ને પોતાના પ્રશ્નોનું પણ નિરાકરણ થાય. એક બીજાના વિચારોની આપલે થતાં સત્સંગનું કાર્ય સરળ બને. યુવાનોએ પોતાના વિચાર સ્વપ્રની સૃષ્ટિમાંથી નિરાશાના વિચારોને તિલાંજલી આપી દેવી જોઈએ. સત્સંગની ઉન્નતિના વિચારો કરો. જે ગમતું ન હોય તેના વિચારો ક્યારેય કરશો નહિ. દરેક યુવાને પોતાની વિચાર સૃષ્ટિની અંદર જીવનની-સત્સંગની ઉન્નતિના વિચારો વાવશો તો એક દિવસ સત્સંગ મહેકી ઉઠશે. સત્સંગમાં જીવનમાં આગળ વધવા માટેના વિચારો સારા પુસ્તકોમાંથી, મહાપુરુષોનાં જીવનના ચિંતનમાંથી શીખજો, જીવનમાં બનેલા દુઃખદ અવસરોને ભૂલી જશો અને જીવનમાં જે સુખદ અનુભવો થયા હોય તેને યાદ રાખશો તો તમને જીવનમાં જરૂર મદદરૂપ થશે.

આ મોંઘો મનુષ્યદેહ મળ્યો છે તો કંઈક કરવા જેવું કામ કરી લેવું જોઈએ. આ સત્સંગમાં આપણે પ્રયત્ન કરીશું ત્યારે જ વિકાસ પામશું. દુનિયાનો વિકાસ પણ મનુષ્યના પ્રયત્નો વડે જ થયો છે. યુવાનો તમારામાં સત્સંગને આગળ ધપાવવાની મોટી શક્તિ પડી છે. તમે જરૂર આગળ વધી શકો તેમ છો. તમારા જીવનમાં નવી નવી શક્તિઓ ખીલવી શ્રીજી મહારાજ તથા નંદ સંતો તથા આચાર્ય મહારાજશ્રી, મોટા સંતો અને હરિભક્તોના સંકલ્પોને સાકાર કરી શ્રીજી મહારાજનો રાજીપો મેળવી શકો તેમ છો. તમે જાગ્યા ત્યારથી સવાર ગણી સત્સંગમાં નવી શરૂઆત કરો. તમે તમારા જીવનમાં આશા અને શ્રધ્ધાની જ્યોત વડે તમારું જીવન દીપવી જ્યોતને તેજસ્વી બનાવી શકો તેમ છો. તમો સત્સંગમાં ગામોગામ ઘરોઘર ફરીને યુવાનો અને બાળકોને શ્રીજી મહારાજની મૂળ ગાદીની ઓળખાણ કરાવી. ઉપાસના સમજાવી શકો તેમ છો. જીવનમાં સાચો માર્ગ સંસ્કાર વિના અધૂરો રહે છે. ઉદાહરણ તરીકે કોઈપણ અનાજનો લોટ જરાક પવન આવે તો ઉડી જાય. પરંતુ સ્ત્રીઓ તેમાં સંસ્કારોનું સિંચન કરી, પાણી ઉમેરી, ગોળો બનાવીને ટીપીને રોટલો બનાવી

શેકીને ઘી ચોપડે ત્યારે જગતનાં જીવોનો સ્નેહ પામે છે. સ્નેહ ત્યારે પામે જ્યારે લોટ સંસ્કાર પામે છે. એવી જ રીતે જીવનમાં સત્સંગ સભા અને શિબિરો દ્વારા સાચું ભાથું મળતાં જીવનની જૂની કૂટેવો, ખંખેરી, નવી ટેવોને વિકસાવશો તો જીવન દીપી ઉઠશે. વૃક્ષો પાનખરમાં પાન ખર્યા પછી બોડાં થઈ જાય છે. પરંતુ નવી કૂંપણે ફૂટતાં પાછા વસંતમાં ખીલી ઉઠે છે. તેમ હે યુવાનો ! તમારું જીવન અણમોલ છે. જે આવા સત્સંગમાં જોડાવાથી જ અંદર રહેલી ઉર્મિઓ ખીલી ઉઠશે. જીવન નવપલ્લવિત બની મહેંકી ઉઠશે.

જીવનનાં વિકાસમાં વાંચનનું ઘણું જ મહત્વ છે. વાંચનથી માનવનાં વિચારો પર અને વિચારોથી વર્તન પર અસર થાય છે. વારંવાર અશ્લીલ વાંચન કરવાથી સંસ્કારો બગડતાં ચારિત્ર્યતામાં શિથિલતા આવે. માટે મનને મક્કમ રાખી એવા હળવા સાહિત્યથી દૂર રહીએ તો માત્ર આપણું જ નહીં પણ આપણી પાછલી પેઢી એટલે કે સર્વનું શ્રેય થાય છે. હંમેશા સાત્વિક અને જીવનમાં ઉપયોગી સંતો અને ભક્તોના જીવનને લગતા પુસ્તકોનું વાંચન રાખશો તો ખરાબ સાહિત્ય હળવે હળવે દૂર થઈ જાય.

કહેવત છે કે **"Show me your books, I will read your character."** વાંચનની શક્તિ ખૂબ જ બળવાન છે. માટે યુવાનોએ પોતાના જીવન વિકાસ માટે સારા સતશાસ્ત્રોના વાંચનની ટેવ પાડવી.

આપણું આ જોબનવંતુ યુવા ધન જો નરનારાયણદેવ, આચાર્ય મહારાજશ્રી અને સંતો કે ભક્તોના માટે જો ઉપયોગી ના બને તો શું કામનું ? એના કરતાં તો ધરતી પર ન આવ્યા હોત તો સારું ? પ્રાણીઓનાં મરણ પામ્યા પછી અસ્થિ, દાંત, શિંગડા, ચામડી વગેરે ખૂબ ઉપયોગી થાય છે. જ્યારે માનવી મરી ગયા પછી શા કામનો ? સ્વ સેવા માટે પરસેવો પાડીએ તેમ પર-સેવા માટે સત્સંગની સેવા-કાર્ય કરવા માટે આળસ અને અવિવેક આપણને રોકે છે. દરેક યુવાને પોતાની શક્તિ અને સંપત્તિ અનુસાર સત્સંગમાં સેવાના કાર્યો કરવાં જોઈએ. ધર્મ, સંસ્કારથી જીવનને સુદૃઢ બનાવી સત્સંગ સેવામાં લગાડી દેવું. સ્વામિનારાયણ ભગવાનની પણ આજ્ઞા છે કે માતા-પિતા, ગુરુ, રોગાતુરની સેવા કરવી.

જે રીતે યુવકો કાર્ય કરી શકે તે જ રીતે યુવતીઓ પણ સત્સંગમાં કાર્ય કરી શકે છે.

યુવાન મિત્રો ! કોઈપણ વ્યક્તિ હોય કે સમાજ કોઈને પણ સાથ-સહકાર વિના ચાલતું નથી. સહકાર વિના ઉદ્ધાર નથી. સાચી સમજુતી આપનાર વિના જીવનમાં સફળતા મળતી નથી. યુવાનોની જીંદગીમાં સત્સંગરૂપી દિવેલ પુરી નવપલ્લવિત કરવામાં નિમિત્ત બનવું. તેજ જીવનની પ્રસન્નતા છે.

યુવાનોનું શરીર એટલે પાવર હાઉસ - એક જબરજસ્ત કાર્ય શક્તિનો સંગ્રહ, પરંતુ આજ કાલ શરીર કરતાં દેખાવ પર વધુ ધ્યાન આપવામાં આવે છે. યુવા શક્તિને કાયમ પ્રવૃત્તિમાં જોડવી જોઈએ નહિ તો બેઠાડું થઈ જાય છે. દરરોજ કલાક બેઠા બેઠા શ્રીજી મહારાજનું ધ્યાન કરો ઘણા બધા નકામાં વિચારો નાશ પામી જશે અને ચિત્તમાં શાંતિ થશે. તમારી પાસે ગજબની વિચાર સૃષ્ટિ રૂપી ખજાનો છે. સત્સંગને માટે હંમેશા આશાવાદી - સારા અને કાર્યમાં પ્રેરણાદાયક વિચારો કરતાં રહો.

## સત્સંગી વિદ્યાર્થીઓ માટે ખુશ ખબર

### ફુલ સ્કેપ ચોપડા અને નોટબુકનું અમદાવાદ મંદિર દ્વારા પ્રકાશન - વિતરણ


સત્સંગના અમારા વ્હાલા વિદ્યાર્થી મિત્રોને આનંદ સાથે જણાવવાનું કે આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની પ્રેરણા-આશીર્વાદ સહ આજ્ઞાથી અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી સુંદર ઉચ્ચ ક્વોલીટીના પેપર અને રંગીન મુખ પૃષ્ઠ અને સુંદર બાઈન્ડીંગ કરેલા ફુલ સ્કેપ ચોપડા અને નોટબુકનું પ્રકાશનનું કામ ચાલું છે. જે વેકેશન દરમ્યાન આપણા અમદાવાદ કાલુપુરશ્રી સ્વામિનારાયણ મંદિર અને આપણા શિખરબધ્ધ મંદિરોમાં રાહત દરે વિતરણ કરવામાં આવશે. સમસ્ત સત્સંગી વિદ્યાર્થીઓને લાભ લેવા અનુરોધ છે. *- કોઠારી સ્વામી*

# ચરણસુખ

- સાધુ ધર્મકિશોરદાસ (પ્રયાગરાજ યુ.પી.)

**માँગ-માँગ કર સબ માँગતે હૈ, જગત કે વૈભવી સુખ**
**લેકિન પ્રભુ મેં તો માँગતા હુ, આપકે ચરણો કા સુખ**

જગતમા સામાન્ય દ્રષ્ટિએ આપણે નિરીક્ષણ કરીએ તો ખ્યાલ આવશે કે આ ભવાટવીમાં ભટકાયેલ સમાજ જ્યારે પણ ભગવાન પાસે જાય ત્યારે જગતના વૈભવી સુખો જ માંગતો હોય છે. ભગવાન પાસે જાય ત્યારે માંગશે હે વ્હાલા ! એક સારો બંગલો આપજો. પછી ગાડી માંગશે પછી એના ઉપર બેસનાર એક લાડી માગશે એટલે સંસાર વ્યવહાર સરસ ચાલે - સુંદર ચાલે તેટલી વસ્તુઓ માંગતો જ રહેશે. પણ તેનું માંગવાનું ક્યારેય ખુટશે નહીં. માગણીઓ ચાલુ જ રહેશે. કેમ કે એને ભગવાનના સ્વરુપ (ચરણ) ઉપર ભરોંસો નથી.



કેમ કે હજુ સુધી એને ભગવાનની સાચી ઓળખાણ નથી થઈ. પણ જે ભગવત ભક્તો છે એ પ્રભુ ઉપર ભરોંસો રાખે છે. કેમ કે એને ખ્યાલ છે કે જેને જન્મ આપ્યો છે એ પાલન પણ કરશે. (મારે તારો એક સહારો છે) કેમ કે એને ભગવાનને પોતાના માતા-પિતા માન્યા છે. જેમ નાનો બાળક હોય એનો શર્ટ ફાટ્યો હોય અથવા કોઈ વસ્તુ ખુટી હોય તો એના માતા-પિતા કહ્યાં વગર જ એની જરૂરીયાત - વસ્તુ લાવી આપે છે. એ જો આવો ભરોંસો ભગવાન ઉપર રાખે તો તેની બધી જરૂરીયાતો ભગવાન પુરી કરે છે. પણ ખરેખર વિચાર કરીએ તો ધ્યાનમા આવે કે જગતના બધાય સુખો શાશ્વત નથી. એ સુખ પાછળ પણ દુઃખ છુપાયેલું છે. જેમ કોઈ વ્યક્તિ નવી ગાડી લાવે ત્યારે એની ખુશીનો કોઈ પાર ન હોય. એ મલકાતો બધાયને બતાવતો ફરતો હોય. અત્યારે તે કેટલો ખુશ દેખાય છે પણ જ્યારે ગાડી ક્યાંક ભટકાશે તો તરત જ એનું મોઢું રોવા જેવુ થઈ જશે. પણ જો તે ભગવાનના ચરણોનું સુખ લેવા જશે તો કોઈ દિવસ દુઃખ આવશે જ નહિ. કેમ કે એ સુખ શાશ્વત છે. શ્રીજી મહારાજનું ચરિત્ર સાંભળીએ તો ખ્યાલ આવશે કે ભગવત્ સુખ કેટલું છે.

તો ભક્તો ! હવે તમે જ કહો કે તમારે ક્યું સુખ લેવુ છે ? ભગવાનનો મહિમા માહાત્મ્ય જેટલું ગાઈએ એટલું ઓછું છે. ભગવાન સમકાલિન આપણા નંદ સંતો એ અદ્‌ભુત કીર્તનો દ્વારા મહારાજના મહિમા-માહાત્મ્ય અને લીલા ચરિત્રોના ગુણોનું યશ ગાતા અને એજ કાવ્યો અને કીર્તનો આખાય સંપ્રદાયમા આજે ગવાય છે. (તમારી મૂર્તિ વિના.....) જ્યારે પણ મહારાજના ચરણોનું ગુણાનુવાદ થાય અથવા ચર્ચા થાય ત્યારે ચર્ચામાં કઠલાલના ડોશી રામબાઈ આવે, એમનું જીવન ભક્તિમય હતું. ભગવાનના સ્વરુપની દ્રઢ નિષ્ઠા વાળા હતા. એમને મહારાજનો એટલો બધો મહિમા હતો કે તેની શી વાત કરીએ ! જે કોઈ મળે એને ભગવાનની જ વાત કરે. ભગવાનનું ભજન કરશો તો સુખીયા થશો. નહિતર ક્યાંયને ક્યાંય ઠોકર ખાઈને ટળી જશો. આવા સર્વોપરિ પુરુષોત્તમ નારાયણ મળ્યા

છે એવા દયાળુ ભગવાન મળ્યા છે. તેવા સ્વામિનારાયણ ભગવાનનું રટણ કરશો તો ભગવાન કૃપા દ્રષ્ટિ વરસાવશે, પણ ગામના લોકોની એવી કઠણાઈ કે ગામના ચોરા વચ્ચે ઓટલા ઉપર બેસીને આખો દિવસ ગામ ગપાટા માર્યા કરે, તેમાં ડોશીમાં કોઈ ઉપદેશ આપે તો સામે ઉપદેશ આપે કે એ ડોશી ! તું તો સાવ નવરી છે એટલે સ્વામિનારાયણનું રટણ કરે છે અને અમે તો કેટલુંય કામ કરીએ છીએ અમે તમારી જેમ નવરા નથી. જગતના લોકોને ભગવાનના ભક્તો નવરાજ લાગે. કેમ કે જેને કમળો હોય તેને પીળુંજ દેખાય. એવી જ રીતે પોતે નવરા છે એટલે ડોશીમા નવરી દેખાય છે. અરે ! ભક્તો ! સ્વામીની વાતો વાંચીએ તો ખ્યાલ આવે. આપણે સૌ ભગવાનનો મહિમા દ્રઢ કરવા માટે જ સત્સંગ કરીએ છીએ. તમે એમ ના માનશો કે આપણે નવરા બેઠા છીએ. એ તો સ્વામી કહે કે આપણે નવરા નથી બેઠા પણ આપણે બધા જન્મ-મરણ રૂપી ફેરા ઉપર લીટા તાણીએ છીએ. અને આપણે જે ભગવાનનું ભજન-પૂજા અર્ચના કરીએ છીએ એનાથી જન્મ મૃત્યુના ફેરા ટળી જાય છે. એટલે ડોશી કહે ભગવાનનું ભજન કરો. પણ ગામના લોકો સાવ કુસંગી ! જેથી ભજન શું કરે ! એક સમયે ભગવાન સ્વામિનારાયણ એક ગામમાં સત્સંગ કરાવી બીજે ગામ જતા હતા ત્યાં શ્રીહરિ આ ગામના સીમાડેથી નીકળ્યા. ત્યારે ગામની બહેનો પોતાના માથે માટલામાં પાણી ભરીને જતી હતી એમણે પ્રભુ ને જોયા અને ગામમાં જઈ ડોશીમાંને કહ્યું કે તમે આખો દિવસ સ્વામિનારાયણ સ્વામિનારાયણ રટણ કરો છો પણ એ સ્વામિનારાયણ તો તમારી ખબર પૂછવા પણ ન આવ્યા. બસ ! એટલું સાંભળ્યું કે તરત જ ડોશીમાં નવી માટલી લઈ ગાળેલું પાણી ભરી માથે મુકી દોડ્યા અને ગામની ભાગોળે પ્રભુ દેખાણા એટલે ડોશીમાં એ બૂમો પાડી હે વ્હાલા સ્વામિનારાયણ ! આ પ્રેમાળ શબ્દો શ્રીહરિ સાથે રહેલા ભગુજી અને મૂળજી બ્રહ્મચારીએ સાંભળ્યા અને ભગવાનને કહ્યું કે, મહારાજ ! કોઈ બેન આપને પોકારે છે. અને જ્યાં મહારાજે પાછળ વળીને જોયું ત્યારે ખ્યાલ આવ્યો ઓ... હો... આ તો આપણા રામબાઈ ! ડોશીમા માથે પાણીનું બેડું લઈ દોડતા દોડતા આવ્યા હોવાથી ખૂબ હાંફી ગયા હતા. જેથી બોલવા જાય પણ ધીમે-ધીમે બોલાય છે. મહારાજ કહે, રામબાઈ બેડું નીચે મુકી પછી વાત કરો. બેડું નીચે મુકી રામબાઈ કહે કે મહારાજ પહેલા તમારા ચરણ માટલીમાં બોળો. મહારાજ કહે કેમ ? તમારા ચરણારવિંદનું ચરણામૃત જોઈએ છે. મહારાજ કહે એક લોટા જેટલું ચરણામૃત બહુ થઈ ગયુ ! ડોશીમાં કહે, મહારાજ પેલા પગ બોળો પછી કહું. મહારાજે પહેલા જમણો ચરણ પછી ડાબો ચરણ માટલીમાં બોળ્યો. પછી રામબાઈ કહે મહારાજ તમે તો જાણો જ છો આપનાથી શું અજાણ્યું હોય.

**तन की जाने मन की जाने, जाने चितकी चोरी**
**उसके आगे क्या छिपाओ जिसके हाथ में जीवन डोरी**

તમારા આગળ તો છુપાવવા જેવું કંઈ જ નથી પ્રભુ ! આ ગામ વાળા સાવ કુસંગી છે. આખો દિવસ વ્યર્થ બગાડે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે. કે **व्यर्थः कालो न नेत्व्यो भक्तिं भगवती विना ( १७३ )** અને ભગવાનની જે નવ પ્રકારની ભક્તિ તે વિના વ્યર્થ કાળ નિર્ગમવો નહિ, નિરતંર ભક્તિ કરીને જ કાળ નિર્ગમવો.

બધાને કહી કહીને થાકી ગઈ છું. કોઈ માનતા જ નથી. પણ મહારાજ મને આપની કૃપાથી સુંદર વિચાર આવ્યો કે આપના અલૌકિક ચરણનું ચરણામૃત લઈ જઈ ગામના કૂવામાં નાખુ તો ગામના લોકો એ પાણી પીવે તો કાંઈક સદ્‌બુદ્ધિ આવે અને પછી ભજન કરી સત્સંગી થાય તો સુખીયા થાય. બસ ! પ્રભુ એટલી જ કૃપા કરવા આપના ચરણોમાં પ્રાર્થના કરું છું. ત્યારે પ્રભુ ભગુજી અને મુળજી બ્રહ્મચારીને કહે જોયું ! કેટલી અમારા પ્રત્યેની નિષ્ઠા અને ચરણનો મહિમા જાણે છે. એટલે જ તો અમે એવા ભક્તોને યાદ કરીએ છીએ. ભક્તો ! આપણને કોણ મળ્યા છે એનો આપણને હજુ ખ્યાલ જ નથી. **"એવા મળ્યા છે મહારાજ, જે સર્વેના શ્યામ છે."** એ તો આપણે એવા હરિભક્તો સંતોના ચરિત્ર સાંભળીએ અથવા વાંચીએ તો જ ખ્યાલ આવે કે મહારાજના સ્વરૂપનો મહિમા કેટલો છે. જગતના લોકો તો ભગવાન પાસે જાય ત્યારે તો ઘણું બધું માંગે પણ જે મહારાજનાં ખરેખરા નિષ્ઠાવાળા ભક્તો હોય તે જગતના તુચ્છ પદાર્થો ના માંગે. એ તો મહારાજના ચરણનું સુખ માંગે. પણ એ તો આપણને ''चरण वास बन, चरण पूजा करु'' ખ્યાલ નથી કે આ ચરણ કેટલા મોંઘા છે .એ તો આપણે મહારાજના ચરિત્રો સાંભળીએ તો જ ખ્યાલ આવેને કે આ ચરણ કેટલા મોંઘા છે.

એકવાર મહાનુભાવાનંદ સ્વામી ગામડે ફરીને આવ્યા હતા. જેઓ મહારાજના સ્વરૂપના દર્શનથી કેટલાય દિવસોના તરસ્યા હતા. મહારાજને મળવાની બહુજ ઈચ્છા હતી પણ તે સમયે મહારાજ અક્ષર ઓરડીમાં પોઢવાની તૈયારી કરતા હતા. ત્યારે મહાનુભાવાનંદ સ્વામીએ મહારાજના સમીપે જઈ ધીમે

*(અનુસંધાન પેઈજ નં. ૧૯)*

# વચનામૃત-કરીયાણી

(ગતાંકથી ચાલુ)

- સાધુ ઘનશ્યામપ્રકાશદાસ જ્મીયતપુરા (મહંત સ્વામી, માણસા)

એક વખત મહારાજે ભર સભામાં કહેણ નાંખેલું કે આ દાદાખાચરના ગોલા થાશો ? ભલભલા ચમરબંધીઓના ચમર ઢીલા થઈ ગયેલા. અને આગળથી ઠેઠ પાછળી હરોળ સુધીના નીચે જોઈ ભોં ખોતરવા મંડી પડેલા કે અમારે ઘેર પણ માણકી પૂંછડા ઝાટકે છે. તે કો તો તમારા ગોલા થઈએ પણ દાદા જેવા કાઠીના ગોલા અમે શું કામ થઈએ ? પણ તેવામાં સાવ છેવાડેથી પર્વતભાઈએ ઉભા થઈ હાથ જોડીને હોંકારો દીધેલો કે, "જન્મો જન્મથી બૈંરા છોકરાનાગુલામ તો છીએ જ પણ આ જન્મે આપના ભક્તના ગુલામ થવા જેવા મોટા ભાગ્ય ક્યાંથી ? ને મહારાજનો ખરેખરો રાજીપો ખાંટી ગયા. વળી એકવાર મહા પ્રભુએ સભાજનોને પૂછ્યું હતું કે, "તમારામાંથી ઢોલિયાના ચાકર હો તે અમારી પાસે આવીને બેસો. ને જે સત્સંગીના ચાકર હો તે દૂર જઈને બેસો. પછી તો સભા સર્વે ઢોલિયા પાસે ખેંચાઈ આવીને મહારાજ પંડે ઉભા થઈને રડ્યા-ખડ્યા દૂર જઈને બેઠેલા સત્સંગના ચાકર ભેળા જઈને બેસી ગયા. ને હવે હું તો ભક્તના ભક્તની ભક્તિ કરું છું. (ગ.મ.૨૮)

એક પ્રસંગે રાજાભાઈ સાધુ થવા આવ્યા ત્યારે મહારાજે પૂછ્યું, "તમારે મનનું ધાર્યું કરવું છે કે અમારું ?" ત્યારે રાજાભાઈ કહે "મારે તો આપને ખરેખરા રાજી કરવા છે." "તો સાધુ થાવુ રહેવા દોને પર્વતભાઈના હળ હાંકો". ને રાજાભાઈએ ત્રણ-ત્રણ વરસ સુધી ગુલામભાવે સેવક રહી પર્વતભાઈના હળ હાંક્યા. જેથી મહારાજે અનહદ રાજી થઈને દીક્ષા આપી સીધા જ વડલાત મંદિરના મહંત કરી દીધા હતા !

"દાસના દાસ થઈ, જે રહેશે સત્સંગમાં
ભક્તિ તેની ભલી માનીશ, રાચીશ તેના રંગમાં."

વળી કીર્તનમાં આપણે પ્રાર્થીએ છીએ કે,

શ્રીજી અને સૌ સંતો રે, મળી કરજો મારી સહાય....

લો.-૧૪ માં પણ મહારાજ આ વાતને અનુમોદન આપતા કહે છે કે, "સભાએ સહિત તે ભગવાનના દર્શન નથી થતા ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે." વળી ગ.મ. ૪૮ માં કહે છે કે, "સંતને મધ્યે જન્મ ધર્યાની અમારે વાસના છે. પણ હવે જન્મ થયાનું કોઈ રીતે નિમિત્ત તો નથી. પણ જન્મ ધર્યાનું કોઈ કારણ ઉત્પન્ન કરીને પણ સંતના મધ્યમાં જન્મ ધરવો એમજ ઈચ્છીએ છીએ." આ બધું વાંચતા-વિચારતા અને પરંપરાગત સત્સંગનો ઈતિહાસ જોતા મન-કર્મ વચને ભગવાનના ભક્તોને રાજી કરવાને રાજી રાખવા એક માત્ર ભગવાનનો સિદ્ધાંતિક રાજીપો પામવાનું અનિવાર્ય અંગ કેળવી લેવું આવશ્યક જણાય છે. આપણી ગરજે ને તમામ સંતો હરિભક્તોની શરતે દાસભાવ અને ગુલામ ભાવે ભગવાનના સંબંધવાળા સૌ કોઈમાં અનહદ હેત-પ્રીત અને આત્મીયતાથી ઓગળી જવાય તો પ્રભુના ઘાટે ઘાટ ઘડાઈ જવામાં વિલંબ ન થાય. મુક્તાનંદ સ્વામી પણ આ વાતમાં સૂર પુરાવતા લખે છે કે,

"હું ટળે હરિ દૂકડાં તે ટળાય દાસે રે....."

બાપના બાપ થઈ કોઠારી થવાશે, કે ભંડારીનો હોદ્દો મળશે, પ્રમુખ કે સેક્રેટરી બની સત્તાને વરાશે પણ તેમાને તેમાં હરિ વરવાના રહી જશે ને કોણ જાણે કેટલાય ગરીબ સંતો-હરિભક્તોને દુઃખવી દુઃખવીને દ્રોહી અપરાધના પોટલા બાંધી પ્રભુથી જોજનો દૂર જતા રહ્યાના અગણિત દ્રષ્ટાંતો સત્સંગમા મોજુદ છે. શિષ્યો પરત્વે પણ સંબંધભાવના મહિમાનો આદર એ પ્રત્યેક સાચા સદ્‌ગુરુઓનો આદર્શ રહ્યો છે. શ્રીહરિ આગળ સંબોધતા કહે છે કે, "અને શ્રીકૃષ્ણ ભગવાને વૃંદાવનને વિશે, વૃક્ષને તથા પક્ષીને તથા મૃગલાને બળદેવજી આગળ અતિ મોટા ભાગ્યવાન કહ્યા છે. અને બધાએ પણ શ્રીકૃષ્ણ ભગવાન પાસે એમ વર માંગ્યો છે જે, હે પ્રભુ ! આ જન્મને વિશે અથવા પશુ-પક્ષીના જન્મને વિશે હું જે તે તમારા દાસને વિશે રહીને તમારા ચરણારવિંદને સેવું એવું મારું મોટુ ભાગ્ય થાવો." આપણા મંદિરના ચોકમાં વાવેલ કડવી મેંદીની વાડ કે ક્યારીઓમાં ઉગેલા લીલા ઘાંસના તણખલા બહુ મોટા ભાગ્યવાળા છે કે જેના ઉપર ધર્મવંશી આચાર્ય મહારાજશ્રી અને મહારાજની નિષ્ઠાવાળા સંતો-હરિભક્તોના ચરણની રજ ઉડી-ઉડીને પડે છે." જે સૂઝ સમજથી ઉપાસનાની દ્રઢતાથી સર્વોપરિ અને સર્વકર્તા હર્તા જાણી તેની ભજન-ભક્તિ અને ધ્યાન ઉપાસના કરે છે તેવા એક-એક સાધુ-

પાર્ષદ, હરિભક્ત, બાઈ-ભાઈ, બાળ-યુવાન કે કિશોર તે સૌ હરિના હૈયા કેરા હરિને એ જ સૌ વાલાના મુગટડાના મોતી ને કોઈના અવગુણ પાલવે નહિ, કોઈ સાથે કપટી રમતો રમાય નહિ. તે સૌ સાથેનો વ્યવહાર પ્રભુના અંતરમાં પ્રતિબિંબીત થાય છે. શિવ-બ્રહ્માને શુક-સનકાદિક જેવા મોટા-મોટા દેવ-ગાંધર્વ અને મુક્તોએ પણ ભક્તનો સંગ માંગ્યો છે. તે ભગવાને રાજી થઈને વગર માંગ્યે ઘણુંજ આપી દીધું છે. છતાં આપણે બે ગરજુ અને બે પરવાહ થઈ ખૂબ ખૂબ ગાફલાઈથી વરતી રહ્યા છીએ. પરંતુ તે આગળ વધીને પાછા વળવાનું નિશ્ચિંત માનજો. નહિ ચાલે તે નહિ જ ચાલે ! મંદિરના પેલા પગથીયાની ચરણરજ માથે ચડાવી લેવાથી આ કામ પુરૂ થવાનું નથી, સંતો, હરિભક્તો દરેકે પરસ્પર ભેટતા રહેવું જોઈએ. નિષ્કપટ ભાવે વ્યવહાર કરતા શીખવું પડશે. દરેકે દરેકના સ્વભાવોને ગમાડવા પડશે. નભાવવા પડશે. ગમે તેવા હોય પણ તેને દિલથી ક્ષમા કરીને અપનાવવા પડશે.

"તુલસી જાકે મુખન સે, ભૂલે નિકસે રામ,
તાકે પગકી પહેનીયા, મેરે તનકી ચામ."

આ પંક્તિમાં માત્ર બોલવામાં કે સાંભળવામાં જ નહિ પરંતુ જીવનના હર એક વ્યવહારમાં વણાઈ જાય એ જ આ જન્મ ધર્યાનો અને ભગવાન મળ્યાનો સાચો લાભ છે. આજે આ લાભની ભુંભલી ભરાવી ભરાવીને મહારાજ ખરા અર્થમાં લાભ પાંચમ ઉજવાવી રહ્યા છે. આગળ સંબોધન કરતા મહારાજ કહે છે કે, "માટે એવો જ્યારે ભગવાનના ભક્તનો મહિમા સમજે ત્યારે તેને ભગવાનના ભક્ત ઉપર કોઈ દિવસ અવગુણની ગાંઠ ન બંધાય. અને પોતાના ઈષ્ટ જે પ્રત્યક્ષ ભગવાન તેના જે ભક્ત તેને વિશે જે કોઈક અલ્પ દોષ હોય તે મહિમાના સમજનારાની દ્રષ્ટિમાં આવે જ નહિ. ....." ગઢડામાં દાદાના દરબારમાંથી ચોરી થઈ ચોર પકડાઈ જવા છતાં તેને કશી સજા કે શિક્ષાનું ફરમાન થતું ન હોવાથી મહારાજે દાદાને બોલાવીને તેનું કારણ પૂછ્યું. તો કહે તે ચોરને સજા થઈ શકે તેમ નથી. અંદર અંદરના હોવાથી નામ પણ ઉઘાડું ન થાય. તેથી બાંધી મુઠ્ઠીએ સમજાવટ કરીને મન મનાવી લીધુ છે. મહારાજ ! આ સાંભળીને મહારાજે વધુ ઠપકો આપ્યો કે આમ રાજ નહિ ચાલે. ન્યાયતંત્રની આંખે કાળી પટ્ટીના પાટા બાંધવાનું એજ પ્રયોજન છે કે પારકા પોતાના જોયા સિવાય સમભાવે ન્યાય કરી રાજ્યનું સમતોલન જાળવી શકાય. ભગવાન સામે વધુ દલીલ કરવી મુનાસીફ ન લાગતા દાદાએ આ કેસના ન્યાય કરવાનું પ્રભુને જ સોંપ્યું. અને જોત જોતામાં મહારાજે મૃત્યુદંડ આપી દેવા ફરમાન કરી દીધુ. નત મસ્તકે દાદા ખાચર સભા છોડીને હુકમનું પાલન કરવા ચાલતા થયા અને ઘડી બે ઘડીમાં સભા પુરી થયા પહેલા તો લોહી વાળા હાથે સભામાં ફરી પાછા ઉપસ્થિત થયા ! તેને જોઈને સ્વયં શ્રીજી મહારાજ પણ ચોંકી ઉઠ્યા કે આ શું કર્યું ?

*(ક્રમશઃ)*


## મુંબઈ શહેરમાં "શ્રી સ્વામિનારાયણ અંક"ના સભ્ય બનવા માટે સંપર્ક

પરમ પૂજ્ય આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી સંસ્થાપિત અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી શ્રી સ્વામિનારાયણ માસિક અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરથી પ્રકાશીત થાય છે. મુંબઈ શહેરમાં શ્રીહરિના અનન્ય નિષ્ઠાવાળા મૂળ સંપ્રદાયના હજારો હરિભક્તો વસે છે. જેમાંના ઘણા ભક્તોને આપણા શ્રી સ્વામિનારાયણ અંકના સભ્ય બનવાની ઈચ્છા હોય પણ ત્યાં કોઈ પ્રતિનિધિ છેલ્લા ઘણા સમયથી ન હતા. પરંતુ હવે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ નીચેના હરિભક્તોને શ્રી સ્વામિનારાયણ માસિકના સભ્યો બનાવવા માટે પ્રતિનિધિની સેવા સોંપેલ છે. જેમનો સંપર્ક કરવાથી આજીવન સભ્યનું લવાજમ ભરી સભ્ય થઈ શકાશે.

પ.ભ. અપૂર્વભાઈ અનંતરાય ધોળકિયા (શ્રીજી ડેટા લીન્કસ)
૩૦૩, ચર્ચગેટ ચેમ્બર્સ, ૫, ન્યુ મરીન લાઈન્સ, મુંબઈ - ૪૦૦ ૦૨૦.
ફોન : (૦૨૨) ૬૬૩૬૮૬૪૦ મો. : ૯૮૯૨૧૦૦૮૯૩૨

---

પ.ભ. ગોપાળભાઈ મેઘજીભાઈ ટાંક (જીરાગઢવાળા)
બી-૭૦૧, હરિધામ બિલ્ડીંગ, આર.કે. સીંગ રોડ,આંબાવાડી અંધેરી (ઈસ્ટ), મુંબઈ
મો. : ૯૩૨૨૫૮૩૧૫૧.

# સંપ્રદાયના આવા હરિભક્તોથી જ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ પરિપૂર્ણ થશે

વિશ્વમાં કોઈ સંપ્રદાય પાસે પોતાના ઈષ્ટદેવતાએ ઉપયોગમાં લીધેલી સ્પર્શ પામેલ વસ્તુઓનું સંગ્રહાલય કે નાની સરખી વસ્તુ પણ હોય તેવું જાણમાં નથી. જો કે આવો સંકલ્પ કરવો તે તો જેવા તેવાનું કામ પણ નથી. આ તો સ્વયં સર્વાવતારીશ્રી સ્વામિનારાયણ ભગવાનના પુત્ર અને શ્રી નરનારાયણદેવ પીઠના ફક્કા નિવૃત પ.પૂ. આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીએ સતત ૩૫-૩૫ વરસ પર્યન્ત (ગાદી સ્થાન પર બિરાજીમાન હતા ત્યારે) ગામો-ગામ, શહેરો-શહેર અને દેશ-વિદેશમાં વિચરણ કરીને લાખો-કરોડો આશ્રિતોને દર્શન આશીર્વાદ અને અનેક મહા મંદિરો હરિમંદિરો અને સમાજલક્ષી સેવાઓનું અલૌકિક અનહદ-ન કલ્પી શકાય તેવું સુખ આપીને કોઈને સહેજ પણ ખબર પણ ન પડી ને ગાદી પદારુઢની નિવૃત્તિ લઈ લીધી અને નિવૃત્તિ માં પ્રવૃત્તિ એ સુંદર વાક્યને ચરિતાર્થ કરતા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય નિર્માણનો દિવ્ય સંકલ્પ જાહેર કરીને લાખો-કરોડો આશ્રિતોને આશ્ચર્યમાં મૂકી દીધા ! સંત-હરિભક્તોએ આ અલૌકિક સંકલ્પને સાંગોપાંગ વધાવી લીધો. આજે તો નારણપુરા વિસ્તાર તો શું ! પણ સમગ્ર અમદાવાદ શહેર અને ગુજરાતના તમામ ગામોમાં અને દેશ-વિદેશના હરિભક્તો માટે નાનો સૂનો 'નારણપુરા' વિસ્તાર શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નામ માત્રથી પ્રસિદ્ધ થઈ ગયો છે. શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ હસ્તે ખાતમુહૂર્ત થયું ત્યારથી લઈ આજ પર્યન્ત દેશ વિદેશના હરિભક્તો તેમાં આર્થિક યોગદાન આપી રહ્યાં છે. જ્યારે આપણા સંતોએ અને ઘણા હરિભક્તોએ પણ ગુરુ પરંપરાની પ્રસાદીની વસ્તુઓ પ.પૂ. મોટા મહારાજશ્રીને અર્પણ કરવા દ્રઢ નિર્ણય કર્યો. અરે ! ઘણા યુવાન સંતોએ ગુરુ પરંપરામાં જીવની જેમ સચવાયેલી એક એક વસ્તુ ગોતી ગોતીને સહેજ પણ લોભ કે લાલચ રાખ્યા વગર પૂ. મહારાજશ્રીને અર્પી દીધી ! ધન્ય છે આવા સંતોને !

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વહેલામાં વહેલું પુરુ થાય તે માટે નાનામાં નાના હરિભક્તોથી લઈ મધ્યમ અને શ્રીમંત હરિભક્તોને પણ કેટલું તાન છે તેનું ઉત્તમ ઉદાહરણ. હમણા જ મૂળ આપણા મોટપ (જી. મહેસાણા) ગામના અને સુરત સ્થાયી થયેલા શ્રી નરનારાયણદેવ ગાદીના અનન્ય નિષ્ઠાવાળા અને પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીના કૃપાપાત્ર પ.ભ. નંદુભાઈ કે. પટેલની પુત્રીના લગ્ન પ્રસંગે તા. ૨૪-૧૨-૨૦૦૭ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રી આશીર્વાદ આપવા પ્રસંગે મહેસાણા પધાર્યા હતા.

આ પધરામણી પ્રસંગે પ.ભ. નંદુભાઈએ લગ્નમાં આવેલ



ચાંદલાની તમામ રકમ "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" નિર્માણમાં આપવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યો. અને તે સ્વીકારવા પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણોમાં પ્રાર્થના કરી. ત્યારે ત્યાં ઉપસ્થિત તેમના હજારો સગા વહાલા અને હરિભક્તોને આશ્ચર્યચકિત કરી દીધા ! સંપ્રદાયમાં ક્યાંય સાંભળ્યું હોય યા જોયું હોય તેવું બન્યું નથી. પણ અહીં જે બન્યું તે હકીકત હતી. કારણ અહીં ભાવના, નિષ્ઠા, પક્ષ, લાગણી અને ધર્મવંશી માટે જીવથી અધિક કાંઈ કરી છુટવું તેજ ધ્યેય હતો. આ કાંઈ કોઈને દેખાડવા કે પ્રસંશા મેળવવાનો હેતુ ન હતો. પણ સાક્ષાત્ શ્રીજી મહારાજના પુત્ર એવા મોટા મહારાજશ્રીનો ફક્ત રાજીપો અને આશીર્વાદ મળે તેજ મુખ્ય ઉદ્દેશ હતો. પ.ભ. નંદુભાઈ એ દીકરીના લગ્નમાં આવેલ તમામ ચાંદલો પ.પૂ. મોટા મહારાજશ્રી એ સ્વીકારવા અસંમતિ દર્શાવી છતાં શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ માટે એક આજ્ઞાની બાંધ છોડ કરીને પણ ચાંદલાની રકમ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં અર્પણ કરી દીધી ! નંદુભાઈએ પ.પૂ. મોટા મહારાજશ્રીના ચરણોમાં પ્રાર્થના કરતા કહ્યું કે આપનો સંકલ્પ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનો છે. તો અમારા સૌ પરિવાર નો પણ ચાંદલો તેમાં અર્પણ કરવાનો સંકલ્પ છે. ધન્ય છે આવા હરિભક્તોને !

બીજું એક ઉત્તમ પ્રેરણા લેવું ઉદાહરણ છે. મૂળ પિલાવઈ (તા. વિજાપુર) ગામના પ.ભ. ઉષાબેન દશરથભાઈ ભાવસાર જેઓશ્રી નરનારાયણદેવના અનન્ય આશ્રિત છે. જેઓ હાલ વાડજમાં રહે છે. તેમના પતિ મીલમાં નોકરી કરતા હતા. તેમાં અચાનક ટી.બી.ની બીમારી થઈ. પરિવારમાં ત્રણ દીકરી અને એક દીકરો છે. અનેક પ્રતિકુળ સંજોગો વચ્ચે શ્રી નરનારાયણદેવની નિષ્ઠામાં ઓટ ન આવી. અતૂટ શ્રધ્ધા અને ભક્તિના બળથી રાત-દિવસ સિવણ કામ કરીને દીકરીઓને પરણાવી અને થોડા સમય બાદ શ્રીહરિની કૃપાથી તેમના પતિની તબીયત સુધરતા તેઓ નોકરીએ લાગ્યા. પણ તેમને સત્સંગ પ્રત્યેનો લગાવ નહીં. છતાં બહેનની શ્રદ્ધામાં કોઈ ડગમગાટ નહીં. એમનો નિત્ય ક્રમ સુંદર રીતે જળવાતો. તેમાં "શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ" નિર્માણનું કામ ચાલી રહ્યું છે તેની આ બહેનને જાણ થઈ ત્યારથી મનમાં સંકલ્પ કરેલો કે મારે પણ આપણા મ્યુઝિયમમાં ગમે તે ભોગે સેવા કરવી છે. આવી તેમને સેવા કરવાની તીવ્ર ઝંખના હતી. જેથી સામાન્ય સિવણની આવકમાંથી બચત કરીને લાખો-કરોડો રૂપિયા કરતા પણ આ બહેને જે પરિસ્થિતિમાં રૂા. ૨,૧૧૧/- ભેગા કરીને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના નિર્માણમાં અર્પણ કરીને આયુષ્યના આટલા વરસો ખરા અર્થમાં ચરિતાર્થ કરી દીધા !

અરે ! એક નિવૃત સાદરા (તા.જી. ગાંધીનગર) ગામના શિક્ષિકા બહેને તો મનથી સંકલ્પ કરી લીધો કે મારી ગ્રેજ્યુટી, પી.એફ. અને ફિક્સ ડિપોઝીટ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં જ આપવી છે. બીજી કોઈ વાત માનવા તૈયાર નહીં. તેમાંથી ઘણી રકમ તેઓએ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં જમા પણ કરાવી દીધી છે. બસ આ તો આપણા ઈષ્ટદેવનું જ કામ છે. અને આપણે તો મોટા મહારાજશ્રીના ઋણી છીએ. તેમાં કંઈક અંશે ઋણમાંથી મુક્ત થવાય અને તે દ્વારા જીવનું સહેજે કલ્યાણ થાય. પ.પૂ. મોટા મહારાજશ્રી ક્યારેય કોઈને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં ફાળો આપવાનું કહેતા નથી. તો શું આપણા દરેક હરિભક્તોની પણ ફરજ નથી. અરે ! આવા ગરીબ હરિભક્તોમાંથી પ્રેરણા લઈને ચાલો આપણે પણ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના ભવ્ય નિર્માણમાં યથાશક્તિ ધન રાશી જમા કરાવીને મોક્ષ અને કલ્યાણ સાધી લઈએ.

ઘણા એવા હરિભક્તોને ખબર ન હોવાથી અજાણપણે અન્યત્ર ફંડફાળો આપીને પછી જાણ થાય ત્યારે પોતાને ખૂબજ પસ્તાવો થાય છે. જ્યારે આ તો સ્વયં પરમકૃપાળુ શ્રીહરિનું પ્રસાદીની અલૌકિક વસ્તુઓનું આપણું પોતાનું શ્રી નરનારાયણદેવની માલિકીના શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં આપણું દ્રવ્ય જમા થશે તો સર્વાવતારી શ્રીજી મહારાજ કેટલા રાજી થશે તેની કલ્પના કરશો તો સાચો ખ્યાલ આવશે.

ઘણાં તો એવા મહારાષ્ટ્રીયન કે અન્ય રાજ્યના જેઓ સંપ્રદાયથી પુરા માહિતગાર પણ નથી તેવા ધાર્મિક ભાવનાવાળા અંતઃસ્ફુરણાથી પ્રેરાઈને શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ નિર્માણમાં ફાળો આપી રહ્યાં છે. ખરેખર આવા હરિભક્તોની સેવાથી આપણું શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ધાર્યા કરતા વહેલું પૂર્ણ થશે.

●

# પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીનો દિવ્ય વિદેશ પ્રવાસ

- સાધુ ધર્મકિશોરદાસ (પ્રયાગરાજ મંદિર)



પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી ભારતથી તા. ૪-૧૨-૨૦૦૭ના રોજ બપોરે ૩-૦૦ કલાકે જેટ એરવેજથી મુંબઈ જવા માટે રવાના થયા અને દોઢ કલાકે મુંબઈના છત્રપતિ શિવાજી આંતરરાષ્ટ્રીય વિમાન મથક પર પહોંચ્યા. હવાઈ મથકે થી જ્યારે બહાર નીકળ્યા તો મુંબઈના હરિભક્તોએ જોરશોરથી અને ફૂલહારથી પૂ. મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું અને ચરણ સ્પર્શ, દર્શન કરી પૂ. મહારાજશ્રીને મુંબઈ નિવાસી હરિભક્તોએ પ્રેમથી વંદન કર્યા. હરિભક્તોમાં અપૂર્વભાઈ ધોળકીયા અને મૂળ રાજસ્થાનના વાલી ગામના વતની મેળા પરિવારના સમસ્ત સદસ્ય હતા. મેળા પરિવારની ઉપર મહારાજશ્રીએ કૃપા દ્રષ્ટિ કરી તેમના ઘરે પધરામણી માટે પ્રસ્થાન કર્યું. પછી મુંબઈના પોસ વિસ્તારમાં જ્યારે પૂ. મહારાજશ્રી પહોંચ્યા તો રાજસ્થાનના મેળા પરિવારના ભક્તોએ બેન્ડવાજાની સાથે ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું અને ઘરમાં પૂ. મહારાજશ્રીની ચરણ પૂજા કરી, મહારાજશ્રીનું પૂજન કર્યું. પછી સંતોએ સત્સંગની વાતો કરી અને પછી પૂ. મહારાજશ્રીએ આશીર્વચન આપ્યા. ત્યારબાદ પૂ. મહારાજશ્રી અપૂર્વભાઈને ત્યાં પધાર્યા. ત્યાં ફેશ થઈ સંધ્યા ભોજન કર્યું. પછી આગળની ફ્લાઈટમાં લંડન જવા પ્રસ્થાન કર્યું.

તા. ૫-૧૨-૨૦૦૭ની રાત્રીમાં બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ નં. ૦૧૯૩ થી લંડન જવા માટે પ્રસ્થાન કર્યું. આઠ કલાકની મુસાફરી દરમ્યાન સવારે ૭-૨૫ કલાકે હિથ્રો એરપોર્ટ પહોંચ્યા. ત્યાં સ્નાન, પૂજા કર્યા બાદ ચાર થી પાંચ કલાક પછી બ્રિટિશ એરવેઝની ફ્લાઈટ નં. ૦૯૩ લંડનથી કેનેડાના ટોરન્ટો સીટીમાં જવા પ્રસ્થાન કર્યું. તા. ૫-૧૨-૨૦૦૭ ની સાંજે ૭-૩૦ કલાકે કેનેડાના હવાઈ મથકે પહોંચ્યા. વિદેશની ધરતી પર ત્યાંના હરિભક્તોએ ફૂલહાર અને ગુલદસ્તાથી શ્રી નરનારાયણદેવની જય ઘોષ સાથે ભરપૂર સ્વાગત કર્યું. પછી એરપોર્ટથી બ્રામટન વિસ્તારમાં પ.ભ. શશીકાંતભાઈના ઘરે પૂ. મહારાજશ્રીએ ઉતારો કર્યા બાદ પૂ. મહારાજશ્રીએ સ્નાન વિધિ કરી શાલીગ્રામ ભગવાનને થાળ જમાડ્યા અને પછી બધા હરિભક્તો, સંતોએ મળી એકાદશીનું જાગરણ કર્યું. સભામાં પૂ. મહારાજશ્રીએ અમૃતવાણીનો લાભ આપ્યો અને હરિભક્તોને દર્શનનો લાભ આપી હરિસ્મરણ કરી સર્વે હરિભક્તો પોતપોતાના નિવાસ સ્થાને જવા માટે નીકળ્યા. અને પછી પૂ. મહારાજશ્રીએ પ્રભુનું ધ્યાન કરી આરામ માટે પધાર્યા.

તા. ૬-૧૨-૨૦૦૭ દિવસે પૂ. મહારાજશ્રી પ્રભાત સમયમાં ઉઠી સ્નાન વિધિ અને પૂજા વિધિ કર્યા બાદ ભગવાન શાલીગ્રામનું પ્રસાદીભુત અલૌકિક અભિષેક જળ હરિભક્તોને વિતરણ કર્યું. અને બપોરનો થાળ ગ્રહણ કર્યો. અને સત્સંગ કરી બપોરના ૩-૦૦ કલાકે હરિભક્તોને ત્યાં પધરામણી કરવા માટે પ્રસ્થાન કર્યું. બ્રાહ્મટનથી બે કલાકની દૂરી તય કરી (કિચનર) શહેરમા હરિભક્તોને ત્યાં પધરામણી કરી ઠાકોરજીની આરતી ઉતારી અને સંતોએ કથા-વાર્તા અને ઓરડેના પદ બોલી ભગવાનના નામના જયઘોષ સાથે ત્યાંથી પ્રસ્થાન કર્યું. ત્યાંથી ૨૦ મિનિટની દૂરી તય કરી (ગલ્ફ) સીટીમાં પહોંચ્યા. પ.ભ. પંકજભાઈને ત્યાં ઠાકોરજીની આરતી ઉતારી અને હરિભક્તોએ સમૂહમાં પૂ. મહારાજશ્રીની આરતી ઉતારી, ત્યાં સાથે ન્યુજર્સીથી પધારેલા શાસ્ત્રી સ્વામી માધવપ્રસાદદાસજી અને આદિ સંતોએ મળી

પૂ. મહારાજશ્રી માટે સુંદર થાળ બનાવ્યો. ભગવાનને થાળ જમાડી મહારાજશ્રીએ ભોજન ગ્રહણ કર્યું. અને સંતોએ પંકજભાઈને ત્યાં મહારાજ પ્રત્યે નિષ્ઠા વધે એવી સુંદર સત્સંગની વાતો કરી. પછી બધાં હરિભક્તોએ મળીને પૂ. મહારાજશ્રીને ભાવભીની વિદાય આપી. અને પૂ. મહારાજશ્રીએ પોતાના ઉતારે જવા માટે પ્રસ્થાન કર્યું.

તા. ૭-૧૨-૨૦૦૭ પ્રભાત સમયમાં હરિસ્મરણ સાથે નિત્યક્રમ કર્યું અને પછી હરિભક્તોને મળ્યા અને પછી તૈયાર થઈ પધરામણી જવા માટે રવાના થયા અને જ્યારે બહાર નીકળ્યા તો બહારનું વાતાવરણ બરફીલું હતું. અને ઢીંચણ સુધી બરફ જામેલો હતો. ઉપર આકાશમાંથી હિમવર્ષા ચાલુ જ હતી. છતાં પણ હરિભક્તોને રાજી કરવા પૂ. મહારાજશ્રી કંઈજ વિચાર કર્યા વગર પધરામણી કરવા માટે નીકળ્યા. સાથે સાત-આઠ ગાડીઓ હરિભક્તોની હતી. જે પૂ. મહારાજશ્રી સાથે જોડાયેલ હતી. જેમાં બોસ્ટનથી પધારેલા અરવિંદભાઈ, રમણભાઈ, સંજયભાઈ, દશરથભાઈ અને શિકાગોથી પધારેલા વિવેક બ્રહ્મભટ્ટ અને હેમલભાઈ અને સ્થાનિક હરિભક્તો હતા. એટલી બધી ગાડીઓ જોઈને ત્યાંની પ્રજાને એવી અનુભૂતિ થતી કે આ કોઈ દિવ્ય પુરુષ લાગે છે.

ભક્તો ! હકીકત છે. આચાર્ય મહારાજશ્રી એ તો ભગવાનના અપર સ્વરૂપ છે તો પછી લાગે જ ! ભ્રમણ કરતાં કરતાં ઈટાશિકોમાં પહોંચ્યા. ત્યાં વિપુલભાઈ સોની રસિકભાઈ, પ્રજ્ઞેશભાઈ ભાવસાર ને ત્યાં હરિ સંકીર્તન સાથે પધરામણી કરી. પછી ત્યાંથી (નોર્થયોર્ડ) ઈલાકામાં હરિપ્રસાદ ભટ્ટને ત્યાં પધરામણી કરી. ત્યાંથી સ્કાબ્રો ઈલાકામાં હરિભક્તોને ત્યાં પધરામણી કરી. ત્યાંથી પ્રયાણ કરી માર્કમ જેવા પોસ વિસ્તારોમાં હિંમાંશુભાઈ, નિરંજનભાઈ, ઈલેશભાઈ અને પરિવારોએ પૂ.મહારાજશ્રીની આરતી ઉતારી કીર્તન ભક્તિ અને કથાવાર્તા દ્વારા પધરામણી કરી. ત્યાંથી નીકળી પોતાને ઉતારે પધાર્યા. ત્યાં રાત્રી ભોજન કરી પછી હરિસ્મરણ સાથે પૂ. મહારાજશ્રીએ શયન કર્યું.

તા. ૮-૧૨-૨૦૦૭ના રોજ પૂ. મહારાજશ્રી પ્રભાત સમયમાં પ્રભુ સ્મરણ સાથે ઉઠ્યાં. અને પોતાની નિત્ય પૂજા કરી. સ્વામિનારાયણ મંદિરમાં મહાપૂજાનું આયોજન રાખેલ, જેમાં (શાસ્ત્રી ધર્મકિશોરદાસજી) સ્વામીએ ભગવાનનો મહિમા સમજાવી દિવ્ય સમૂહ મહાપૂજા કરાવી. મહાપૂજામાં મહારાજશ્રીએ પધારી બધાં હરિભક્તોને દર્શનનો લાભ આપ્યો. ત્યારપછી સાંજે પોતાના ઉતારે જઈને પછી બપોરનો થાળ ત્યાં જમ્યાં. પછી સાંજે મંદિરમાં સત્સંગ સભાનું આયોજન રાખેલ હતું. તેમાં સંતોએ મહારાજ પ્રત્યેની નિષ્ઠા વધે એવી મહારાજની દિવ્ય લીલાઓની વાતો કરી. અને પછી હરિભક્તો આતુરતા પૂર્વક પ્રતિક્ષા કરી રહ્યાં હતા તેવું મહારાજનું સ્વરૂપ ઓળખાય એવું સુંદર આશીર્વચન પૂ. મહારાજશ્રીએ આપ્યું. અને હરિભક્તોએ પૂ. મહારાજશ્રીને તાળીઓથી વધાવી લીધા. અને પછી પૂ. મહારાજશ્રીએ સંધ્યા આરતી ઉતારી પોતાને ઉતારે પધાર્યા. ત્યાં સાંજનો થાળ લઈ પછી હરિભક્તો જોડે મંદિરના ભવિષ્ય માટે મિટિંગ કરી. પછી પોતાના રૂમમાં જઈ શયન કર્યું.

તા. ૯-૧૨-૨૦૦૭ના રોજ સાંજે **Dalas** પહોંચ્યા ત્યાં શ્રી અરૂણભાઈને ત્યાં ઉતારો કર્યો. અને સાંજે **Dalas** મંદિરે સભામાં પધાર્યા. જ્યાં આપણા યુવા સંતોએ હરિભક્તોને શ્રીજી મહારાજ અને ધર્મકુળ મહિમાની અદ્‌ભુત વાતો કરીને રાજી કર્યા. ત્યારબાદ **Dalas** ના આપણા હરિભક્તો ઉપર ખૂબજ પ્રસન્ન થયેલા પૂ. મહારાજશ્રીએ નિયમ, નિશ્ચય અને પક્ષ શિર સાટે પાળવા, તેમજ હરિભક્તોમાં બે દેશની ગાદીની વફાદારી પ્રત્યક્ષ જોઈને ખૂબજ રાજી થયા. અહીંના સત્સંગનો ખૂબજ વિકાસ થાય અને હરિભક્તો સાથે મળી ભજન ભક્તિ અને ભગવાનનું વિશેષ સ્મરણ કરશો તેવા રૂડા આશીર્વાદ આપ્યા. અહીં ઘણા હરિભક્તોને ત્યાં પધરામણી કરી.

તા. ૧૦-૧૨-૦૭ ના સવારે **Murphy** પહોંચ્યા. ત્યા અરૂણભાઈ અને ધીમંત પટેલ ને ત્યાં પધાર્યા. ત્યાંથી **Richardson** અને **Murphy** માં અતુલ પટેલ, કૌશિક અમીન, **Mckinney**માં યોગેશ જોશી, અમિત જોશી **Plano**માં રાજેશ પટેલ, **Carrollton** માં એ.જે. પટેલ, શ્યામ પટેલ અને **Coppell**માં દિવ્યેશ પટેલને ત્યાં પધરામણી કરીને સૌ હરિભક્તોને અલૌકિક મહાસુખ આપી રાજી કર્યા. અને સૌ ભક્તો ઉપર ખૂબજ પ્રસન્ન થયા.

સાંજે **Coppell** થી જયેશ પટેલને ત્યાં અને ત્યાંથી **Lewissville** માં અજય શેલડીયા, ત્યાંથી **Irving** માં ભરત પટેલ, વિનુ અધેરા, અમિત અમીન અને **Grande Prairi** માં દિપક પટેલને ત્યાં **Arlington** માં નિશાંત ઠક્કર અને નિલેશ શાહને ત્યાં પધરામણી કરી

તા. ૧૧-૧૨-૨૦૦૭ના રોજ **Coppell** માં દિવ્યેશ પટેલને ત્યાં પધાર્યા ત્યાંથી **Dention** પ્રવિણ પટેલ, મયુ મીરાણી, **Flower Mound** કેતન પટેલ અને **Lewissvill** ગોપેશ પટેલ, વિપુલ પટેલ અને દિવ્યેશ પટેલને ત્યાં **Coppe**

પધાર્યા. Grande Prairie દિપેન સોની Irvingમાં સુભાષ સોની, અજય સોનીને ત્યાં પધાર્યા. સાંજે અજય સોનીને ત્યાં ફરી પધાર્યા. અને ત્યાંથી અને ધીરેન સોની, વિપુલ પટેલ Lewissville માં અને પછી ત્યાંથી દિનેશ પટેલને ત્યાં સાંજે રાત્રી રોકાણ કર્યું. અને બધાય હરિભક્તોના મનના સંકલ્પોને પુરા કરતા કરતા હરિસ્મરણ સાથે પૂ. મહારાજશ્રીએ શયન કર્યું.

તા. ૧૨-૧૨-૨૦૦૭ ગ્લાસમાં બધાય ભક્તોને દર્શન આપી સવારે દસ કલાકે એલ.એ. જવા માટે પ્રસ્થાન કર્યું. ૫ કલાકની દૂર તય કર્યા બાદ મહારાજશ્રી (એલ.એ.) એરપોર્ટ ઉપર પહોંચ્યા. ત્યાં (આઈ.એસ.એસ.ઓ.) ના ચેરમેન નટુભાઈ અને ઈશ્વરભાઈ આદિ ભક્તોએ ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું. ત્યાંથી હરિભક્તો સાથે પયોનિયર આવ્યા. ત્યાં સ્વામિનારાયણ મંદિરે પહોંચ્યા. મંદિરમાં ઘનશ્યામ મહારાજ, રાધાકૃષ્ણદેવના દર્શન કરી પૂ. મહારાજશ્રી ઉતારે પધાર્યા. પછી સંધ્યા આરતી ઉતારી પછી આરામ માટે ગયા.

તા. ૧૩-૧૨-૨૦૦૭ બીજા દિવસે સવારે પધરામણી ચાર-પાંચ હરિભક્તોને ત્યાં કરી પછી મંદિર પધારી ભોજન ગ્રહણ કર્યું. પછી બપોરે ૨-૩૦ કલાકે મંદિરથી લોંસ વેગાસમાં નટુભાઈ અંબાલાલ પટેલ ડાંગરવાવાળાને ત્યાં પધરામણી કરી. પછી ત્યાંથી ચાર-પાંચ સ્ટોરમાં પધરામણી કરી. અને ત્યાંથી પ્રસ્થાન કરી વડતાલ ગાદીનાં મંદિરમાં પધાર્યા. ત્યાં સંધ્યા આરતી ઉતારી આશીર્વચનનો લાભ બધાંય હરિભક્તોને આપ્યો. પછી ત્યાંથી નીકળી આપણા મંદિરે પહોંચ્યા. ત્યાં ભોજન કર્યા બાદ શયન માટે પધાર્યા.

તા. ૧૪-૧૨-૨૦૦૭ પ્રાતઃ સમયે હરિસ્મણ સાથે મહારાજશ્રીએ નિત્યકર્મ કર્યું. પ્રાત પૂજા કરી અને ઘનશ્યામ મહારાજ, રાધાકૃષ્ણદેવના સાનિધ્યમાં સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણની દિવ્ય મહાપૂજાનું આયોજન કર્યું. સમૂહ મહાપૂજામાં ૭૦-૮૦ હરિભક્તોએ લાભ લીધો. મહાપૂજાની શરૂઆતમાં ધર્મકિશોર સ્વામીએ મહાપૂજાનું મહાત્મ્ય સમજાવ્યું અને મહાપૂજાની શરૂઆત પ.પૂ. મહારાજશ્રી દ્વારા શરૂ કરવામાં આવી અને પૂર્ણાહુતિની આરતી પણ મહારાજશ્રીએ ઉતારી. પછી બપોરના સમયે મંદિરમાં થાળ ગ્રહણ કર્યો. અને સંધ્યા સમયે ત્રણ-ચાર હરિભક્તોને ઘેર પધરામણી કરી. અને પછી મંદિર દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન રાખેલું હતું. ધૂમધામથી શોભાયાત્રા મંદિરમાં પહોંચી. ત્યાં પહોંચ્યા બાદ સુંદર સત્સંગિ ભૂષણ કથાનું આયોજન કર્યું હતું. જેમાં વક્તાશ્રી એ સુંદર કથા કરી. પછી પૂ. મહારાજશ્રીએ ભોજન ગ્રહણ કરી શયન માટે પધાર્યા. સૌથી વધુ આનંદની વાત તો એ છે કે અહિંયા દૂર-સુદૂરથી હરિભક્તો એન.એન.ડી.વાય.એમ. નાં સદસ્ય જેમ કે, હ્યુસ્ટનથી પધારેલાં મનજીભાઈ, ન્યુજર્સીથી પધારેલ પંકજભાઈ, એડીસનથી યુવક મંડળના યુવકો અને લંડનથી ભાવિન પાઠક, બોસ્ટનથી યુવક મંડળના ઘણા જ યુવાનો પધારેલા.

તા. ૧૫-૧૨-૨૦૦૭ના રોજ પૂજ્ય મહારાજશ્રી સવારે પૂજાવિધિ પતાવી સભામાં ૯-૦૦ થી ૧૨-૦૦ સુધી કથામાં દર્શનનો લાભ આપતા. એ દરમ્યાન સંતોના પ્રવચન અને યજમાનોનું ફૂલહારથી સન્માન કરી આશીર્વાદ આપતા.

તા. ૧૬-૧૨-૨૦૦૭ નો શુભ દિન મંગલકારી અને દિવ્ય હતો. સત્સંગી માત્ર માટે સોનાનો સૂર્ય ઉદય થયો હોય તેમ આજે આપણા એલ.એ. મંદિરનો ૭મા પાટોત્સવનો શુભ દિવસ હતો. જેમાં પૂ. મહારાજશ્રીની આજ્ઞા આશીર્વાદથી આપણા યુવા સંત શાસ્ત્રી ધર્મકિશોર સ્વામીએ વેદોક્ત, શાસ્ત્રોક્ત રીતે વિધિસર શ્રી ઘનશ્યામ મહારાજ અને શ્રી રાધાકૃષ્ણદેવની ષોડશોપચાર મહાભિષેક પાટોત્સવ વિધિ કરાવી ત્યારે સર્વે ઉપસ્થિત ભક્તોની આંખોમાં એ દિવ્ય દર્શનની ઝાંખી થઈ. જ્યારે એલ.એ. મંદિરમાં પૂજ્ય મોટા મહારાજશ્રીએ મૂર્તિ પ્રતિષ્ઠા કરી હતી ત્યારે ઘનશ્યામ મહારાજે પ.પૂ. મહારાજશ્રીનો ખેસ પકડી બતાવ્યું હતું કે આ જ મારૂં સ્વરૂપ છે. અને એમનાં દ્વારા પ્રતિષ્ઠિત સ્વરૂપમાં હું સદાય વિરાજમાન છું. આ દિવ્ય દર્શનની ઝાંખીની અનુભૂતિ જ્યારે પૂ. મહારાજશ્રીએ અભિષેક કર્યો ત્યારે બધાયને થઈ. ત્યાર પછી સભાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સંતવાણીમાં ધર્મકિશોર સ્વામીએ હિન્દીમાં સુંદર પ્રવચન કર્યું હતું.

પૂ. મહારાજશ્રીએ પોતાની અમૃતવાણીમાં કહ્યું, "જેને સત્સંગમાં અને પ્રભુ કૃપામાં પ્રીતિ છે. એમનામાં સારા ગુણોનું સિંચન થઈ રહ્યું છે. અને દિન પ્રતિદિન પ્રગતિના પંથ પર છે. અને જેને ભગવાનનાં સ્વરૂપમાં પ્રીતિ છે એનું કલ્યાણ સહેજ જ થઈ રહ્યું છે. અને દિન પ્રતિદિન મંદિરમાં આવી ભગવાનનાં દર્શન ભજન સત્સંગની પ્રવૃતિ કરતાં રહેજો. આવી પોતાની અમૃતવાણીનો લાભ આપી પ્રસાદ માટે પધાર્યા અને પછી ફ્રેશ થઈ એલ.એ. એરપોર્ટથી ૩-૪૦ ફ્લાઈટથી (સાનહોજે) પહોંચ્યા. સાંજે ૫-૨૦ પી.એમ. સાનફ્રાંસ્સિકોના એરપોર્ટ ઉપર ૫-૨૦ કલાકે પહોંચ્યા અને ત્યાં એરપોર્ટ ઉપર

પ્રશાંતભાઈ, દિલીપભાઈ આદિ ઘણા હરિભક્તોએ પૂ. મહારાજશ્રીનું ભવ્યાતિભવ્ય સ્વાગત કર્યું. અને ત્યાંથી સીધાં હિંદુ ટેમ્પલમાં ગયા. ત્યાં હરિભક્તો હરિકીર્તન કરતા હતા. પૂ. મહારાજશ્રી ત્યાં પહોંચ્યા એટલે બધાં હરિભક્તોએ શ્રીહરિ ની જયઘોષ સાથે પૂ. મહારાજશ્રીને વંદન કર્યા. ધર્મકિશોર સ્વામીએ સુંદર કથાનું રસપાન કરાવ્યું. પછી બધાંય હરિભક્તો જેમની મધુરવાણી માટે તડપી રહ્યાં હતા એવા પૂ. મહારાજશ્રીની અમૃતવાણીનો લાભ લીધો. પૂ. મહારાજશ્રીએ પોતાની અમૃતવાણીમાં કહ્યું, "જીવાત્મા આ નશ્વર શરીરનાં સ્વરૂપને ઓળખે તો તે આ લોક અને પરલોકમાં મહાસુખીયા થાય છે." અલૌકિક અમૃતવાણીનો લાભ આપી પૂ. મહારાજશ્રીએ ઠાકોરજીની આરતી ઉતારી. અને પછી બધાંય હરિભક્તોએ શિસ્તબધ્ધ લાઈનમાં પૂ. મહારાજશ્રીનાં ચરણ સ્પર્શ કર્યા. અને ત્યાંથી બાય કાર બળદેવભાઈ, મધુસૂદનભાઈ આદિ હરિભક્તોને ત્યાં પધરામણી કરી. પછી ત્યાંથી પોતાને ઉતારે પધાર્યા. પૂ. મહારાજશ્રીનો ઉતારો દિલીપભાઈ ત્રિવેદીને ત્યાં રાખવામાં આવેલ હતો. રાત્રી ભોજન કરી પૂ. મહારાજશ્રીએ આરામ કર્યો.

તા. ૧૭-૧૨-૨૦૦૭ પ્રભાતમાં મહારાજશ્રી ઉઠી સ્નાન વિધિ કરી પ્રાતઃપૂજા કરી પછી ૮-૧૫ પર દિલીપભાઈનાં ઘરેથી નીકળી પ્રશાંતભાઈના ઘરે પધરામણી માટે નીકળ્યા. ત્યાં સવારનો નાસ્તો કર્યો. અને ત્યાં આરતી ઉતારી મંદિરની જગ્યા જોવા માટે ગયા.. ત્યાં નિરિક્ષણ કરી સાત-આઠ હરિભક્તોને ત્યાં અલગ અલગ એરીયામાં પધરામણી કરી. એ બધી જગ્યાએ પોતાના સ્વરૂપ અને વાણીનો લાભ આપતાં બધાંયને પ્રસન્ન કરતાં થકા બપોરે બે વાગ્યાની આસપાસ પુનઃ પોતાના નિવાસ ઉપર પધાર્યા. શાલીગ્રામ ભગવાનને ભોગ ધરાવ્યો અને હરિભક્ત દિલીપભાઈને ત્યાં હરિભજન અને દિવ્ય સત્સંગનો લાભ આપ્યો અને દિલીપભાઈને ત્યાં બધાય સત્સંગીઓ મહારાજશ્રીને મળવા માટે આવ્યાં અને રાત્રીએ ફરી સાન્ફ્રાસિન્કો એરપોર્ટથી ફિલાડેલ્ફીયા ના સાઉથજર્સી ચેરીહિલ મંદિર પધાર્યા.

## આપણું પૂર્વ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબી અસર ગ્રસ્તોની વહારે

પૂર્વ આફ્રિકાના કેનિયા દેશમાં ત્યાંની સ્થાનિક પાર્લામેન્ટની ચૂંટણીના વિપરિત પરિણામ આવતા, અહીં ભયંકર તોફાનો થયા, તેમાં ઘણા જ ભારતીયો અને ગુજરાતી લોકો મૃત્યુ પામ્યા. હજારો લોકો ઘરબાર વિનાના થઈ ગયા. અનેક લોકો ઘરબાર છોડીને આપણા મંદિરોમાં આશરો લેવા દોડી આવ્યા. કાળનું પ્રધાનપણું હોવાથી આપણા ઘણા હરિભક્તોને પણ અસર થઈ હતી. કેનિયાની આવી કપરી અને ભયંકર પરિસ્થિતિના સમાચાર અમદાવાદમાં આપણા પ.પૂ. મોટા મહારાજશ્રી અને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ દૈનિક પેપર અને ટી.વી.ના માધ્યમથી જાણીને ત્વરિત કેનિયાના જુદાં જુદાં નાઈરોબી, મોમ્બાસા, કિસુમુ, એલ્ડ્રોઈટ, નકુરૂ આદિ શહેરોમાં વસતા હરિભક્તોને ફોન-ફેક્સથી સંપર્ક કરીને રોજે રોજ ત્યાંની પરિસ્થિતિના સમાચાર મેળવતા હતા. ત્યારબાદ ભુજ મંદિરના મહંત સ્વામીને પણ આપણા હરિભક્તો માટે જે કાંઈ મદદ-સહાય કે વ્યવસ્થા કરવા તાકીદે આજ્ઞા કરી. આપણા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આશીર્વાદ પ્રેરણાથી અને ભુજ મંદિરના મહંત સ્વામીના માર્ગદર્શનથી આપણા ઈસ્ટ આફ્રિકા સત્સંગ સ્વામિનારાયણ મંદિર નાઈરોબીના તમામ હરિભક્તોએ જીવન જરૂરિયાત, ઘર વપરાશની ચીજો, પાગરણ વગેરે વિપુલ પ્રમાણમાં વસ્તુઓ અસર ગ્રસ્તો માટે એકઠી કરી હતી. જેની કિંમત ત્યાંના ૨૦ લાખ શિલીંગ્સ જેટલી થાય. આ બધી વસ્તુઓનું વિતરણ કરવા માટે પાર્લામેન્ટના સભ્યો અને રેડકોર્સના જનરલ સેક્રેટરીને આપણા મંદિરમાં આમંત્રણ આપી બોલાવીને આપણા ભૂજ મંદિરના અત્રે પધારેલા સ્વામી શ્રીહરિદાસજી આદિ સંત મંડળ તેમજ અધ્યક્ષશ્રી લક્ષ્મણભાઈ રાઘવાણી, ઉપાધ્યક્ષ દેવશીભાઈ ગરારા, ખજાનચી મનજીભાઈ રાઘવાણી, મંત્રીશ્રી, તથા કાર્ય વાહક સમિતિના સભ્યોની ઉપસ્થિતિમાં તમામ એકઠી કરેલ સામગ્રી તેઓશ્રીને સુપ્રત કરી હતી.

આપણા આવી માનવ સેવા અને કપરા સંજોગોમાં આપણું મંદિર હંમેશા અગ્રેસર રહેતું હોવાની જાણ હોવાથી રેડકોર્સ અને લોક સભાના મેમ્બરો ખૂબજ લાગણીવશ અને ગદ્‌ગદ્‌ીત થઈ બોલ્યા કે મૂળ સ્વામિનારાયણ સંપ્રદાયના ગુજરાત-કચ્છના સત્સંગીઓની આવી સેવા પ્રવૃત્તિથી અમે આપના ખૂબજ આભારી છીએ. આમ આ રીતે આપણા નાઈરોબીના મંદિર દ્વારા અસર પિડીતોને મદદ પહોંચાડવામાં આવી હતી.

*(મંત્રી ગોરસીયા ભીખાલાલ, શ્રી.પુ.આ.સ.સ્વા.મંદિર નાઈરોબી)*

# સર્વાંગસુષમિ

## "સુખના સૂરજ બની આવ્યા સહજાનંદ"

- અતુલ ભાનુપ્રસાદ પોથીવાલા (અમદાવાદ)

સંવત ૧૮૫૬ ની શ્રાવણ વદી છઠનો એ દિવસ હતો. શ્રાવણ માસ હતો છતાંય એ દિવસે સૂરજનાં આછા અજવાળાં આકાશમાં દેખાતા હતા. પનિહારીઓ માથે ગાગર અને કેડમાં ઘડા લઈને લોજ ગામની વાવે પાણી ભરવા આવી. તેમની નજર નીલકંઠવર્ણી પર પડી. સૌ અવાક બની ગઈ ! સૌનાં મન નીલકંઠની મનોહર મૂર્તિમાં તણાઈ ગયા ! બધી સ્ત્રીઓ પરસ્પર વાતો કરવા લાગી, "જો તો ખરી ! કેવાં સુંદર બાળબ્રહ્મચારી બેઠા છે ! જાણે રાજકુમાર જ બ્રહ્મચારી બનીને આવ્યા છે ! આટલી નાની ઉંમરમાં શા માટે વૈરાગ્ય લીધો હશે ? એમની માને કેટલું દુઃખ થયું હશે ? ચાલ આપણે એમને બધું પૂછીએ."

એક પછી એક પનિહારી આવી નીલકંઠને પૂછવા લાગી, "આંખો ખોલી, બોલો બાલુડા જોગી, તમે વૈરાગ્ય શાને લીધો ? શું મા-બાપ લાડ નહોતા લડાવતાં ? કે પછી ભાઈ-ભાભીથી રિસાઈને વૈરાગ્ય લીધો છે ?

ત્યાં બીજી બોલી, "હાય, એમના શરીર સામું તો જુઓ, નરી નાડીઓ દીસે છે. કેટલું તપ કર્યું છે. કાંટાળી વાડમાં કેમ ચાલ્યા હશે ? જંગલ અને પહાડોમાં રાત-દિવસ કેમ ગાળ્યા હશે ? અન્ન જળ વિના દિવસો કેમ પસાર કર્યા હશે ? આવું કોમળ શરીર લઈને વગડામાં રેતીમાં કેવી રીતે સૂતા હશે ? આવા ઉઘાડે શરીરે તમે ટાઢ, તડકો અને વરસાદ કેવી રીતે સહન કર્યા ? બાળુડા જોગી, અમને વાત કરો !"

પરંતુ નીલકંઠવર્ણી તો ધ્યાનમાં મસ્ત હતા. છેવટે બધી પનિહારીઓએ વિનંતી કરી, "હે પ્રભુ ! હે બાળજોગી ! કૃપા કરીને અમારે ઘેર પધારો. અમે નિત્ય નવી રસોઈ કરીને જમાડીશું. અમારી સેવા અંગીકાર કરી અમારું ઘર પાવન કરો." નીલકંઠ તો ધ્યાનમાં અવિચળ બેઠા હતા. છેવટે બધી પનિહારીઓ અંદરો અંદર ગુણગાન ગાતી પાણીની ગાગરો લઈ ઘર તરફ પાછી ચાલી ગઈ !

શ્રાવણ માસનો ઝરમર ઝરમર વરસાદ થોડીવાર વરસી ગયો. પવનના સૂસવાટે નીલકંઠવર્ણીના વાળ જટામાંથી ફરકવા લાગ્યા. તેજસ્વી કપાળ અને ધ્યાનમગ્ન આંખો શોભતી હતી. મુખ ઉપર મંદ હાસ્ય હતું. ગળામાં કંઠી, પાસે દંડ અને કમંડળ હતાં. મૃગ-ચર્મ ઉપર અવિરત ધ્યાન કરતા નીલકંઠવર્ણીના શરીરમાંથી બ્રહ્મતેજ ઝગારા મારતું હતું. વાવની આસપાસ જાણે શીતળ તેજની આભા પથરાઈ ગઈ હતી !

એવામાં રામાનંદ સ્વામીના શિષ્ય સુખાનંદ સ્વામી ત્યાં વાવ પર નહાવા આવ્યા. તેમની નજર નીલકંઠ પર પડી. તરત જ તેમની ઈન્દ્રિયો નીલકંઠવર્ણીના સ્વરૂપમાં તણાઈ ગઈ ! તેમણે નજીક જઈ નીલકંઠને પ્રણામ કર્યા. ધ્યાનમાંથી જગાડીને પૂછ્યું, "બાળબ્રહ્મચારી આપ ક્યાંથી આવ્યા છો ? ક્યાં જવું છે ? આપનાં માતા પિતા કોણ છે ?"

નીલકંઠવર્ણીએ પ્રત્યુતર આપ્યો, "બ્રહ્મપુરથી આવ્યો છું. પાછું બ્રહ્મપુર જવું છે. ત્યાં જે લઈ જાય તે જ ખરાં મા બાપ છે."

સુખાનંદ સ્વામી તો આ ઉત્તર સાંભળી આભા જ બની ગયા. તેમને થયું "આ તો વ્યાસજી જેવા વિદ્વાન બ્રહ્મચારી લાગે છે."

પછી નીલકંઠે તેમને પ્રશ્ન પૂછ્યો, "મુનિવર્ય ! જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ સમજાવો." આવો કઠણ પ્રશ્ન સાંભળી સુખાનંદ તો દંગ થઈ ગયા. તેમણે કહ્યું, "આ પ્રશ્નનો ઉત્તર મને નહિ આવડે પરંતુ અહીં ગામમાં અમારા ગુરુ રામાનંદ સ્વામીનો આશ્રમ છે. આશ્રમમાં મુક્તાનંદ સ્વામી નામના એમના સમર્થ શિષ્ય રહે છે. તેઓ અમારા મોટેરા ગુરુભાઈ છે. આપ તેમની પાસે આવો. મળવા જેવા સંત છે. તમારા પ્રશ્નનો ઉત્તર તેઓ જરૂર આપશે. આપ નહીં આવો તો કહો તો એમને અહીં બોલાવી લાવું."

"નીલકંઠવર્ણીએ સ્વામીની નિષ્કપટ વાણી સાંભળી. પોતાના ગુરુભાઈ પ્રત્યેનો આવો નિરમાની ભાવ નિહાળી શ્રીહરિ અત્યંત રાજી થયા કહેવા લાગ્યા." સ્વામી ! આમ તો અમે ગામ કે શહેરમાં જવાનું ટાળીએ છીએ. પરંતુ આવા સમર્થ સંતના દર્શન કરવા માટે અમે જરૂર આપની સાથે રામાનંદ સ્વામીના આશ્રમમાં આવીશું."

સુખાનંદ સ્વામીના આનંદનો પાર ન રહ્યો. શ્રીહરિ તરત જ ઊભા થઈ સુખાનંદ સ્વામીની સાથે રામાનંદ સ્વામીના આશ્રમ આવવા નીકળ્યા. બંને આશ્રમમાં આવ્યા. મુક્તાનંદ

સ્વામીએ નીલકંઠવર્ણીનો સત્કાર કર્યો અને આસન આપી બેસાર્યા. નીલકંઠવર્ણીએ ફરીથી તે જ પ્રશ્ન મુક્તાનંદ સ્વામીને પૂછ્યો. મુક્તાનંદ સ્વામીએ જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મનું સ્વરૂપ સંતોષકારક રીતે સમજાવ્યું પછી મુક્તાનંદ સ્વામી બોલ્યા, "મેં મારી બુદ્ધિ અનુસાર ઉત્તર આપ્યા છે. જો આપ અહીં રહો અને અમારા ગુરુ રામાનંદ સ્વામીને મળી, એમની પાસેથી વાતો સાંભળો તો બહુ આનંદ થશે. સ્વામી તો સાક્ષાત્ ઉદ્ધવના અવતાર છે. અને સૌને રાધાકૃષ્ણની ભક્તિ કરાવે છે."

નીલકંઠવર્ણીએ જોયું કે રામાનંદ સ્વામીના શિષ્યો સૌ શુદ્ધ અને પવિત્ર છે. એમને કોઈ વ્યસન નથી. કેવળ ભગવાનની જ ભક્તિ કરે છે. આથી શ્રીહરિ એ કહ્યું, "સ્વામી આપે સુંદર ઉત્તર કર્યો. આ પ્રશ્નો અમે કેટલાય તીર્થોમાં કેટલાય મહાત્માઓને પૂર્યા હતા પરંતુ કોઈથી આનો ઉત્તર થઈ શક્યો ન હતો. તે ઉત્તર આપે કર્યો છે. વળી અમારા પિતા ધર્મદેવ પણ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. એવી વાત અમારા પિતાએ બાળપણમાં કરી હતી તે અમને હજી યાદ છે. માટે અમને રામાનંદ સ્વામીના દર્શનની ઈચ્છા છે."

મુક્તાનંદ સ્વામીએ ફરીથી વિનંતી કરી, "હાલ અમારા ગુરુ સ્વામી રામાનંદજી કચ્છ દેશમાં સત્સંગ અર્થે વિચરણ કરે છે. તેઓ આવે ત્યાં સુધી આપ અહીં અમારી ભેળા રહો. સાથે રહીને આપણે સત્સંગ કરીશું."

નીલકંઠવર્ણીએ મુક્તાનંદ સ્વામીની વિનંતી સહર્ષ સ્વીકારી લીધી !

આ રીતે સાત વર્ષ એક માસ અને અગિયાર દિવસ સુધી વન વિચરણ કર્યા પછી છેલ્લે લોજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમમાં આવીને નીલકંઠવર્ણી રોકાયા.

ઉત્તરે છપૈયા ગામે ઉદય થયેલ સહજાનંદી સૂરજ, લોજ ગામની ભાગોળે ક્ષણિક થોભ્યો અને સુખાનંદ સ્વામી એ સૂરજને આશ્રમમાં ખેંચી લાવ્યા.

ગુજરાત સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર સંવત ૧૮૫૬ના શ્રાવણ વદી છઠના એ દિવસે, સુખ અને સહજ આનંદના પ્રણેતા એવા સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ, નીલકંઠવર્ણી સ્વરૂપે પધાર્યા અને આ ધરાને ધન્ય બનાવી દીધી !

---

(અનુસંધાન પેઈજનું ૯)

## .....ચરણ સુખ

ધીમે પગ ચંપી કરવા લાગ્યા. ત્યારે અચાનક મહારાજે પોતાના ચરણ પાછા ખેંચી લીધા. તેથી સ્વામી ભોંઠા પડી ગયા અને રડવા લાગ્યા ! રડતા રડતા બોલ્યા મહારાજ ચરણ કેમ ખેંચી લ્યો છો ? અમે તમારા માટે ઘર-બાર છોડ્યા ! સંસાર છોડ્યો ! આ બધુંય તમ કાજે છોડ્યું છતાંય આમ ચરણ ખેંચી લ્યો છો ? મહારાજ કહે, સ્વામી તમે તો અમને પામવા માટે ઘર-બાર છોડ્યા પણ તમે વિરાટ નારાયણ સામે જુઓ તો ખ્યાલ આવે કે વિરાટ નારાયણે અમને પામવા માટે ૫૦, ૫૦ હજાર વર્ષ સુધી ઉંધે માથે તપ કર્યું તોય એમને અમારી ઝાંખી નથી થઈ. એ તો તમને સહજે સહજે મળી ગયા છે એટલે તમને હજુ ખ્યાલ નથી કે આ ચરણ કેટલા મોંઘા છે. સ્વામી તો આ સાંભળી રડવા લાગ્યા. તેથી મહારાજે દયા કરીને ચરણ લાંબા કર્યા. પ્રેમથી આ દિવ્ય ચરણનું સુખ લીધું. તો જોયું ભક્તો ! આ તો આપણને સહજે સહેજે મહારાજના દિવ્ય ચરણ મળ્યા છે એટલે આપણને એમનો સંપૂર્ણ મહિમા નથી. આ તો એમની કૃપા વડે મળ્યા છે. તો જોયું ભક્તો ! આ ચરણ કેટલા મોંઘા છે. એ તો મહારાજે આપણા ઉપર દયા કરી એટલે એમની ઓળખાણ થઈ. અને ભગવાને તો આપણને કોલ આપ્યો છે કે અમારા ભક્તોના સંકલ્પો અમે અમારા સ્થાને બિરાજેલા આચાર્યમાં રહીને પુરા કરશું. એટલે આ આચાર્ય અમારું અપર સ્વરૂપ છે. એમને પૂજજો એમને માનજો. એમની આજ્ઞામાં રહેજો. અને એમના ચરણ સ્પર્શ કરશો તો અમારા ચરણસ્પર્શ કર્યાનું પુણ્ય મળશે. તો ભક્તો ! આવા મોંઘા ચરણ મળ્યા છે તો ઓળખી રાખજો અને જ્યારે પણ ભગવાનના દર્શન કરો ત્યારે એટલું જ માગજો ચરણ સુખ માંગુ મેં મહારાજ !

**चरण सुख मांगु मे महाराज,**
**दिन दयालु कृपा करी देना ।**
**हमे तुम्हारा शरणागत बनाना,**
**रात दिवस नित्य चरण सुख मागुं..... चरण सुख...**
**चरण सुख देना श्री महाराज ..... चरण सुख...**

### નવા ચૈત્રી વ્રતોત્સવ નિર્ણયનું પ્રકાશન

સમસ્ત સત્સંગને જણાવવાનું જે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અમદાવાદ શ્રી સ્વામિનારાયણ મંદિર તરફથી સંવત ૨૦૬૪ ચૈત્ર માસથી સંવત ૨૦૬૫ ફાગણ માસ પર્યન્તના વ્રત ઉત્સવના નિર્ણય પ્રકાશિત કરવામાં આવેલ છે. જે અમદાવાદ મંદિરના સાહિત્ય કેન્દ્ર પરથી મળી શકશે.

# સત્સંગ ભાલપાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી (ગાંધીનગર)

## તમે ક્યારે નિવૃત્તિ લેશો ?

**- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)**

સુંદરજીભાઈ સુથારને શ્રી રામાનંદ સ્વામીએ કંઠી બાંધેલી. એમણે સ્વામિનારાયણ ભગવાનની ભક્તિ-ઉપાસના શિર સાટે કરેલી. આવા મોટા સત્સંગી છતાં એમના જીવનમાં પણ એક ગરબડ થઈ ગયેલી. પણ ધ્યાન રાખજો. મોટા પવિત્ર પુરૂષોના કે મહાપુરુષોના જીવનમાં આપણને ક્ષતિ જણાય એવી ઘણી કથાઓ શાસ્ત્રોમાં-પુરાણોમાં લખાયેલી જોવા મળે છે. પણ એની પાછળ રહસ્ય મોટું છુપાયેલું હોય છે.

એક છોકરાને એવી એક કુટેવ હતી કે જ્યારે જ્યારે એ કેળું ખાય ત્યારે ત્યારે છાલ રસ્તા વચ્ચે જ નાંખી દે. એના બાપાને કાયમ એક બીક લાગ્યા કરે કે, કાં તો આપણામાંથી કોઈક પછડાશું અથવા કોઈ અજાણ્યા માણસના પગ નીચે છાલ આવશે તો તે પછડાશે. તેના પિતાએ ત્રણ-ચાર વાર એને સમજાવેલું પણ ખરું કે, બેટા ! કેળું ખાઈને છાલ આમ રસ્તામાં ન નંખાય. પણ એ વાત તેના વિચારમાં ઉતરતી નહીં. અને સામું પૂછે કે, કેમ ન નંખાય.' મને એ સમજાવો. તેના પિતાએ વિચાર કર્યો કે આને વાત કરવાથી સમજાશે નહી. પણ પ્રેકટીકલ નજરે દ્રશ્ય દેખાય તો કદાચ માનવામાં આવે અને સમજાઈ જાય ! છોકરાએ પૂછયું, બાપુજી ! કેળાની છાલ રસ્તા વચ્ચે નાંખીએ તો શું થાય ? એટલે તેના પિતાએ ઉતાવળા ચાલવાની રીત અજમાવી અને જાણે અચાનક છાલ ઉપર પગ આવે છે, પગ લપસે છે અને પડી જાય છે તેવી એકશન કરી બતાવી. પછી કહ્યું, જોયું ને બેટા ! જેમ હું પડી ગયો તેમ બીજા પણ પડી જાય. અને હાથપગમાં વાગે એ જુદું. એ છોકરાને વાત સમજાઈ ગઈ. પપ્પા પડી ગયા એમ બીજા પણ પડી જાય. પણ ખરેખર તો પપ્પા પડ્યા ન હતા, પણ બાળકને/પુત્રને બોધપાઠ આપવા પડી બતાવ્યું. એમ મહાપુરુષોના જીવનમાં ક્યાંક ખામી, ક્યાંક ક્ષતિ દેખાય, એ પોતે પડીને આપણા ઉપદેશ માટે બતાવે છે કે, "જો ધ્યાન ન રાખે તો અમારા જેવો શક્તિશાળી પણ પડી જાય. અને એની આવી દશા થાય તો હે સંસારી જીવો ! તમારી શું દશા થશે !"

સુંદરજીભાઈ પોતે સત્સંગી સારા - પૂર્વના મુક્ત હતા પણ એમના જીવનમાં એક એવી ઘટના બનેલી. રાજકારણ ના શોખીન હતા. અને વળી ભૂજ રાજ્યના સચિવ હતા. પ્રવૃત્તિ એટલી બધી વિકસાવેલી કે નવરાશની પળ ન કાઢી શકે. પોતે સચિવ તેથી મોટા મોટા માણસોને મળે. નિષ્કુળાનંદ સ્વામીએ તો શરૂઆતમાં તેમની ઓળખાણ આપી, "સત્સંગના તે શિરોમણિ" આમ સત્સંગમાં શિરોમણિ પણ મુશ્કેલી શું ? સ્વામી લખે છે કે, "સત્સંગમાં શિરોમણિ પણ રાખતો પ્રવૃત્તિ ઘણી." સુંદરજી સુથાર શિરોમણિ ભક્ત પણ પ્રવૃત્તિ એટલી બધી રાખે - તેમના ઘરે રોજ મોટા મોટા માણસો મળવા આવે. આજે ફલાણા સાહેબ મળવા આવ્યા. કાલે નાયબ કલેકટર સાહેબ મળવા આવવાનાં છે. રોજે રોજ આ સાહેબને તે સાહેબ. મળવા આવનાર બધા સાહેબો એટલે કોઈને ના ન પડાય. સ્વામી આગળ લખે છે કે, "મોટા મોટા માણસનો મોબતી, શેઠ શાહુકારનો સોબતી." મોટા માણસો સાથે મોબત અને સોબત રાખે પણ એ બધા કેવાં હતાં ? સ્વામી લખી જણાવે છે કે, "તે તો સર્વે હરિથી વિમુખ, તેની સાથે નિત્ય પ્રત્યે રૂખ."

મોટા ગણાતા બધાય વ્યક્તિઓ સત્સંગી નથી હોતા પણ પ્રભુથી વિમુખ જ હોય છે. સંસ્કારના નામે છાંટો પણ ન હોય પણ કંઈને કંઈ કારણે સાહેબ બની બેઠા હોય. તો આ સુંદરજીભાઈને સોબત મોટા-મોટાની આખી જીંદગી ચાલી ગઈ. તેમને વિચાર આવ્યો. એ સ્વામી જણાવતા લખે છે કે, "ખોટા સંસારી, સ્વાર્થી માંહી, આવ્યો અંત કમાઈ ગઈ." ભેળું કરી કરીને કર્યું ત્યારે દેહ થાક્યો - શરીરમાં તકલીફ શરૂ થઈ, શરીરનું ભાન જતું રહે. એટલે બેભાન અવસ્થામાં બકવાસ શરૂ કરી દે. ચાલો, સાહેબ આવ્યા. અરે, આ તો ફલાણા સાહેબ, આવો આવો, બેસો. તેમને દૂધ પાઓ. આમ બોલવા માંડે તેના માટે ગુજરાતી ભાષામાં 'બકવાસ' શબ્દ પ્રયોગ થાય છે. તેમને બકવાસ શરૂ થઈ ગયો. કારણ જીવમાં જે કાંઈ પેઠું હોય ને તે બકવાસ દ્વારા બહાર આવે. સુંદરજીભાઈને બકવાસ શરૂ થયો. જો જો હોં, કોઈ એમનો અભાવ ન લેતા. એટલે તો પહેલાં જ કેળાની છાલ વાળી વાત કરી કે, પિતાએ લપસીને બતાવ્યું.

સુંદરજીભાઈ જેવા જે સ્વામિનારાયણ ભગવાનને મળ્યા હતા - સાથે ઉઠેલા, બેઠેલા - તેમના ઘરે સ્વામિનારાયણ ભગવાનનો ઉતારો રહેતો - એ સુંદરજીભાઈને અંત અવસ્થામાં આવો બકવાસ શરૂ થયો. આવો સાહેબ, કેમ છો ? હા, હા, ચોક્કસ તમારૂં કામ થઈ જશે. મેં રાજા સાહેબને કહ્યું છે. ઘરવાળા ચિંતા કરે, આ સાહેબને ..... આ બધું એમના મગજમાંથી ક્યારે નીકળશે ? બધા બહુ દુઃખી થવા લાગ્યા. સ્વામિનારાયણ ભગવાનને વિનંતી કરી. મહારાજ હસવા લાગ્યા અને બોલ્યા, "તમે ચિંતા ન કરશો, સુંદરજીભાઈ તો અમારા છે, અને પાસે જ આવશે. પણ

એમણે જે આ બધું અંદર ઉતાર્યું છે, એ બધું ધૂણે છે. શરીરમાં પેઠેલું ભૂત ધુણે છે. તો પછી પ્રવૃત્તિરૂપી હજારો ભૂત અંદર પેઠેલા ધૂણે તો ખરાંને !''

કોઈક ભાવિક બિમાર હતા. એટલે એમના ઘરે સાધુ ગયેલા. છેલ્લી અવસ્થા હતી. સાધુ ને જોતાં જ બોલવા લાગ્યા ..... વેચી મારો ..... વેચી મારો ..... સાધુએ પૂછ્યું, બાપુજી શું કહે છે ? દીકરા બોલ્યા, બાપુજીએ જીંદગી આખી વેપાર કર્યો છે. એટલે આમ બોલે છે. પણ બાપુજીને પોતાને ખબર નથી કે હવે પોતે જ મૃત્યુના છાબડામાં મુકાઈ ગયા છે. એનો જ ભાવ બોલાય છે. કેટલામાં કાઢવાના ? તો કહે વેચી મારો ..... વેચી મારો ..... બહુ વિચારવા જેવી વાત છે. પછી જ્યારે સુંદરજીભાઈ ભાનમાં આવે ત્યારે ઘરના બધા તેમને કહે, તમે બકવાસ કરો છો અને આવું આવું બોલો છો ! સ્વામિનારાયણ..... સ્વામિનારાયણ ..... બોલતા હો તો, ત્યારે સુંદરજીભાઈને બહુ પસ્તાવો થાય. સ્વામી લખે છે કે, ''આવો સત્સંગ શ્રીજી મહારાજ, તેને મૂકી મેં કર્યું આ કાજ.''

આવો સત્સંગ, આવા શ્રીજી મહારાજ, સર્વ અવતારના અવતારી સ્વામિનારાયણ ભગવાન એમને યાદ કરવાના બદલે પ્રવૃત્તિ, પ્રવૃત્તિ ..... પ્રવૃત્તિનો જ વિકાસ કર્યો. એ બહુ ભૂલ કરી છે. એ રીતે પસ્તાઈ, સાવધાન બની ભગવાનનું ભજન કરીને ધામમાં ગયા.

●

## કથામાં સાંભળેલું કામ લાગ્યું

**- સાધ્વુ શ્રીરંગદાસ (ગાંધીનગર)**

એક શેઠ હતા. શેઠની ગામમાં સારી કીર્તિ પણ આ શેઠ હતા વ્યવહારુ. વ્યવહારમાં જ રચ્યા પચ્યા રહેતા. કોઈ કહે મંદિરમાં તો આવો. ત્યારે કહે વૃદ્ધ થઈશું ત્યારે આવશું. અત્યારે તો હાથ-પગ ચાલે છે. ત્યાં સુધી કમાઈ લઈએ. પણ એકવાર ગામમાં સંતો કથાવાર્તા કરવા આવેલા તેથી ગામમાં રહેતા થોડા હરિભક્તો શેઠને આગ્રહ કરીને મંદિર લઈ ગયા. હજુ તો મંદિરમાં પહોંચ્યા ને આરતી થઈ કથાવાર્તાની વાર હતી. આ શેઠ આરતી પૂરી કરી તરત છટકી ગયા. પણ ગામમાં ઘણા સત્સંગી હરિભક્તો, તે કોઈ વહેલા-મોડા પડે તે આ શેઠને ઘર તરફ જતા જોયા એટલે કહે શેઠ ક્યાં ગયા હતા ? અને ક્યાં જાઓ છો ? ત્યારે શેઠ કહે તમારા જેવા બધા મંદિરે ખેંચી ગયા હતા. તે આરતી કરીને હવે ઘેર આવું છું. તો શું કથા સાંભળવા રોકાયા ! નાના મારાથી હેઠે પલાંઠી વાળીને બેસાતું નથી. ઓ...હો... એમાં શું ઓટલો છે ને ત્યાં બેસીને કથા સાંભળજો. હવે કાલ આવશું. અરે ! શેઠ કાલને આજ શું કરો છો ચાલો, અત્યારે જ ! શેઠ સાથે રકઝકમાં જ ઘણો સમય વીતી ગયો. પણ શેઠને મંદિર પાછા લાવવામાં ભક્ત જીત્યા. કથાનો સમય પૂર્ણ થવામાં થોડીવાર હતી ત્યાં શેઠ મંદિરમાં આવીને ઓટલે બેઠા અને વક્તા સામું જોયું. વક્તાના શબ્દો કાને પડ્યાં કે ''માટે ભક્તજનો'' ''ભગવાનને પડછાયો હોતો નથી.'' અને જય બોલાઈ ગઈ. કથા સાંભળી બધા ભક્તજનો બહાર આવ્યા. આ શેઠને જોઈ રાજી થયા કે અહો... શેઠ તમે કથા સાંભળવા બેઠા ! વાહ વાહ થઈ. પછી તો શેઠ રાત્રે ઘરે આવ્યા. અને વિચારવા લાગ્યા કે આ તે ખરું, બધા જીવ માત્રને પડછાયો હોય પણ ભગવાનને નહિ ! કેવી ગજબ વાત છે. આવા વિચાર સાથે સૂઈ ગયા. મધ્યરાત્રી થઈને દરવાજો ખખડ્યો. ભાઈ કોણ છે ? શેઠે જાગીને પૂછ્યું. કેમ કોઈ બોલતું નથી ? શેઠના ઘરમાં બધા જાગી ગયા હતા. ત્યારે પ્રતિભાવ આપતા કહ્યું હું સાક્ષાત્ વિષ્ણુ છું. શેઠે દરવાજો ખોલ્યો. બધાએ જોયું, ચતુર્ભુજ રૂપ ! હાથમાં શંખ, ચક્ર, ગદા, પદમ ધારી રહેલાં, માથે મુગટ અને પીળું પીતાંબર પહેરેલા આ બનેલા ભગવાનને જોઈને શેઠના બા પગે પડે છે. ત્યાં શેઠ કહે ઉભા રહો બા ! કોણ છો તમે ? હું સાક્ષાત્ વિષ્ણુ છું ! મારી પૂજા કરો. તમે મને ભેટ દક્ષિણા ધરો. તમે ખૂબ સુખી થશો. શેઠે કથામાં સાંભળેલું હતું તે યાદ આવી ગયું. કે ક્યારેય પણ ભગવાનને પડછાયો હોતો નથી. શેઠે તરત જ દિવો પેટાવ્યો. અને જ્યાં આગળ ધર્યો ત્યાં તો લાંબો પડછાયાનો શેરડો પડ્યો ! આ સાક્ષાત્ વિષ્ણુ નહોતા ! કોઈ ઠગ હતો તે નક્કી થઈ ગયું. એટલે શેઠે તરત યુક્તિથી તે ઠગને પકડી પાડ્યો. પણ ઘરના બધા નવાઈ પામી ગયા કે તમે શું અગાઉ ભગવાનને જોયા છે કે જેથી આ ઠગ તમને છેતરી ન શક્યો. ત્યારે શેઠ કહે છે ના ના, હું તો મંદિરમાંય નથી જતો તો ભગવાનને ક્યાંથી જોયા હોય ! પણ આ પ્રતાપ છે ઘડી ભરના ''સત્સંગનો''. ગઈ કાલે જ મેં કથામાં સાંભળેલું કે ''ભગવાનને પડછાયો હોતો નથી.'' કથાનું એક વાક્ય જો આટલો ફાયદો કરતું હોય તો શ્રધ્ધાથી નિત્યે સત્સંગ કથા-વાર્તા સાંભળે તો કેટલો બધો ફાયદો થાય. એવું આ શેઠને સમજાયું અને એ દરરોજ કથામાં બેસતા થઈ ગયા.

મિત્રો ! ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાને આપણા સુખ માટે કોઈપણ જાતની કસર બાકી નથી રાખી. પોતાના આશ્રિતો આધિ-વ્યાધિ અને ઉપાધિ ત્રણેથી કેમ બચી શકે અને જીવનમાં શાંતિથી, સુખેથી રહે કોઈ છળ-કપટ ના ભોગ ન બને તે માટે અનેક ઉપાય કર્યા છે. માટે જ શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી કે દરરોજ સાંજે ભગવાનના મંદિરમાં જવું અને કથા-વાર્તા-કીર્તન કરવા અને સાંભળવા.

# ભક્તિ સુધા

## અમે તમને જ જગાડીએ છીએ

**- તરલાબેન અતુલભાઈ પોથીવાલા**

એકવાર છપૈયામાં ભક્તિમાતાને ઘેર તેમનાં બહેન વસંતબાઈ તથા ચંદનબા રહેવા આવ્યાં. વસંતબાઈ તેમના પુત્ર માણેકધરને સાથે લાવેલા અને ચંદનબાઈ તેમના પુત્ર વસ્તીને સાથે લાવ્યાં હતાં. તેમણે આવીને ભક્તિમાતાને પૂછ્યું, "ઘનશ્યામ ઘરમાં નથી ?" ભક્તિમાતાએ કહ્યું, "ફીરોજપુર ગયા છે તે હમણાં આવશે." એવામાં સાંજ પડી એટલે ધર્મપિતા ઘનશ્યામ તથા ઈચ્છારામને લઈને ઘરે આવ્યા.

બંને માસીએ ઘનશ્યામને તથા ઈચ્છારામને મીઠાઈઓ આપી. પછી રાત્રે જમીને બધા સૂઈ ગયા.

બીજે દિવસે વહેલી સવારે ચંદનમાસી તથા વસંતમાસી ઘંટી ઉપર અનાજ દળવા બેઠા. વહેલી પરોઢનો સુંદર સમય હતો એટલે ચંદનમાસીને થયું, પ્રભાતનો સમય છે તે પ્રભાતિયું ગાઈએ. એમ વિચારી દળતાં દળતાં તેમણે તુલસીદાસનું પ્રભાતિયું ગાવાનુ શરૂ કર્યું.

"ઉઠો લાલ પ્રભાત ભયા હૈ ....."

આ સાંભળી બાજુમાં પલંગ પર સૂતેલા ઘનશ્યામ બોલ્યા, "માસીબા, હું તો અહીં જાગું જ છું. માટે મને શા માટે ઉઠવાનું કહો છો ? શું કામ છે તમારે ?" આ સાંભળી બંને માસી બોલ્યાં, "તમને કોણ બોલાવે છે ? અમે તો ભગવાનને જગાડીએ છીએ." આ સાંભળી ઘનશ્યામ પ્રભુએ પથારીમાં પડ્યા પડ્યા હાથ લાંબો કરી ઘંટી ઉપર મૂક્યો. બંને માસીએ ઘંટી ફેરવવા ખૂબ પ્રયત્ન કર્યો પણ ઘંટી તો સ્હેજે ય ફરે નહિ !

એટલે ઘનશ્યામ પ્રભુ ફરીથી કહે, "માસી તમે મને જ ઊઠાડતાં હતાં એમ કહો, તમે જે ભગવાનને ઉઠાડો છો તે જ ભગવાને આ ઘંટી ઊપર હાથ મૂક્યો છે !"

એટલામાં ભક્તિમાતા દીવો લઈને ઓરડામાં આવ્યાં એટલે બંને માસીએ ફરિયાદ કરી. "આ ઘનશ્યામને જરા કહો કે ઘંટી ઉપરથી હાથ લઈ લે. અમારાથી તેમનો હાથ નથી ખસતો." આ જોઈ ભક્તિમાતા થોડુંક હસ્યાં. પછી કહે, "ઘનશ્યામ, હાથ ઉપાડી લો."

માતાની આજ્ઞા સાંભળી ઘનશ્યામ બોલ્યા, "મા, આ બંને માસીને પૂછી જુઓ કે તેઓ કોને જગાડે છે ?"

ફૂલ જેવા કોમળ ઘનશ્યામનો નાજૂક હાથ ઘંટી ઉપર માત્ર અટક્યો જ છે. છતાંય હાથ કે ઘંટી કશું જ હલી શકતું નથી ! બંને માસી આવું અચરજ જોઈને આભા બની ગયા. બંનેને નિશ્ચય થયો કે સાચે જ ઘનશ્યામ પોતે જ ભગવાન છે. એટલે વસંતમાસી વચ્ચે જ બોલી ઊઠ્યાં, "હે ઘનશ્યામ ! અમે તમને જ જગાડીએ છીએ. બસ હવે તો અમને દળવા દો !"

આ સાંભળી ઘનશ્યામ બોલ્યા, "જો પહેલેથી જ આમ સાચું કહી દીધું હોત તો આ ઘંટી ઊભી ન રહેત અને દળવાનું મોડું થાત નહિ."

બંને માસી ફરીથી કહેવાં લાગ્યાં, "હે ઘનશ્યામ તમે જ ભગવાન છો એની આજે અમને ખબર પડી. અમે તમારી માફી માંગીએ છીએ." એમ કહી ઘનશ્યામને પગે લાગ્યાં અને વળી પાછાં ખોળામાં લઈને વહાલ કર્યું.

શ્રી ઘનશ્યામ પ્રભુ પણ હસીને બંને માસીબા સામું જોવા લાગ્યા જાણે એમ કહેતા ન હોય કે,

"હવે અમને ઓળખ્યાં માસી !"

●

## મહારાજની મૂર્તિનું ધ્યાન

**- દિશાબેન હિતેશભાઈ રાઠોડ**

શ્રી પુરુષોત્તમ ભગવાનની મૂર્તિ સદાય બિરાજમાન છે. એવો દ્રઢ નિશ્ચય હોય, બીજુ જે એવા ભગવાનની ઉપાસના દ્રઢ હોય, પંચ વિષયનો અભાવ હોય, વૈરાગ્યવાન હોય તો પણ દેહભાવ આવી જાય છે. નિરંતર અનુસંધાન રાખવું કે ગઢડા છેલ્લા પ્રકરણના ૩૧ માં વચનામૃતમાં કહ્યું છે કે "હરિ મેરે હાલાર કી લકરી." એ કીર્તન ગાયું તે શ્રીજી મહારાજ બોલ્યા તેનો અર્થ કે હાલાર નામનું એક પક્ષી છે તેના બચ્ચા હોયે તે જન્મથીજ તેના પાસે નાનકડી લાકડી જેવું હોય તેને અખંડ પકડી રાખે તેને ક્યારેય છોડે નહિ. એમ મોટા સંતોની લખેલી આા વાત છે. વળી લખ્યું છે કે જમુનાકે તીરે ઠાડો તેના અર્થ સંતોએ કરેલ કે જમુના નદીને કિનારે કૃષ્ણ ભગવાન ઉભા છે તે ભગવાનને તેમના ભક્તો સંભારે છે તે સિદ્ધાંતનો અર્થ એ છે કે ભગવાનની મૂર્તિને પકડી રાખવી. મૂર્તિનું ધ્યાન કરવું તો કેવી રીતે ધ્યાન કરવું.

તેના પ્રથમ તો ભગવાનની મૂર્તિના ચરણમાં ૧૬ ચિન્હ છે તેનું ધ્યાન કરવું. જ્યારે જ્યારે ધ્યાન કરવા બેસીએ ત્યારે પોતાના ત્રણ દેહના ભાવ સાને કરી ટાળીને આત્માને બ્રહ્મરૂપ પ્રકાશમાન માની અક્ષરબ્રહ્મ ધામરૂપ પોતે થઈને એમ ધારવું કે અક્ષરધામ છે તે ધામને વિષે શ્રીજી મહારાજ બિરાજે છે. તે મહારાજના બે ચરણારવિંદમાં ૧૬ ચિન્હ છે તેના જમણા ચરણમાં ૯ (નવ) ચિન્હ છે. અષ્ટકોણ, ઉર્ધ્વરેખા, સ્વસ્તિક,

જાંબુ જવ, વજ, અંકુશ, કેતુ પદમ અને ડાબા ચરણના ચિહ્ન સાત છે. ત્રિકોણ, કળશ, ગોપદ, ધનુષ, મીન, અર્ધચંદ્ર, વ્યોમ એમ સાત ચિન્હ છે. તેનું ધ્યાન કરવું. પછી જમણા ચરણની ચાર આંગળી તથા અંગુઠાનું ધ્યાન કરવું. પછી ભગવાનના ચરણના તળિયાનું ધ્યાન કરવું. તે તળિયા થોડા થોડા રક્ત ધારવા, પછી ઘુંટી પછી કાંઠા તથા ફીચુ પછી ગોઠણ પછી સાથળ, પછી કેડ પછી ડાબા પગનું ધ્યાન કરવું. પછી નાભી ઉદર ત્રેવડી પછી છાતી, સ્તન તથા હૃદયમાં શ્રી વત્સનું ચિન્હ છે. તેનું ધ્યાન કરવું. પછી કંઠ પછી કંઠના ખાડીમાં તીલનું ધ્યાન કરવું. પછી વાસાનું, પછી બરડાનું ધ્યાન કરવું. પછી બન્ને નેત્રનું ધ્યાન કરવું. પછી બન્ને ભ્રકુટીનું ધ્યાન કરવું. પછી નાસિકાનું ધ્યાન કરવું. પછી મુખારવિંદનું પછી હોઠ જરા લાલ છે તેનુંય ધ્યાન કરવું. પછી જીભનું પછી દાંતની પંક્તિનું પછી ભાલનું, ભાલના તિલકનું ધ્યાન કરવું. પછી મસ્તકનું પછી મસ્તકમાં સુંદર કેસનું ધ્યાન કરવું. પછી શિખાનું ધ્યાન કરવું. પછી આખી મૂર્તિનું ધ્યાન કરવું. આવી રીતે એક એક અંગ ભગવાનનું જોતા જવુ ને બે વખત લાંબે શ્વાસે ઉશ્વાસે સ્વામિનારાયણ ભગવાનનું નામ લેતા જવું. તેથી અંતરમાં ભગવાનની મૂર્તિનું સુખ વધે, આનંદ આવ્યા કરે ને અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે આનંદ આવ્યા કરે ને અંતરમાં ભગવાનની મૂર્તિના સુખ વડે શાંતિ શાંતિ વર્ત્યા કરે. ને આનંદ આનંદ ને આનંદના ફુવારા વહ્યા કરે. ઓ...હો.... હો... એમાં કાંઈ દિવ્ય અલૌકિક સુખ રહેલું છે. તેનું તો શું વર્ણન થઈ શકે ! વળી ભગવાનની કઈ મૂર્તિનું ધ્યાન કરવું તો તે સત્તશાસ્ત્રમાં લખેલ છે તથા મોટા સંતોએ પણ કહેલ છે. પોતાને જે પ્રિય લાગે કે આપણે જે મંદિરમાં દર્શન કર્યા હોય તેમા ઘનશ્યામ મહારાજની મૂર્તિ તથા હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ અથવા સહજાનંદ સ્વામીની મૂર્તિ આદિ જે મૂર્તિ આપને પ્રિય લાગે તે આપણા ચિતની વૃતિ તે ભગવાનની મૂર્તિમાં સ્થિર થતી હોય ને જે મૂર્તિના દર્શનથી આપણને આનંદ આવતો હોય તે જ મૂર્તિ પ્રીતિએ કરી ધ્યાન કરવું. તેમ કહ્યા પ્રમાણે એક એક અંગ જોતા જવુ ને મસ્તકથી શિખા સુધી જોતા જવું. પછી આખી મૂર્તિનું ધ્યાન કરવું ને મૂર્તિ અતિશય પ્રકાશ યુક્ત ધારવી, તે કીર્તનમાં લખ્યું છે કે "શિતળ શાંત છે રે તેજની ઉપમા નવ દેવાય" એમ તેજોમય ભગવાનની મૂર્તિને અંતરમાં ધારવી તે માણીગર પ્રકાશ મૂર્તિને વિશે તો કાંઈ અલૌકિક દિવ્ય સુખ રહેલું છે તેનું તે શું વર્ણન થઈ શકે ! તે આપણે એ માણિગર પ્રકાશમાન મૂર્તિના સુખમા તલ્લીન બની જવું. આવી રીતે મહારાજની મૂર્તિનું સુખ આપણને મળે એજ શ્રીજી મહારાજના ચરણમાં પ્રાર્થના.....

# અલભ્ય સેવાનો અવસર

સર્વાવતારી ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુની પૂર્ણ કૃપાથી તથા પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ, આચાર્ય મહારાજશ્રી તથા પૂજ્ય પાદ મોટા મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

સર્વ સત્સંગ સમાજને જણાવવાનું કે સ્વયં ભગવાન શ્રી સ્વામિનારાયણે પસંદ કરેલ ભૂમિ ઉપર જ નિર્માણ થયેલ મંદિરમાં સૌ પ્રથમ બાથમાં લઈને પધરાવેલ પરમકૃપાળુ ભગવાન શ્રી નરનારાયણદેવની મૂર્તિઓ સ્થાપન કરી ને પોતાના હાથે મોક્ષનું પ્રથમ પ્રધાન કેન્દ્ર સ્થાપ્યું.

ભગવાન શ્રીહરિની આજ્ઞા પ્રમાણે સ.ગુ. આનંદાનંદ સ્વામીએ ત્રણ શિખરનું બેઠા ઘાટનું ભવ્ય સુંદર મંદિર નિર્માણ કરેલ છે. આ મંદિરને આજે ૧૮૫ વર્ષ પુરા થયા જેથી તેમાં સમય સંજોગો અનુસાર જીર્ણોધ્ધાર કરવાની જરૂરીયાત ઉભી થયેલ છે. જેમાં સંપૂર્ણ મંદિરના ફલોરીંગમાં મારબલ લગાવવાની યોજના છે તથા મંદિરની આગળના ભાગમાં ઘુંમટીઓના ગાળા તથા મંદિર ફરતી પ્લીંથને પણ બંસી પહાડપુર પથ્થરમાં નવીનતાથી મજબુત અને શિલ્પ-શાસ્ત્ર પ્રમાણે સોમપુરાના માર્ગદર્શન મુજબ જીર્ણોધ્ધાર કામ શરૂ કરેલ છે. તો આ મહાન પ્રસાદીભુત મંદિરના જીર્ણોધ્ધાર કામમાં આ અલભ્ય સેવાનો લાભ જીવનમાં એકવારજ મળશે. રખે સેવા ના ચૂકાય, તો દરેક હરિભક્તોને અવશ્ય આ કાર્યમાં સહકાર આપવા નમ્ર અપીલ છે.

જેની રકમ શ્રી નરનારાયણદેવ કોઠાર, કાલુપુર મંદિરમાં જમા કરાવીને પાકી પાવતી મેળવી લેવી. વિશેષ માહિતી માટે રૂબરૂ મળવું. અથવા ફોનથી સંપર્ક કરવો.

લી.
મહંત સ્વામીના
જયશ્રી સ્વામિનારાયણ

# સમસ્ત સત્સંગ જોગ

આજરોજ તા. ૧૯-૧-૨૦૦૮ ના રોજ સવારે ૧૧-૦૦ વાગે ત્યાગી પંચની મીટીંગ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદની ઓફીસમાં રાખવામાં આવી હતી.

આ મીટીંગમાં અમદાવાદ દેશના તાબાના મૂળી મંદિરના ત્યાગી પંચની મીટીંગ આજરોજ તા. ૧૯-૧-૨૦૦૮ ની મળી હતી. જમાં ઠરાવ નં. ૧ માં જે નિર્ણય કરવામાં આવેલ તેને આપણા ત્યાગી પંચ સર્વાનુમતે અનુમતિ આપે છે. અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાર્થે ઠરાવ મોકલવામાં આવે છે. (સર્વાનુમતે મંજૂર)

મૂળી મંદિરના ત્યાગી પંચનો ઠરાવ નં. ૧ શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીના ત્યાગીઓ (૧) સ્વામી નારાયણસેવાદાસજી ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (૨) સ્વામી નારાયણસ્વરૂપદાસજી ગુરુ સ્વામી શ્રીહરિદાસજી (૩) સ્વામી પ્રેમવલ્લભદાસજી ગુરુ સ્વામી નારાયણસેવાદાસજી (૪) પાર્ષદ નિલેશ ભગત ગુરુ સ્વામી નારાયણસેવાદાસજી (૫) પાર્ષદ ભરત ભગત ગુરુ સ્વામી નારાયણસેવાદાસજી (૬) સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી ગુરુ સ્વામી વિજ્ઞાનદાસજી (૭) સ્વામી પ્રેમપ્રકાશદાસજી ગુરુ સ્વામી નારાયણસેવાદાસજી (૮) સ્વામી બાલમુકુંદાસજી ગુરુ સ્વામી પ્રેમપ્રકાશદાસજી (૯) સ્વામી ગોવિંદપ્રસાદદાસજી ગુરુ સ્વામી શાસ્ત્રી ગોપાલચરણદાસજી (૧૦) સ્વામી હરિપ્રકાશદાસજી ગુરુ સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (૧૧) સ્વામી હરિચરણદાસજી ગુરુ સ્વામી ગોવિંદપ્રસાદદાસજી (૧૨) સ્વામી વિવેકસાગરદાસજી ગુરુ સ્વામી નારાયણપ્રસાદદાસજી. જેઓ હાલમાં સ્વતંત્ર સંસ્થાઓની રચનાઓ કરીને તેમાં સંચાલન કરતા અને રહેતા એવા ઉપર મુજબના ત્યાગીઓને શ્રી સ્વામિનારાયણ મંદિર મૂળીના ત્યાગી પત્રકમાંથી નામ કમી કરવાનું આજરોજ સર્વાનુમતે ઠરાવવામાં આવે છે અને જે તે ત્યાગીઓના હસ્તકની સંસ્થાઓને શ્રી નરનારાયણદેવ અમદાવાદ અથવા શ્રી રાધાકૃષ્ણદેવ તાબા અથવા સંલગ્ન પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની અનુમતિથી કરવામાં આવે તો તેઓના નામ ત્યાગી પત્રકમાં દાખલ કરવામાં આવશે. નામદાર ચેરીટી કમિશ્નર સાહેબની મંજૂરી મેળવવા પાત્ર ગણાશે.

**(સર્વાનુમતે મંજૂર)**

**ઠરાવ નં. ૨**

શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના ત્યાગી કે જેઓએ (૧) સ્વામી શ્રીજીપ્રકાશદાસજી ગુરુ સ્વામી ધર્મજીવનદાસજી (૨) સ્વામી ઉત્તમપ્રિયદાસજી ગુરુ સ્વામી શ્રીજીપ્રકાશદાસજી (૩) સ્વામી ઈશ્વરચણરદાસજી ગુરુ સ્વામી શ્રીજીપ્રકાશદાસજી ધ્રાંગધ્રા (નરસી ટેકરી)માં સ્વતંત્ર મંદિરમાં સંચાલન/રહે છે. તેઓને અમદાવાદ મંદિરના ત્યાગી તરીકે નામ કમી કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે. સદરહું ત્યાગીઓ ધ્રાંગધ્રાં મંદિરને શ્રી નરનારાયણદેવ તાબાનું કરીને નામદાર શ્રી ચેરીટી કમિશ્નરશ્રીની મંજુરી મેળવ્યા બાદ અમદાવાદ મંદિરના ત્યાગી તરીકે નામ દાખલ કરવાને પાત્ર ગણાશે.

ત્યાગી પંચના ઠરાવ પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રીના પત્ર ક્રમાંક **Per.Sec./58/07-08** તા. **19-1-2008** થી મંજૂર કરેલ છે.

નોંધ : જયશ્રી સ્વામિનારાયણ સહ જણાવવાનું કે આથી આપની અધ્યક્ષતામાં તા. ૧૯-૧-૨૦૦૮ના રોજ શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદમાં થયેલી અમદાવાદ ત્યાગી પંચની મીટીંગના ઠરાવ નં. ૧ તથા ઠરાવ નં. ૨ ને મંજૂરી આપવામાં આવે છે.

ઠરાવ નં. ૧ અને ૨ મુજબના ત્યાગીઓએ શ્રી નરનારાયણદેવ અમદાવાદ અથવા શ્રી રાધાકૃષ્ણદેવથી અલગ સ્વતંત્ર વહિવટની સંસ્થાઓનું સંચાલન કરતા હોવાથી અમદાવાદ/મૂળીના ત્યાગી તરીકે નામ રદ કરવામાં આવે છે. તો સર્વે સત્સંગીઓને જાણ કરવામાં આવે છે કે ઉપરોક્ત ત્યાગીઓ સાથે અમદાવાદ/મૂળીના ત્યાગી તરીકેના કોઈ પ્રકારનો વ્યવહાર કરવો નહિ.


**ત્યાગી પંચ મૂળી**

૧. શાસ્ત્રી સ્વામી વિશ્વપ્રકાશદાસજી (પ્રમુખશ્રી)
૨. સ્વામી કૃષ્ણવલ્લભદાસજી
૩. સ્વામી શ્યામસુંદરદાસજી
૪. સ્વામી નારાયણપ્રસાદદાસજી
૫. સ્વામી શ્રીપ્રકાશદાસજી

**ત્યાગી પંચ અમદાવાદ**

૧. સ્વામી નારાયણસ્વરૂપદાસજી (પ્રમુખશ્રી)
૨. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી
૩. શાસ્ત્રી સ્વામી પુરૂષોત્તમપ્રકાશદાસજી
૪. બ્ર. સ્વામી રાજેશ્વરાનંદજી
૫. પાર્ષદ વનરાજ ભગત

# ????????????????પ્રશ્નપેટી????????????????




**સાધુ ભક્તિનંદનદાસ ગુરુ શા. સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી**
**(સ્વામિનારાયણ મંદિર જેતલપુર)**

**પ્રશ્ન : ૧** સત્ય વચન ક્યારે ન બોલવું ? તે શ્રીજી મહારાજે શિક્ષાપત્રીના ક્યા શ્લોકમાં કહ્યું છે ?
**પ્રશ્ન : ૨** પાંચ આરતીનાં નામ આપો ?
**પ્રશ્ન : ૩** પાંચ મહાપાપનાં નામ આપો ?
**પ્રશ્ન : ૪** સંતને મંદવાડ કેમ નડે છે ?
**પ્રશ્ન : ૫** ક્રોધ શામાંથી ઉત્પન્ન થાય છે ?
**પ્રશ્ન : ૬** ચોર્યાસી લાખ યોનિના નિયમ સમજાવો ?
**પ્રશ્ન : ૭** વાસનાનું રૂપ શું છે ?

## જાન્યુઆરી-૨૦૦૮ માસના પ્રશ્નપેટીના સાચા ઉત્તરો અને સાચા ઉત્તરો આપનારના નામ

(૧) ખેંગાર ભક્ત દર્શને આવ્યા ત્યારે શ્રીજી મહારાજે કહ્યું "ભગત ! તમારો વહેવાર કેવો છે ?" ત્યારે ખેંગાર ભક્તે શુક સ્વામીને પૂછ્યું કે મહારાજ વારેવારે કેમ પૂછે છે. ત્યારે ખબર પડી કે કડીયાના પગાર ચૂકવવાના બાકી છે. તો ખેંગાર ભક્તે કડીયાના પગાર માટે રૂા. ૩૦૦ અને મહારાજની દવા સારું રૂા. ૧૦૦ અને સંતોની રસોઈ સારું રૂા. ૧૦૦ આપ્યા. (૨) "લઈ દહીં, દૂધના ગાડવા રે, માથાડે ઢોળે માવ, ઘેલા થઈને ગોવાળીયા રે, ખૂબ કરી ખ્યાલ." (૩) ૧. વસ્તો કસારા, ૨. બલિની, ૩. સરસ્વતી, ૪. જાંબુ, ૫. સીતા, ૬. ગંગા, ૭. સિધું. (૪) આ વાત શ્રીહરિએ અલૈયા ખાચરને કહી. (૫) પિબેક બ્રાહ્મણનું અભિમાન ઉતાર્યું. (૬) સ.ગુ. કવિ સમ્રાટ બ્રહ્માનંદ સ્વામી. (૭) સીતાજી, ઊર્મિલાજી, માંડવી, શ્રુતકીર્તિ.

૧. અરવિંદાબેન એન. ભાવસાર (ચાંદલોડીયા)
૨. વિણાબેન ભાવસાર (નવરંગપુરા)
૩. કિશોરભાઈ (મોરબી)
૪. કંચનબેન બાબુભાઈ પટેલ (રતનપર)
૫. સાં.યો. શિલ્પાબા તથા શીતલબા (સુરેન્દ્રનગર)
૬. પટેલ જ્યોત્સનાબેન રાજુભાઈ (આણંદપુરા)
૭. રાજેશ ભક્તિભાઈ ભોળાભાઈ (અક્ષરધામ, રાણીપ)
૮. પટેલ ગંગાબેન ભક્તિભાઈ (ઝુલાસણ)
૯. પટેલ માણેકબેન મણીલાલ (દહેગામ)
૧૦. શિલ્પાબેન મણીલાલ પટેલ
૧૧. અંજનાબેન મનુભાઈ પટેલ
૧૨. સાકરબેન નટવરભાઈ પટેલ
૧૩. ગોરધનભાઈ શંકરભાઈ પટેલ
૧૪. અમૃતલાલ કે. મોદી
૧૫. વિનોદ પી. પટેલ (વહેલાલ)
૧૬. હંસાબેન ઈશ્વરભાઈ પટેલ (સાપાવાડા)
૧૭. ભગવતીબેન વી. સિસોદીયા
૧૮. ચંપાબેન આર. બૂટીયા

---

**નોંધ :** (૧) પ્રશ્ન પેટીના જવાબો દર માસની તા. ૨૨ સુધીમાં મોકલી આપવા. ત્યારબાદ આવેલ જવાબોના નામ લખવામાં આવશે નહીં. તેની નોંધ લેવી.

(૨) પ્રશ્નના જવાબ સ્વચ્છ અને વંચાય તેવા અક્ષરે લખીને મોકલાવવા અને નામ એક જવાબ પત્ર ઉપર એકજ વ્યક્તિનું હોવું જોઈએ. તેનું જ નામ અંકમાં લખવામાં આવશે.

## અલૌકિક લાભ

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમની વેબ સાઈટ પર દ્વિશતાબ્દી મહોત્સવ પ્રસંગે પ.પૂ. મોટા મહારાજશ્રીએ સ્વહસ્તે લખેલ "શિક્ષાપત્રી" અને ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ પ્રસંગે સ્વહસ્તે લખેલ "વચનામૃતમાં શ્રી નરનારાયણદેવ" આ બન્ને હસ્તપ્રત મૂકવામાં આવેલ છે. જેનો લાભ દરેક હરિભક્તોએ લેવો.

**www.swaminarayanmuseum.com/org**

# સત્સંગ સમાચાર

### અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા ઉત્તરાયણ પર્વ નિમિત્તે ઝોળી

શ્રીહરિએ પ્રર્વતાવેલ મૂળ સંપ્રદાયની પરંપરા મકર સંક્રાંતિ પુણ્ય પર્વ પ્રસંગે દાન-પુણ્ય નો અતિશય મહિમા છે. તે હેતુને લક્ષમાં લઈને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીના માર્ગદર્શન મુજબ આ વર્ષે અમદાવાદ શહેર અને ગુજરાત બહારના અન્ય રાજ્યોમાં વસતા જેઓ આપણા શ્રી સ્વામિનારાયણ અંકના આજીવન સભ્ય છે. તે સૌ ને ઉત્તરાયણ પુણ્ય પર્વના કાર્ડ મેઈલ કર્યા હતા. જેના પરિણામ સ્વરૂપ ઘણાજ શ્રધ્ધાળુ અને દાન પુણ્ય નો મહિમા જાણવા વાળા હરિભક્તોએ અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સ્વયં દર્શને આવીને રોકડ, ચેક, ડ્રાફટ અને અનાજ, તેલ, ઘી, ગોળ, કઠોળ આદિ સ્વરૂપમાં 'ઝોળીદાન' કરીને સર્વોપરિ શ્રી નરનારાયણદેવ અને ધર્મવંશીનો રાજીપો અને કૃપા મેળવવા ભાગ્યશાળી બન્યા છે. તે સૌ ભક્તજનોને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

*(કોઠારી સ્વામી રામાનુજદાસ)*

### નીચેના શિખરબધ્ધ મંદિરોમાં ધનુર્માસ અને શાકોત્સવ ઉજવાયો

### નારાયણઘાટ શ્રી સ્વામિનારાયણ

અત્રે મંદિરમાં તા. ૬-૧-૨૦૦૮ને રવિવારના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના વરદ્ હસ્તે શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. મહંત સ્વામી દેવપ્રકાશદાસજીની પ્રેરણાથી અનેક હરિભક્તોએ યજમાન બની સેવાનો લાભ લીધો હતો. ૧૫૦૦૦ હજાર ઉપરાંત ભાવિકોએ શાકોત્સવનો મહાપ્રસાદ લીધો હતો. પ્રાસંગિક સભામાં શા.સ્વા. હરિકૃષ્ણદાસજી આદિ વિદ્વાન સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ. મોટા મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ આપ્યા હતા. અહીં મંદિરમાં ધનુર્માસ ધૂન મહોત્સવ પણ ધામધૂમથી ઉજવાયો હતો.

### બોપલ શ્રી સ્વામિનારાયણ મંદિર

તા. ૨૦-૧-૨૦૦૮ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે દિવ્ય અને ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે બાળ સભામાં નાના બાળકોએ ખૂબજ મનનીય પ્રવચન કરીને સૌને આનંદિક કર્યા હતા. ધનુર્માસમાં મહંત શા.સ્વામી ધર્મવલ્લભદાસજીની પ્રેરણાથી શા.સ્વા. સત્યસંકલ્પદાસજીએ 'શ્રીમદ્ સત્સંગિભૂષણ' કથાનું રસપાન કરાવ્યું હતું. તા. ૯-૧-૦૮ ના પ.પૂ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આખો માસ શ્રીહરિ નામ સ્મરણ ધૂન થઈ હતી. આ પ્રસંગે કાલુપુર મંદિરના ટ્રસ્ટી પ.ભ. રતીભાઈ પટેલ તથા પ.ભ. અમૃતભાઈ પટેલ આદિ હરિભક્તોએ પ્રેરણાત્મક સેવા પુરી પાડી હતી.

*(પ્રવિણભાઈ ઉપાધ્યાય)*

### નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા મહંત શા.સ્વા. શ્રીજીપ્રકાશદાસજીની પ્રેરણાથી ધનુર્માસમાં રોજે ૫ થી ૭ પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવી હતી. ત્યારબાદ મહંત સ્વામી શિક્ષાપત્રી ઉપર સુંદર ઉપદેશ-વિવેચન કરતા હતા. અનેક યજમાન હરિભક્તો તરફથી સુંદર પ્રસાદ રોજે આપવામાં આવ્યો હતો. તા. ૬-૧-૦૮ ના રોજ પ.પૂ. મોટા મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં સંતો અને હરિભક્તોની વિશાળ પદયાત્રા નારણપુરા મંદિરથી કાલુપુર મંદિર સુધી યોજવામાં આવી હતી. ધનુર્માસમાં પ.પૂ. મોટા મહારાજશ્રી નિત્યે શણગાર આરતી ઉતારીને કાલુપુર મંદિર પધારતા હતા.

<u>નારણપુરા શ્રી સ્વામિનારાયણ મંદિર</u>માં આગામી ઉત્સવ તા. ૯-૨-૦૮ થી ૧૫-૨-૦૮ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ, તા. ૧૬-૨-૦૮ શ્રી ઘનશ્યામ મહરાજનો પાટોત્સવ અને ભવ્ય શાકોત્સવ.

*(મહંત સ્વામી, નારણપુરા)*

### કાંકરિયા શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી ગુરુપ્રસાદદાસજી તથા કોઠારી આનંદ સ્વામીની પ્રેરણાથી ધનુર્માસમાં ઠાકોરજી સમક્ષ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન આખો માસ પર્યન્ત સવારે ૬ થી ૭ સુધી કરવામાં આવી હતી. તા. ૨૯-૧૨-૦૭ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ધૂનમાં પધાર્યા હતા. શનિવાર હોવાથી શ્રી હનુમાનજીની આરતી પોતાના વરદ્ હસ્તે ઉતારી હતી. અને ત્યારબાદ સૌ સંત, હરિભક્તોને આશીર્વાદ પાઠવ્યા હતા. અમદાવાદ કાલુપુર મંદિરના મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજીને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ કાલુપુર મંદિરના મહંતપદે નિયુક્ત કર્યા બાદ સૌ પ્રથમવાર અહીં પધારતા તેમનું કાંકરિયા મહંત સ્વામી અને હરિભક્તોએ ફુલહારથી સ્વાગત કર્યું હતું.

*(નરોત્તમ ભગત)*

### એપ્રોચ-બાપુનગર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી અને મહંત સ્વામી લક્ષ્મણજીવનદાસજીની પ્રેરણાથી ધનુર્માસ ધૂન ધામધૂમથી ઉજવાયો.

તા. ૨૩-૧૨-૦૭ ના માગસર સુદ-૧૫ ના રોજ એપ્રોચ મંદિરથી કાલુપુર મંદિર સુધી પદયાત્રા યોજવામાં આવી હતી. તા. ૬-૧-૦૮ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. પ.ભ. રમેશભાઈ અંબારામભાઈએ યજમાન પદનો લાભ લીધો હતો. હજારો ભક્તજનોએ ધૂનમાં અને શાકોત્સવમાં લાભ લઈ જીવન ધન્ય બનાવ્યું હતું.

*(ગોરધનભાઈ સીતાપરા)*

## બાલવામાં સત્સંગ સભા

અત્રે બાલવા શ્રી સ્વામિનારાયણ હાઈસ્કુલના ભવ્ય મેદાનમાં તા. ૯-૧-૦૮ ના રોજ સત્સંગ સભા અને શાકોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના શુભ સાનિધ્યમાં અને તેઓશ્રીના વરદ્ હસ્તે શાકનો અદ્ભુત વધાર કરીને શાકોત્સવ ઉજવ્યો હતો. પ્રાસંગિક સભામાં પૂજય પી.પી. સ્વામી (જેતલપુરધામ) શા. ઘનશ્યામ સ્વામી (માણસા મહંત) ઉનાવાના મહંત સ્વામી અને રામ સ્વામીએ સુંદર ઉદ્બોધન કર્યું હતું.

છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ આશીર્વાદ આપતા જણાવ્યું કે "આપણો બાપ કોણ છે ? તેનો વિચાર કરવો. તેનું શરણું સ્વીકાર્યા પછી તેનો કેફ રાખવો. આ બાલવા તો અમારું ગામ છે અને હું બાલવાનો છું. આમ ખૂબજ રાજી થઈ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગના યજમાન અ.નિ. પ.ભ. છગનભાઈ પૂંજાભાઈ ચૌધરી પરિવાર રહ્યાં હતાં.

શાકોત્સવ પ્રસંગમાં ચૌધરી સમાજના તમામ ગામોના અને આજુબાજુના ગામોના હરિભક્તોએ સુંદર લાભ લીધો હતો. શ્રી નરનારાયણદેવ યુવક મંડળની સેવા ખૂબજ પ્રેરણારૂપ હતી

પૂ. પી.પી. સ્વામી અને શા. ઘનશ્યામ સ્વામીની પ્રેરણાથી અને યુવક મંડળના સહયોગથી શ્રી સ્વામિનારાયણ અંકના વંશ પરંપરાગત ૨૦ સભ્યો અને ૨૩ વાર્ષિક સભ્યો નોંધાયા હતા.

*(પ્રમુખ, મંત્રી શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

## ગોવિંદપુરા (વેડા) શ્રી સ્વામિનારાયણ મંદિર

ગોવિંદપુરા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તથા શા.સ્વા. ભક્તવત્સલદાસ (લીંબડી) ની પ્રેરણાથી તા. ૭-૧-૦૮ ના રોજ ભવ્ય શાકોત્સવ અને ત્રણ દિવસની રાત્રી પારાયણ સ્વામીએ કરી હતી. શાકોત્સવ પ્રસંગે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. અને પોતાના વરદ્ હસ્તે શાકનો સુંદર અલૌકિક વધાર કરીને સભામાં સૌને રૂડા આશીર્વાદ આપ્યા હતા. આ પ્રસંગમાં સાધુ વંદનપ્રકાશદાસ, શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને મહિલા મંડળે સારી સેવા બજાવી હતી. સૌ ભક્તજનો પ્રસાદ લઈ ધન્ય બન્યા હતા. *(કોઠારીશ્રી)*

## વક્તાપુર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી તા. ૬-૧-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવ સંત-હરિભક્તોએ સાથે મળી ઉજવ્યો હતો. આ પ્રસંગે સત્યસંકલ્પદાસ, ઉનાવાના અને પ્રાંતીજના મહંત સ્વામીએ પ્રસંગોચિત કથાવાર્તા કરી હતી. વક્તાપુર, ખેરોલ, તોરણીયા અને કલ્યાણપુરા ગામના હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

*(કોઠારીશ્રી)*

## ડીસા (બનાસકાંઠા) શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા ધોળકા મંદિરના મહંત શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજીની પ્રેરણાથી તા. ૬-૧-૦૮ ના રોજ મંદિરમાં ભવ્ય શાકોત્સવ ઉજવાયો. જેના યજમાન પદનો લાભ પ.ભ. અ.નિ. વેલજીભાઈ ધરમશીભાઈ ચૌહાણ (જામસર-હાલાર) પરિવારે લીધો હતો. પ્રાસંગિક સભામાં શા. સ્વામી પૂર્ણપ્રકાશદાસજી, શા. ચંદ્રપ્રકાશદાસજી, શા. સિધ્ધેશ્વરદાસજી અને દિવ્ય સ્વરૂપદાસે શાકોત્સવ પ્રસંગની લીલા વિષે કથા વાર્તા કરી હતી. સમગ્ર ડીસાના હરિભક્તોએ આ પ્રસંગનો મહાલાભ લીધો હતો. *(ગુણવંતભાઈ દેવજીભાઈ)*

## આદિશ્વર નગર નરોડા

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી ધનુર્માસમાં અલૌકિક મહામંત્ર ધૂન સવારના ૫ થી ૬ કરવામાં આવતી હતી. તા. ૧૩-૧-૦૮ના રોજ શાકોત્સવ પ્રસંગે નારણઘાટ મંદિરના મહંત સ્વામી તથા જમીયતપુરા, નિકોલ, કોટેશ્વર અને વહેલાલથી સંતોએ પધારી કથાનો દિવ્ય લાભ આપેલ. આ પ્રસંગમાં કૌશિકભાઈ, મહાદેવભાઈ, જસ્મિન, દિલીપ, દિવ્યેશ અને જયેશભાઈ આદિ સૌ યુવા અને વડીલ હરિભક્તો દરેક પ્રસંગમાં સુંદર સેવા બજાવે છે. *(બહાદુરસિંહ રાઓલ)*

## પાટડી શ્રી સ્વામિનારાયણ મંદિર

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૧-૧૨-૦૭ થી તા. ૨૫-૧૨-૦૭ દરમ્યાન હરિભક્તોએ ટ્રેન્ટ, પાટડી, વિરમગામ - મખીયાવ, બાવળા - ધોળકા આદિ પ્રસાદીના અલૌકિક મંદિરોમાં દર્શન કરતા ધોલેરા મંદિર ઠાકોરજીના દર્શન કરી પદયાત્રા પૂર્ણ કરી હતી. જેમાં ૧૩૦ જેટલા ભાઈઓ અને બહેનો જોડાયા હતા. *(નારણજી તલાટી)*

## ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે ગોમતીપુર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન હરિભક્તોએ સાથે મળી આખો માસ પર્યન્ત કરી હતી. *(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ)*

## મહુન્દ્રા મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને શા.સ્વામી હરિજીવનદાસજીની પ્રેરણાથી આખો ધનુર્માસ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સર્વે હરિભક્તોએ સાથે મળી કરી હતી.

*(મનુભાઈ માધાભાઈ પટેલ)*

## રાજપુર (તા. કડી)

ઉત્તર ગુજરાતના શ્રીહરિના પ્રસાદીના રાજપુર ગામે પ.ભ. ગાંડાભાઈ ધનદાસ (હાલ ફલોરિડા અમેરિકા)ના પુત્રો શ્રી બળદેવભાઈ, શ્રી મહેન્દ્રભાઈ આદિ પરિવાર તરફથી તા. ૧૦-૧-૦૮ થી તા. ૧૨-૧-૦૮ પર્યન્ત પ.પૂ.ધ.ધુ. આચાર્યશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી શ્રીમદ્ ભાગવત પારાયણની કથા સ.ગુ. શા.સ્વા. નિર્ગુણદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગે તા. ૧૨-૧-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સંત-મંડળ સાથે પધાર્યા હતા. ગામના સમસ્ત હરિભક્તોએ પ.પૂ. આચાર્ય મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત સામૈયું કર્યું હતું. બહેનોના આગ્રહ ભર્યા આમંત્રણથી પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ મોટા ગાદીવાળાશ્રીએ પધારીને બહેનોને દર્શન આશીર્વાદનું અલૌકિક સુખ આપ્યું હતું. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ બાદ શ્રી નરનારાયણદેવ તાબાના નૂતન મંદિરનું

વિધિવત ભૂમિપૂજન કર્યું હતું. સમગ્ર આયોજનમાં સંચાલક તરીકે શા.સ્વામી નારાયણવલ્લભદાસજી રહ્યાં હતા. યજમાન પરિવાર તરફથી સમસ્ત ગામને પ્રસાદ જમાડવામાં આવેલ.

*(શા. નારાયણવલ્લભદાસ)*

### ડાંગરવા શ્રી સ્વામિનારાયણ મંદિર

શ્રીહરિના પ્રસાદીના અલૌકિક ડાંગરવા ગામમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી પાટીદાર શ્રી સ્વામિનારાયણ મંદિરના ૫ માં પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૧૭-૧૧-૦૭ થી ૧૯-૧૧-૦૭ પર્યન્ત શ્રીમદ્ શિક્ષાપત્રી ભાષ્યની ત્રિદિનાત્મક પારાયણ શા.સ્વા. ચંદ્રપ્રકાશદાસજીના વક્તાપદે થઈ હતી. આ પ્રસંગમાં ડાંગરવાના રાણીપમાં વસતા હરિભક્તો પદયાત્રા કરીને ડાંગરવા પધાર્યા હતા. તા. ૧૯-૧૧-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે ઠાકોરજીના પાટોત્સવની આરતી અને કથાની પૂર્ણાહુતિ થઈ હતી. પ્રાસંગિક સભામાં વાલી મંદિરના દેવ સ્વામી, શા.સ્વામી સિધ્ધેશ્વરદાસ તથા વિદ્વાન સંતોએ પ્રેરક પ્રવચન કરેલ. છેલ્લે સમસ્ત સભાને પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

*(કોઠારીશ્રી)*

### વસઈ ડાભલા શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસ પર્યન્ત મહામંત્ર ધૂન અને કથા વાર્તા અને પ્રસાદ વગેરે આયોજન થયા હતા.

તા. ૨૧-૧-૦૮ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજ ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્ય શાકોત્સવ અલૌકિક વધાર કરીને ઉજવ્યો હતો. પ્રાસંગિક સભામાં વિદ્વાન સંતોની પ્રેરક વાણી અને છેલ્લે પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સૌને પ્રાપ્ત થયા હતા.

*(રજનીભાઈ)*

### મોટેરામાં રાત્રી સભા

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞાથી પવિત્ર ધનુર્માસમાં તા. ૨૨-૧૨-૦૭ થી તા. ૩૦-૧૨-૦૭ પર્યન્ત રોજ રાત્રે ૮-૩૦ થી ૧૧ સુધી ધીરજાખ્યાનની સુંદર કથા શાસ્ત્રી સ્વામી રામકૃષ્ણદાસજીના વક્તાપદે થઈ હતી. તા. ૩૦-૧૨-૦૭ ના રોજ પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી પધાર્યા હતા. તેઓશ્રીના વરદ્ હસ્તે કથાની પૂર્ણાહુતિ અને શાકોત્સવ ધામધૂમથી સંપન્ન થયો હતો.

કથાના યજમાન શ્રી બળદેવભાઈ ફુલાભાઈ પટેલ અને શાકોત્સવના યજમાન સંકલ્પ ગૃપે લાભ લીધો હતો. સમગ્ર આયોજનમાં શ્રી નરનારાયણદેવ યુવક મંડળ સેવામાં અગ્રેસર હતા. આયોજનમાં નાના પી.પી. સ્વામી રહ્યાં હતાં.

*(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ, મોટેરા)*

### પાટણ શ્રી સ્વામિનારાયણ મંદિર (બહેનોનું) ૧૪ મો પાટોત્સવ ઉજવાયો

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સાં.ભક્તિબા - હીરાબાની પ્રેરણાથી અત્રે મંદિરમાં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગના ઉપલક્ષમાં તા. ૧૫-૧૨ થી ૧૯-૧૨-૦૭ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ સાં. કોકીલાબા (સુરેન્દ્રનગર મંદિર)ના વક્તાપદે થઈ હતી. પ્રથમ દિને પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રી પધાર્યા હતા. અને સૌ બહેનોને રૂડા આશીર્વાદ આપી સુખીયા કર્યા હતા. રેખાબેન ઠક્કર, પ્રભાબેન સોની તથા મીતાબેનના ઘરે પ.પૂ. ગાદીવાળાશ્રીએ પધારીને તેમનું ઘર પાવન કરી રાજી થયા હતા. અને તે સૌને આશીર્વાદ આપ્યા હતા. ગામો ગામથી બહેનોએ પધારીને કથાનો લાભ લીધો હતો. સભા સંચાલન સાં. ઉષાબાએ કર્યું હતું.

*(કોઠારી વિનુભાઈ)*

### આમજા (બાલવા) સત્સંગ સભા

આમજા ગામે તા. ૨૩-૧-૦૮ના રોજ (અમદાવાદ મંદિરમાં ગલ્લા પેટીમાં સેવા બજાવતા) અ.નિ. પ.ભ. રામાભાઈ રાયસંગભાઈ ચૌધરીના અક્ષરવાસ નિમિત્તે શ્રધ્ધાંજલિ સભા યોજવામાં આવી હતી. જેમાં વિસનગરથી પ.ભ. ઉદયનભાઈ મહારાજા અને શ્રી નરનારાયણદેવ યુવક મંડળ અને ચૌધરી ગામના સભ્યો બાલવા, બદપુરા, બાપુપુરા, મકાખાડ, માણેકપુરા આદિ ગામોના હરિભક્તોએ તેમના સદ્ગુણો અને શ્રી નરનારાયણદેવ ગાદી પરત્વેની નિષ્ઠાને બિરદાવીને તેમને ભાવભીની શ્રધ્ધાંજલિ અર્પી હતી.

*(શ્રી ન.ના.દેવ યુવક મંડળ, બાલવા)*

### ઊંઝા (પંચવટી) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે પંચવટી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી ધનુર્માસમાં છેલ્લા ૨૪ વર્ષથી સવારે ૫ થી ૬ શ્રી સ્વામિનારાયણ નામ સ્મરણ સાથે ઊંઝાની શેરીઓમાં પ્રભાતફેરીનું આયોજન નિયમિત થાય છે. આ પ્રસંગમાં ઘણા હરિભક્તો પોતાના ઘરે પ્રભાતફેરીના ભક્તોને બોલાવીને ધૂન કરાવી પ્રસાદ વહેંચે છે. ત્યારબાદ મંદિરમાં મંગળા આરતી કરીને ધૂન-ભજન-કીર્તન થાય છે. તા. ૧૩-૧-૦૮ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો. જેમાં પ્રાથમિક શાળાના બાળકો અને બાળ મંદિરના બાળકોને પ્રસાદ વહેંચવામાં આવેલ. *(રામજીભાઈ)*

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

### મૂળીની મહા પ્રસાદીની જ્ઞાનવાવે શાકોત્સવ

મૂળીમાં આવેલ મહાપ્રસાદીની જ્ઞાનવાવ જ્યાં સ.ગુ. બ્રહ્માનંદ સ્વામીને મૂળી મંદિરના નિર્માણ સમયે શ્રીહરિએ ભરવાડનો વેષ ધારણ કરીને પાણીની મુશ્કેલી દૂર થાય તે માટે વાવ અને પથ્થરની ખાણ બતાવેલ. જે અલૌકિક ભૂમિ ઉપર પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ના શુભ વરદ્ હસ્તે તા. ૮-૧-૦૮ ના રોજ ભવ્ય દિવ્ય શાકોત્સવ ઉજવાયો હતો. આ સમગ્ર પ્રસંગ સુ.નગરના મહંત સ્વામી પ્રેમજીવનદાસજી તથા મૂળીના સ્વામી શ્યામસુંદરદાસજીની પ્રેરણાથી થયો હતો. આ પ્રસંગમાં ધામોધામના સંતો અને મૂળી દેશના ગામોના હરિભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગમાં શા. પ્રેમવલ્લભદાસના માર્ગદર્શનથી યુવક મંડળે સારી સેવા બજાવી હતી.

*(શૈલેન્દ્રસિંહ ઝાલા)*

### ચરાડવા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ ઉજવાયો

મૂળીશ્રી રાધાકૃષ્ણદેવ તાબાના ચરાડવા શ્રી સ્વામિનારાયણ

મંદિરમાં શ્રી રાધાકૃષ્ણદેવ હરિકૃષ્ણ મહારાજના સાનિધ્યમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તા. ૧૦-૧-૦૮ના ભવ્ય શાકોત્સવ ધામધૂમથી ઉજવાયો. પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના વરદ્ હસ્તે અલૌકિક શાકનો વઘાર થયો ત્યારે સમગ્ર વાતાવરણમાં દિવ્યતા પ્રસરી ગઈ હતી. સમગ્ર આયોજન યુવા મહંત શા. સ્વામી હરિપ્રકાશદાસજીએ કર્યું હતું. શાકોત્સવના યજમાનનો લાભ મોરબીના સાંખ્યયોગી રાજકુંવરબા અને સાંખ્યયોગી ઉષાબા આદિ હરિભક્તોએ લીધો હતો. પ્રાસંગિક સભામાં સંતોની પ્રેરક વાણી અને છેલ્લે ઉપસ્થિત સમસ્ત સંત હરિભક્તોને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગમાં જેતલપુરથી મહંત કે.પી. સ્વામી, શા.માધવ સ્વામી, અમદાવાદથી વી.પી. સ્વામી, વિષ્ણુ સ્વામી, રામ સ્વામી તેમજ અયોધ્યાના યોગી સ્વામી, માધવ સ્વામી અને મૂળીથી જે.પી. સ્વામી, અનિરુદ્ધ સ્વામી, ધર્મપ્રિયદાસ સ્વામી, શા. છપૈયાપ્રસાદ અને વડીલ હરિપ્રિય સ્વામી વગેરે સંતો ઉપસ્થિત રહ્યાં હતા. *(વી.પી. સ્વામી)*

### લીંબડી તપોવન મંદિર

અત્રે તપોવન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તેમજ જેતલપુર ધામના પૂ. પી.પી. સ્વામી અને પૂ. શા. મહંત સ્વામી આત્મપ્રકાશદાસજીની પ્રેરણાથી સાધુ ભક્તવત્સલદાસ અને સંત મંડળે મૂળી દેશના ગામોમાં સત્સંગ શિબિર દ્વારા કથા વાર્તાનું આયોજન કરેલ. પ્રશ્ન પેટીના સંપાદક શા. સ્વામી ભક્તિનંદનદાસ અને જે.જે. બારેવડીયા દ્વારા બાળકોને પ્રશ્નોત્તરીની સ્પર્ધા દ્વારા જ્ઞાન સાથે ગમ્મત જેવુ પ્રેરણાત્મક માર્ગદર્શન પુરૂં પાડ્યું હતું. ભક્તિ સ્વામીએ દેવ, આચાર્ય મહારાજશ્રીની વફાદારી રાખી નિષ્ઠા મજબૂત કરવા સમજાવ્યું હતું. આખો ધનુર્માસ અત્રે મંદિરમાં ધૂન કરવામાં આવી હતી. *(સાધુ વંદનપ્રકાશદાસ, જેતલપુરવાડી)*

### ઘનશ્યામનગર (તા. હળવદ)

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અત્રે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં મહામંત્ર ધૂન અને કથા વાર્તામાં શ્રી નરનારાયણદેવ ગાદીને વફાદાર રહેવા અને મૂળી શ્રી રાધાકૃષ્ણદેવનો અડગ પક્ષ રાખવા ઉપર હરિભક્તોએ પ્રવચન કરેલ. આ પ્રસંગે સંતોએ પણ સુંદર વાતો કરી હતી. રોજે ૨૦૦ જેટલા હરિભક્તો ધૂનમાં લાભ લેવા પધારતા હતા.

*(શ્રી નરનારાયણદેવ યુવક મંડળ ગોરધનભાઈ શીવાભાઈ)*

### ભચાઉ (કચ્છ) શ્રી સ્વામિનારાયણ મંદિર

ભચાઉ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી અને ભૂજ મંદિરના મહંત સ્વામીની પ્રેરણાથી ધનુર્માસમાં નિત્યે વહેલી સવારે મહામંત્ર ધૂન અને તા. ૧૩-૧-૦૮ ના ભવ્ય શાકોત્સવ પરમાબેન શામજી કરશન નિસર અને દિવાળીબેન ખીમજી પુનસી નીસર તરફથી થયો હતો. તા. ૧૫-૧-૦૮ ના રોજ પ્રભાત ફેરી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરતા કરતા ગામમાં ફરી હતી. આ પ્રસંગે ગામના સમગ્ર ભક્તજનોએ અલૌકિક લાભ લીધો હતો.

*(બાબુલાલ નાનજી ખુથીયા)*

## વિદેશ સત્સંગ સમાચાર

### કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં (I.S.S.O. અમેરિકા) ધનુર્માસની ઉજવણી

આપણા કોલોનીયા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ધનુર્માસમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. મોટા મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ આદિ સ્વરૂપોની સમક્ષ મંગળા આરતી પહેલા શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરવામાં આવતી હતી. જેમાં દૂર દૂરના ચેરિહિલ, એટલાન્ટીક સીટી, પારસીપેની, ન્યુયોર્ક, ફિલાડેલ્ફીયા અને ન્યુજર્સીના હરિભક્તો મોટી સંખ્યામાં લાભ લેવા પધારતા હતા. મંગળા આરતી બાદ સભામાં સ્વામી વિશ્વપ્રકાશદાસે સ.ગુ. નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રી પુરૂષોત્તમપ્રકાશગ્રંથની કથા દ્વારા સર્વોપરિ શ્રીજી મહારાજ અને શ્રીહરિનું દિવ્ય ધર્મકુળ-આચાર્ય મહારાજશ્રીનો સુંદર મહિમા માહાત્મ્ય દ્રષ્ટાંત-ઉદાહરણ સહિત સમજાવતા હતા. શ્રીહરિ પ્રસ્થાપિત બે દેશની ગાદીની નિશ્રામાં જ મોક્ષ-કલ્યાણ સમાયું છે. શિક્ષાપત્રી પ્રમાણે વર્તવા સ્વામીએ સમજાવ્યું હતું. અહીં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સરસ ચાલે છે. *(પ્રવિણભાઈ શાહ)*

### વોશિંગ્ટન બુવી મેરીલેન્ડ (I.S.S.O. અમેરિકા)

અહીંયા I.S.S.O. ચેપ્ટરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપા-આશીર્વાદથી સત્સંગ સભા નિયમિત અને અચૂક થાય છે.

૧ ડિસેમ્બરના રોજ શનિવારના સાંજના ૨ કલાક ઠાકોરજી સમક્ષ ભજન-કીર્તન વચનામૃત (૨૭૩) વાચન નિત્ય નિયમ થાળ-આરતી સમૂહમાં કરવામાં આવી હતી.

૨૨ ડિસેમ્બરના શનિવારના એક ભવ્ય હોલમાં સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સતત ૫ કલાક ચાલેલી સભામાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી સાથે ઈન્ડીયાથી પધારેલા પ્રયાગરાજ મંદિરના કોઠારી સાધુ ધર્મકિશોરદાસ તથા ન્યુજર્સી મંદિરના મહંત શા. માધવજીવનદાસજી તથા હજુરી પા. કનુભગત આદિ સંત-પાર્ષદ મંડળનું સૌ પ્રથમ ફુલહારથી હરિભક્તો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ સંતોએ "આજ મારે ઓરડે" પદથી સભાનો પ્રારંભ કરતા શ્રીજી મહારાજ અને ધર્મકુળ મહિમા-માહાત્મયની અદ્‌ભુત વાતો અને નંદ સંતો રચિત કીર્તનો ગાયા હતા. સંતોએ જણાવ્યું હતું કે હવેથી દર માસે હોલમાં સભા રાખવામાં આવશે. ફિલાડેલ્ફીયા અને ન્યુજર્સીથી હરિભક્તો પણ સભામાં લાભ લેવા પધાર્યા હતા. અને ચેરિહીલ ન્યુજર્સી મંદિરથી હરિભક્તો દર માસે સભા પ્રસંગે એક આપણા સંતને સાથે લાવશે. જેથી હરિભક્તોને કથા-વાર્તાનો વિશેષ લાભ મળશે. સંતો અને હરિભક્તોંએ ઠાકોરજીને નિત્ય નિયમ, થાળ-આરતી કરીને પ્રસાદ વહેંચવામાં આવેલ. આમ ત્રણ દિવસ સંત-પાર્ષદ મંડળે હરિભક્તોને લાભ આપ્યો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગની પ્રવૃત્તિ સુંદર ચાલે છે. *(કનુભાઈ પટેલ)*

### લેસ્ટર (U.K, I.S.S.O.) શ્રી સ્વામિનારાયણ મંદિર

અત્રે લેસ્ટર આપણા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તા. ૨૨-૧૨-૦૭ના રોજ પવિત્ર ધનુર્માસમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનની સમૂહ પૂજા યોજવામાં આવી હતી. જેમાં પૂજારીશ્રીએ ૧૦૮ જનમંગલ નામાવલીથી પૂજનનો પ્રારંભ કરાવ્યો હતો. ૪૧ જેટલા હરિભક્તોએ લાભ લીધેલ. રાત્રે ૮ વાગે પૂજા પૂર્ણ થઈ હતી. બહેનો દ્વારા પ્રસાદની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. લેસ્ટર અને અન્ય શહેરના ભક્તજનોએ આ પ્રસંગે દર્શનનો લાભ લીધો હતો. પ.પૂ. આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞા-આશીર્વાદથી લેસ્ટર મંદિરમાં બાળકો માટે દર શનિવારે સાંજે ૭ થી ૮ સત્સંગની પ્રવૃત્તિમાં સત્સંગ કલાસીસ શ્રી હિતેનભાઈ હિરાણી અને ભક્તિ સંગીત શ્રી રતિભાઈ હિરાણીના માર્ગદર્શનથી સુંદર રીતે ચાલી રહ્યાં છે. પ.પૂ. મોટા મહારાજશ્રી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની કૃપાથી સત્સંગ દિન પ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે.

*(સહમંત્રી, કિરણ ભાવસાર)*

### શ્રી સ્વામિનારાયણ મંદિર પર્થ (ઓસ્ટ્રેલીયા)

આપણા પર્થ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી ની આજ્ઞાથી અત્રે સત્સંગ પ્રચાર અર્થે આવેલા સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી અને શાસ્ત્રી રામકૃષ્ણદાસ તા. ૭-૧૧-૦૭ થી ૧૦-૧૧-૦૭ સુધી સતત ૪ દિવસ સત્સંગ સભાનો લાભ આપેલ. તા. ૯-૧૧-૦૭ રવિવારના રોજ સાંજના ૩ થી ૬ સુધી મોટી સભા યોજવામાં આવી હતી. જેમાં ઠાકોરજીની સંધ્યા આરતી બાદ સંતોએ ઈષ્ટદેવનો મહિમા-માહાત્મય અને ધર્મકુળનું માહાત્મય સુંદર રીતે સમજાવ્યું હતું. સંતોના આગમનથી હરિભક્તોને બળ મળ્યું હતું. સૌ હરિભક્તો પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના દર્શન-આશીર્વાદ માટે પ્રતિક્ષા કરી રહ્યાં છે. અહીં પ.પૂ. મહારાજશ્રીની કૃપાથી સત્સંગ સભા આદિ કાર્યક્રમ હરિભક્તો દ્વારા નિયમિત થાય છે.

*(મંત્રીશ્રી મનજીભાઈ શીવજી ભંડેરી)*

## પ.પૂ. મોટા મહારાજશ્રીએ જાહેર સભામાં પ.ભ. દિપકભાઈના શુભ સ્વાસ્થય માટે આશીર્વાદ આપ્યા અને બધા રિપોર્ટ નોર્મલ આવ્યા.

સર્વાવતારી શ્રીજી મહારાજના સમયમાં અદ્‌ભુત પરચો પામેલા કુંડાળ ગામના ભક્તરાજ કલા ભગતના વંશના પ.ભ. નગીનભાઈ રામાભાઈ પટેલના યુવાન પુત્ર દિપકભાઈને અસાધ્ય મહારોગની બીમારી લાગુ પડી ! અમદાવાદ શહેરના નામાંકિત ડૉકટરોએ હાથ ધોઈ નાખ્યા ! તા. ૨૩-૩-૨૦૦૭ ના રિપોર્ટમાં આંતરડાના કેન્સરનું નિદાન થયું. તેમાં ઓપરેશનની શક્યતા હતી જ નહીં. આખા પરિવાર ઉપર આભ તૂટી પડ્યું. આ સમાચાર જાણી સૌ દુઃખી થઈ ગયા. પણ આ પરિવારની નિષ્ઠામાં કોઈ કમી ન હતી ! એટલે તેમને અંતર્યામી એ રસ્તો સૂઝાડ્યો. છેવટે કૃપા સાગર - દયા સાગર અને પોતાના લાખો આશ્રિતો માટે જેમનામાં અનુકંપા અને દયા રહેલી છે. તેવા પરમ પૂજ્ય મોટા મહારાજશ્રીના દર્શને ગયા ને સમગ્ર હકીકત જણાવી. ઘડીભરતો પ.પૂ. મોટા મહારાજશ્રી પણ માનવા તૈયાર ન હતા. તેઓશ્રીએ બધા રિપોર્ટ જોઈને આશીર્વાદ આપતા કહ્યું : શ્રી નરનારાયણદેવ ઉપર શ્રધ્ધા રાખજો. તે બધું સારું જ કરશે. અને પ.પૂ. આચાર્ય મહારાજશ્રીની પૂજામાં પરંપરાગત શ્રી નીલકંઠવર્ણીએ પૂજેલા 'શાલીગ્રામ' ભગવાનનો નિત્ય ષોડશોપચાર અભિષેક થાય છે તે અલૌકિક પ્રસાદીનું જળ નિત્યે લેવા આજ્ઞા કરી. અને ચૈત્ર વદ-૩ તા. ૫-૪-૨૦૦૭ના પોતાના પ્રાકટ્યોત્સવ પ્રસંગની અમદાવાદ મંદિરની સભામાં લાખો સંત-હરિભક્તોએ આપેલી શુભેચ્છા આશીર્વાદ રૂપે પ.પૂ. મોટા મહારાજશ્રીએ પ.ભ. દિપક ભાઈનું સ્વાસ્થ્ય ૧૦૦ ટકા સંપૂર્ણ નિરોગી થાય તે માટે અર્પણ કરી દીધી ! હજારો-લાખો માનવોની જાહેર સભામાં એક યુવાન હરિભક્તને આશીર્વાદ વરસાવીને આવું કહેવું એ ભગવાન સ્વયં કહી શકે અથવા તેમના અંશ-પુત્ર ધર્મવંશી આચાર્યશ્રી જ કહી શકે. તે સિવાય બોલેલાનું બધું ફોક થાય. અને શ્રી દિપકભાઈના છેલ્લા પરફેકટ રિપોર્ટ પ્રમાણે તેઓ હવે સંપૂર્ણ પણે રોગમુક્ત બન્યા છે. તેમનો સમસ્ત પરિવાર પ.પૂ. મોટા મહારાજશ્રીના આવા અલૌકિક આશીર્વાદ અને કૃપાથી ભવોભવના ઋણી બન્યાનો અહેસાસ કરે છે.

*(દિપકભાઈ દ્વારા લખાયેલ પત્રનો અંશ)*

# શ્રી સ્વામિનારાયણ માસિક ભેટ યોજના

| | |
|---|---|
| ૧૦૧-૦૦ શ્રી જિજ્ઞેશભાઈ લાલજીભાઈ પટેલ પુણ્ય એન્ટરપ્રાઈઝ બિજનેશ નિમિત્તે | કલોલ |
| ૧૦૧-૦૦ શ્રી તારાબેન લાલજીભાઈ પટેલ ચિ. મિતના જન્મ પ્રસંગે | સઈજ |
| ૧૦૧-૦૦ શ્રી મુકતાબેન બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી જગદીશ બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી ભરત બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી કીર્તિકુમાર બચુલાલ પરમાર શ્રીજી પ્રસન્નાર્થે | યુ.એસ.એ. |
| ૧૦૧-૦૦ શ્રી મહેન્દ્રકુમાર બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી દિલીપ બચુલાલ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામ જગદીશ પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ નાઈરોબી |
| ૧૦૧-૦૦ શ્રી જય કીર્તિકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ યુ.એસ.એ. |
| ૧૦૧-૦૦ શ્રી હાર્દિક દિલીપકુમાર પરમાર શ્રી નરનારાયણદેવ પ્રસન્નાર્થે | ધૂળકોટ વિલેપાર્લા |
| ૧૦૦-૦૦ શ્રી દિનેશભાઈ કાંતિભાઈ પટેલ પ.પૂ. આચાર્ય મહારાજશ્રી આકરુંદ પધાર્યા તે નિમિત્તે | |

| | |
|---|---|
| ૧૦૦-૦૦ શ્રી રાજેન્દ્રકુમાર નાગરદાસ અંબાલાલ પટેલ વેલ્યુલર લાયસન્સ મળ્યુ તે નિમિત્તે | સોજા |
| ૨૦૧-૦૦ શ્રી શાંતિલાલ અમરશી મનાણી નવી વેગનઆર લીધી તે નિમિત્તે | (જીરાગઢ) રાજકોટ |
| ૧૦૦-૦૦ શ્રી અલ્પેશભાઈ મંગળભાઈ પટેલ પુત્ર જન્મ પ્રસંગે | રાણીપ |
| ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ કનૈયાલાલ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | મારૂસણા |
| ૧૦૧-૦૦ શ્રી મોતીલાલ કે. મારવી ચિ. યોગેશને ત્યાં પુત્ર જન્મ પ્રસંગે | (જીરાગઢ) સુરત |
| ૧૦૧-૦૦ શ્રી વિનોદ બાબુલાલ વરૂ નવી ગાડી લીધી તે નિમિત્તે | (જીરાગઢ) સુરત |
| ૧૦૧-૦૦ શ્રી અમરશીભાઈ પોપટભાઈ વરૂ ચિ. અશોકભાઈના લગ્ન પ્રસંગે | (જીરાગઢ) સુરત |
| ૧૫૧-૦૦ શ્રી મનોરમાબેન પિયુષભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સુકાટીંબા |
| ૧૦૧-૦૦ શ્રી શૈલેષભાઈ શકરાભાઈ પ્રેમજીભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ધનસુરા |
| ૧૦૧-૦૦ શ્રી અનીલાબેન મુકેશભાઈ પટેલ ચિ. કુશલના જન્મ દિન નિમિત્તે | વાવોલ |
| ૧૦૦-૦૦ શ્રી ભૂપેન્દ્રકુમાર રામાભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી જયવદનભાઈ ડાહ્યાભાઈ મોરી શ્રીજી પ્રસન્નાર્થે | કાલીયાણા |
| ૧૦૧-૦૦ શ્રી મનોજભાઈ મહેશભાઈ ટાંક શ્રીજી પ્રસન્નાર્થે | મીરારોડ-મુંબઈ |
| ૧૦૧-૦૦ શ્રી વ્રજેન્દ્ર એન્ટર પ્રાઈઝ મારૂતિવાન લાવ્યા તે નિમિત્તે | લુણાવાડા |
| ૧૦૦-૦૦ શ્રી અંકિત ઘનશ્યામભાઈ પરસોત્તમદાસ યુ.એસ.એ.ના વિઝા મળ્યા તે નિમિત્તે | વિહાર |
| ૧૦૧-૦૦ શ્રી નારણભાઈ મોતીદાસ પટેલ ચિ. હરેશ તથા રેખાના શુભ લગ્ન પ્રસંગે | કોઠા |
| ૧૦૧-૦૦ શ્રી શૈલેષભાઈ ભોગીભાઈ દુકાન લીધી તે નિમિત્તે | નાંદોલ |
| ૧૦૧-૦૦ શ્રી સ્મિતા આર. પટેલ કેનેડાના વિઝા મળ્યા તે નિમિત્તે | મોખાસણ |
| ૧૦૧-૦૦ શ્રી કેવિન વિશાલકુમાર જન્મ દિન નિમિત્તે | સૈજપુર |
| ૧૦૧-૦૦ શ્રી રૂધનાથ મગનભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | બામરોલી |
| ૧૦૧-૦૦ શ્રી હિતેશકુમાર ખેંગારભાઈ રાઠોડ ચિ. દિશાના જન્મ પ્રસંગે | (જીરાગઢ) કાંદીવલી |
| ૨૦૦-૦૦ શ્રી નિમેષ-અંકિત ધનુર્માસ નિમિત્તે | (રોહીશાળા) મુંબઈ |
| ૧૦૧-૦૦ શ્રી હિરલ મુકેશભાઈ જોબનપુત્રા બી.એ.એમ.એસ.માં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે | મોરબી |
| ૨૫૧-૦૦ શ્રી કેશુભાઈ કાનાભા સિંધવ ચિ. ચિરાગભાઈને ત્યાં પુત્ર કિશિવના શુભ જન્મ પ્રસંગે | (બળોલ-ભાલ) હાંસોલ |
| ૧૦૧-૦૦ શ્રી રેવાબેન રણછોડભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સુકાટીંબા |
| ૧૦૦-૦૦ શ્રી હર્મિશકુમાર મહેશકુમાર પટેલ ચિ. વિશ્વાબેન તથા વિનોદકુમારના જન્મ દિન પ્રસંગે | મારૂસણા |
| ૧૦૧-૦૦ શ્રી માણેકલાલ માધવલાલ પટેલ જેતલપુરની ૧૦૦ પૂનમની પગપાળા કરી તે નિમિત્તે | (મોખાસણ) રાણીપ |
| ૧૦૧-૦૦ શ્રી અંકિત નટવરભાઈ આત્મારામ પટેલ આઈ.ટી.આઈ.માં ૭૧ ટકા એ પાસ થયા તે નિમિત્તે | વડુ |
| ૧૦૦-૦૦ શ્રી રાજેશભાઈ અંબાલાલ ચૌધરી ઓસ્ટ્રેલીયાના વિઝા મળ્યા તે નિમિત્તે | પ્રતાપપુરા |
| ૧૦૦-૦૦ શ્રી જયેશકુમાર રમણલાલ રામદાસ પટેલ લગ્ન પ્રસંગે | આનંદપુરા |
| ૧૦૧-૦૦ શ્રી યશ અશોકભાઈ પટેલ જન્મ નિમિત્તે | મણીયોર |
| ૧૦૧-૦૦ શ્રી શાંતિલાલ ઓધવજીભાઈ પટેલ નવું મકાન લીધું તે નિમિત્તે | મેડા |
| ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામભાઈ પ્રભુદાસ હંસોરા ચિ. જલ્પાની સગાઈ નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી યોગેશકુમાર ધીરૂભાઈ ખેર લગ્ન પ્રસંગે | બળોલ-ભાલ |
| ૧૦૦-૦૦ શ્રી મયુરાબેન શિવમકુમાર રાઠોડ શ્રીજી પ્રસન્નાર્થે | સીડની |
| ૧૦૧-૦૦ શ્રી રૂદ્ર જન્મ દિન નિમિત્તે | કુબડથલ |
| ૧૦૦-૦૦ શ્રી પ્રીતિબેન ધવલકુમાર પટેલ શિક્ષિકાની નોકરી મળી તે નિમિત્તે | નાંદોલ |
| ૩૦૦-૦૦ શ્યામ લેબર કન્ટ્રકશન શ્રી રમેશ આર. મેવાડા શ્રીજી પ્રસન્નાર્થે | બાપુનગર |
| ૧૦૧-૦૦ શ્રી નટુભાઈ બાબુલાલ પટેલ નવી ગાડી લાવ્યા તે નિમિત્તે | સુરત |
| ૧૦૦-૦૦ અ.નિ.અ.સૌ. ધનગૌરી મહેન્દ્રભાઈ શ્રીજી પ્રસન્નાર્થે | ડોંબીવલી મુંબઈ |
| ૨૫૧-૦૦ શ્રી મૌલિક પંકજકુમાર પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | સોજાવાળા-અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી કપિલાબેન પ્રવિણભાઈ પટેલ ઓપરેશન સફળ થયું તે નિમિત્તે | હાથપાળીયા |
| ૧૫૧-૦૦ શ્રી સીતાબેન મગનલાલ પ્રજાપતી કલ્પિત-હેમલત્તા નવા મકાનના વાસ્તુ પ્રસંગે | બીડજ |
| ૧૦૧-૦૦ શ્રી સીતાબેન મગનલાલ પ્રજાપતિ શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ વહેલું પૂર્ણ થાય તે નિમિત્તે | બીડજ |
| ૧૦૦-૦૦ શ્રી ચિમનભાઈ એમ. કાછીયા શ્રીજી પ્રસન્નાર્થે | મલાડ-મુંબઈ |
| ૧૦૧-૦૦ શ્રી કૃપલબેન વિનોદભાઈ ઉપાધ્યાય સગાઈ પ્રસંગે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી કેશવલાલ પરસોત્તમદાસ પટેલ નવું એકટીવા લીધું તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી કેવલ અજીતભાઈ પટેલ શ્રીજી પ્રસન્નાર્થે | ઉવારસદ |
| ૧૦૦-૦૦ શ્રી અમૃતલાલ મગનલાલ ધનુર્માસ નિમિત્તે | અમદાવાદ |

| | |
|---|---|
| ૧૦૧-૦૦ શ્રી રતિલાલ રામદાસ પટેલના સ્મરણાર્થે હા. શૈલેષભાઈ ચિનુભાઈ પટેલ | અમદાવાદ |
| ૨૦૧-૦૦ શ્રી જતન મહેન્દ્રભાઈ પટેલ યુ.કે.માં એસ.એ.પી. પાસ કરી તે નિમિત્તે | ભાત |
| ૧૦૧-૦૦ શ્રી દેવ કેતનકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | નરોડા (ખેરોલ) |
| ૧૦૧-૦૦ શ્રી સ્મિત (રાજા) પંકજકુમાર જન્મ દિન નિમિત્તે | હાંસોલ |
| ૧૦૧-૦૦ શ્રી પ્રાચી કેતન વડોદરીયા જન્મ દિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૦-૦૦ શ્રી દશરથભાઈ લાલજીભાઈ ઠક્કર તેમના માતુશ્રી જસુબાના સ્મરણાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી મૃદંગ દિવેશ પટેલ જન્મ દિન નિમિત્તે | કપડવંજ |
| ૨૦૧-૦૦ શ્રી કનુભાઈ હરિભાઈ પટેલ સ્કુલની નોકરીમાં પગાર વધ્યો તે નિમિત્તે | કાનપુરા |
| ૨૦૧-૦૦ શ્રી કૌશિકભાઈ દામોદરભાઈ પંડ્યા નિવૃત્તિ નિમિત્તે | પ્રાંતીજ |
| ૧૦૧-૦૦ શ્રી હર્ષકુમાર રાજેશભાઈ વરૂ ઉત્તરાયણ નિમિત્તે | (જીરાગઢ) સેટેલાઈટ |
| ૧૦૧-૦૦ શ્રી હેમેન્દ્રકુમાર શાંતિલાલ નવું એકટિવા લાવ્યા તે નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી દર્શનકુમાર રાજેશભાઈ વરૂ ઉત્તરાયણ નિમિત્તે | (જીરાગઢ) સેટેલાઈટ |
| ૧૦૧-૦૦ શ્રી રમણીકભાઈ મોહનભાઈ વરૂના સ્મરણાર્થે | (જીરાગઢ) સેટેલાઈટ |
| ૧૦૧-૦૦ શ્રી જોઈતારામ જેઠાલાલ મારફતીયા પુણ્ય તિથિ નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી શિવકોરબા જોઈતારામ મારફતીયા પુણ્ય તિથિ નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી પુરુષોત્તમ જોઈતારામ મારફતીયા ભગવાનના પ્રાકટ્યોત્સવ પ્રસંગે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી મધુબેન પુરુષોત્તમદાસ મારફતીયા શ્રીજી પ્રસન્નાર્થે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી પારૂલ મનુલાલ પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી નિલેશકુમાર પરસોતમદાસ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી રૂપા અતુલકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી ઘનશ્યામ (સૌરભ) પુરુષોત્તમદાસ પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી મનીષા નિલેષકુમાર મારફતીયા જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી અમન નિલેશકુમાર મારફતીયા જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી સૃષ્ટિ નિલેશકુમાર જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી ભૂમિ મનુકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી પાર્થ મનુકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી વિરલ મનુકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી નેહાલી અતુલકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી સહેલી અતુલકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૧-૦૦ શ્રી આદિ અતુલકુમાર પટેલ જન્મ દિન નિમિત્તે | અમેરિકા |
| ૧૦૦-૦૦ શ્રી જિનેશકુમાર સુમનભાઈ પટેલ વિદેશગમન નિમિત્તે | સાબરમતી |
| ૧૦૦-૦૦ એક હરિભક્ત શ્રીજી પ્રસન્નાર્થે | અમદાવાદ |
| ૧૦૧-૦૦ શ્રી પુષ્પાબેન કુબેરદાસ દેસાઈ જન્મ દિન નિમિત્તે | અમદાવાદ |
| ૧૦૨-૦૦ શ્રી ગીતાબેન પ્રવિણભાઈ સોની મહાપૂજા નિમિત્તે | મણીનગર |
| ૨૫૧-૦૦ શ્રી પરસોત્તમદાસ શંકરભાઈ પટેલ ચિ. તેજેન્દ્ર બી.ફાર્મમાં ફર્સ્ટ ક્લાસ પાસ થયા તે નિમિત્તે | કડી |
| ૧૦૦-૦૦ શ્રી પટેલ નારણભાઈ બબલદાસ શ્રીજી પ્રસન્નાર્થે | મેઘાણીનગર |

## અક્ષરનિવાસી સંત-હરિભક્તોને ભાવભીની શ્રદ્ધાંજલિ

**અમદાવાદ કાલુપુર શ્રી સ્વામિનારાયણ મંદિર :** (હાલ નાથદ્વારા મંદિર)ના સંત સ્વા. ગોવિંદપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિશ્ચંદ્રપ્રકાશદાસજી તા. ૨૫-૧-૦૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** પ.ભ. કૌશિકભાઈ વ્રજલાલભાઈ પાટડીયાના પુત્ર અને પ.ભ. ડૉ. હર્ષદભાઈ ઝિંઝુવાડીયાના ભાણેજ પ.ભ. હરિ તા. ૧૦-૧-૨૦૦૮ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે. શ્રીહરિ તેમના પરિવાર ઉપર આવેલી આપત્તિને સહન કરવાનું બળ આપે અને ચિ. હરિને પોતાના ધામના ધામે સુખીયા રાખે તેવી પ્રાર્થના છે.

**વડુ :** પ.ભ. સૂરજબેન મગનલાલ પટેલ (જેઓએ પોતાનું કિંમતી ઘર મંદિરને અર્પી દીધેલું) તા. ૧૦-૧-૨૦૦૮ ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**અમદાવાદ :** અ.સૌ. શારદાબેન કે. શાસ્ત્રી તા. ૧૭-૧૨-૨૦૦૭ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**આમજા :** પ.ભ. રામાભાઈ રાયસંગજી ચૌધરી (ચાંદીસણાવાળા - ગલ્લાપેટીની સેવા કરતા) તા. ૧૪-૧-૦૮ના રોજ શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત સ્વામી નારાયણસ્વરૂપદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ વતી પ્રકાશિત કર્યું.




સંત મહાદીક્ષા આપતા પ.પૂ. આચાર્ય મહારાજશ્રી



કાંકરિયા-રામબાગ નિર્માણાધિન મંદિરની તસવીર

# શાકોત્સવ




નારણઘાટ




આપણા ઈસ્ટ આફ્રિકા સ્વા. સત્સંગ મંડળ નાઈરોબી મંદિરમાં અસરગ્રસ્તોને જીવન જરુરિયાતની વસ્તુઓનું વિતરણ કરતા ભુજ મંદિરના સંતો સાથે પ.ભ.લક્ષ્મણભાઈ રાઘવાણી



જીવરાજપાર્ક



નવાવાડજ





અમદાવાદ કાલુપુર નિજ મંદિરનું શિલ્પ સ્થાપત્યનું ધમધોકાર ચાલતું કામ


Under postal Regd. No. GAMC. 003 Issued SSP And Valid up to 31-12-08 Licenced to Post Without Prepayment No. AM-019 valid upto 31/05/2008





પ.ભ. રસિકભાઈ સોનીને ત્યાં ઉત્તરાયણ પર્વ પ્રસંગે આ અલૌકિક શ્રીહરિના અપર સ્વરુપોની
જેમના પતંગ ઉપર દ્રષ્ટિ પડી તેમનું નિશ્ચે કલ્યાણ સમજજો

મુંબઈ વિલેપાર્લે આપણા ભુજ મંદિર સંચાલિત વિશ્રાંતિભુવનના દશાબ્દી મહોત્સવ પ્રસંગે કેક કાપતા પૂ. મહારાજશ્રી, સાથે અલૌકિક લાભ લેતા ભુજના મહંત સ્વામી, શા.સ્વા. ભક્તિવલ્લભદાસજી અને સંતો



પ.ભ.પ્રવિણભાઈ કોટકના બોપલના ફાર્મ હાઉસ પર
સત્સંગ યુવા શિબિર પ્રસંગે પૂ. મહારાજશ્રી અને
પૂ. લાલજી મહારાજ ક્રિકેટ રમીને સંત-હરિભક્તોને રાજી કરતા.



Prafful Kharsani